CMYK

RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ આસો સુદ -૭   શનિવાર તા.૧૭-૧૦-૨૦૨૬   અંક : ૨૯૩ વર્ષ : ૨૩   news@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# ખાટુશ્યામ જતાં શ્રદ્ધાળુઓની બસ ખાડામાં ખાબકી, ૮ના મોત

## દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર ,બસમાં સવાર મુસાફરોમાં ચીસાચીસ અને અફરાતફરી મચી ગઈ



નવીદિલ્હી,

રાજસ્થાનના કોટા જિલ્લામાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર કરાડિયા નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. દિલ્હીથી મુંબઈ તરફ જઈ રહેલી એક મુસાફર બસ અચાનક ચાલકે કાબૂ ગુમાવતા રોડની સાઈડમાં આવેલા ઊંડા ખાડામાં ખાબકી હતી. આ અકસ્માતમાં ૮ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે અનેક મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ સાંપડ્યા છે.

અહેવાલો અનુસાર, દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પરથી પસાર થઈ રહેલી ઝડપી બસ કરાડિયા નજીક પહોંચતા જ અચાનક અનિયંત્રિત થઈ ગઈ હતી. ડ્રાઈવર બસ પરનો કાબૂ ગુમાવી બેસતા બસ ધડાકાભેર રસ્તા કિનારે આવેલા ખાડામાં પલટી મારી ગઈ હતી. અકસ્માત સર્જાતા જ બસમાં સવાર મુસાફરોમાં ચીસાચીસ અને અફરાતફરી મચી ગઈ હતી.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો અને એસએચઓ (SHO) નંદ સિંહ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસ અને સ્થાનિક લોકોએ તાત્કાલિક ધોરણે બસમાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢવાની કામગીરી શરૂ કરી હતી.

### ડ્રાઈવરને ઝોકું આવવાને કારણે અકસ્માતની આશંકા

પોલીસ અધિકારીઓને આશંકા છે કે ડ્રાઈવરને ઝોકું આવી જવાને કારણે અકસ્માત થયો છે. ટ્રાવેલરનો આગળનો ભાગ સંપૂર્ણપણે કચડાઈ ગયો છે. આગળની તરફ બેઠેલા મુસાફરોને સૌથી વધુ ઈજા થઈ છે. અનેક ઘાયલો સીટોની વચ્ચે ફસાઈ ગયા હતા. ગ્રામજનોએ કાચ તોડીને તેમને બહાર કાઢ્યા.

જિલ્લા કલેક્ટર પીયૂષ સમરિયાએ અકસ્માતમાં આઠ લોકોના મોતની પુષ્ટિ કરી છે. બસમાં ભોપાલથી ૨૧ લોકો સવાર હતા, જેમાં વૃદ્ધો અને બાળકોનો સમાવેશ થાય છે. તેઓ ભોપાલથી ખાટુશ્યામજીના દર્શન માટે જઈ રહ્યા હતા.

કોટાના ન્યૂ મેડિકલ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. નીલેશ જૈને જણાવ્યું કે તમામ મૃતકો અને ઘાયલોની ઓળખ થઈ ગઈ છે. મૃતકોનાં નામ અરુણા, વૈષ્ણવી, ત્રિશા, કૃષ્ણા, અનિતા, ઓમ સૂર્યવંશી અને રાજુ છે. બસ ડ્રાઈવરનું પણ મોત થયું છે. આમાંથી ૭નાં મોત ઘટનાસ્થળે જ થઈ ગયાં હતાં. એક ઘાયલનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું.

## AI ટેકનોલોજીમાં મોનોપોલી સર્જવાનો ચીનનો વ્યૂહ

### ૧૪ સેક્ટર્સની કુલ ૨૬ ટેકનોલોજિકલ પ્રોડક્ટની નિકાસ પર પ્રતિબંધ મૂકશે

બેઈજિંગ,

ચીનની સરકારે એક નવો ડ્રાફ્ટ તૈયાર કર્યો છે. રેર અર્થ મિનરલ્સ એટલે કે દુર્લભ ખનીજોની નિકાસ પર પ્રતિબંધ મૂક્યા પછી હવે ચીન એઆઈ, બાયોટેકનોલોજી, સોલર પાવર ટેકનોલોજી જેવા મહત્ત્વના સેક્ટરની પ્રોડક્ટની નિકાસ પર પ્રતિબંધ મૂકવાનું વિચારે છે. ચીન આ પ્રકારની ટેકનોલોજીની નિકાસ અટકાવીને મોનોપોલી સર્જવા માંગે છે.

ચીનના વેપાર અને વિજ્ઞાન વિભાગે સંયુક્ત રીતે એક ડ્રાફ્ટ રજૂ કર્યો છે. ચીને એમાં એવો પ્રસ્તાવ મૂક્યો છે કે એઆઈ, સોલર પાવર, બાયોટેકનોલોજી, જીન થેરપી, સ્ટેમ સેલ સહિતની જે મહત્ત્વની ટેકનોલોજી છે તે દેશના હિતમાં જ રહે તે માટે નિકાસ અટકાવવી જોઈએ. તેનાથી લાંબાગાળે દેશને ફાયદો થશે. ચીનની સરકાર વિશ્વમાં એવું બતાવવા નથી માંગતી કે આ નિર્ણય સરકારે અચાનક લઈ લીધો છે. ડિપ્લોમેટિક બાબતમાં પ્રજામતથી નિર્ણય લેવાયો હોવાનું કહી શકાય તે માટે ચીને આગામી એક માસ માટે લોકોનો ઓપિનિયન મંગાવ્યો છે. એ ઓપિનિયનના આધારે ચીન ૧૪ સેક્ટર્સની કુલ ૨૬ ટેકનોલોજિકલ પ્રોડક્ટની નિકાસ બંધ કરવા ધારે છે.

આવતા વર્ષે જાન્યુઆરીથી આ નિકાસ અટકવવાની ચીનની ગણતરી છે. અગાઉ ચીને દુર્લભ ખનીજો કે જેની ટેકનોલોજીના વિકાસમાં ખૂબ જ મહત્ત્વની ભૂમિકા છે તેની નિકાસ પર પ્રતિબંધ મૂકી દીધો હતો. રેર અર્થ મિનરલ્સમાં ચીનની મોનોપોલી છે.

## ગ્રેટર નોઈડામાં એક જ પરિવારના પાંચનાં શંકાસ્પદ મોતથી હડકંપ

### માતા-પિતા સહિત ત્રણ માસૂમ બાળકોનાં મોતથી વિસ્તારમાં અરેરાટી; ચા અને મેગી ખાધા બાદ તબિયત લથડી હોવાની આશંકા

ગ્રેટર નોઈડા,

ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડામાંથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. રબૂપુરા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ એક જ પરિવારના પાંચ સભ્યોનાં શંકાસ્પદ સંજોગોમાં મોત થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. મૃતકોમાં માતા-પિતા અને તેમનાં ત્રણ માસૂમ બાળકોનો સમાવેશ થાય છે. એક જ ઘરના પાંચ સભ્યોનાં મોતના સમાચારથી સ્થાનિક લોકોમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

પ્રાથમિક માહિતી અનુસાર, પરિવારના સભ્યોએ છેલ્લે ચા પીધી હતી અને મેગી ખાધી હતી. ત્યારબાદ તેમની તબિયત લથડી હોવાની વિગતો સામે આવી છે. આથી કોઈ ઝેરી અથવા દૂષિત ખાદ્યપદાર્થના સેવનને કારણે મોત થયાં હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, આ ઘટના ફૂડ પોઈઝનિંગના કારણે જ બની છે કે તેની પાછળ કોઈ અન્ય કારણ જવાબદાર છે, તે અંગે હજુ સુધી સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો અને તપાસ શરૂ કરી હતી. પોલીસે પાંચેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને તપાસના આધારે જ મોતનું ચોક્કસ કારણ જાણી શકાશે. હાલ પોલીસ તમામ સંભવિત પાસાઓને ધ્યાનમાં રાખીને તપાસ કરી રહી છે.

## ભરૂચ: GIDCમાં ફાર્મા કંપનીમાં, પ્રચંડ બ્લાસ્ટ, ૫ શ્રમિકોના મોત

### ફાર્મા કંપનીમાં મોડી રાતે ૧૫ હજાર લિટરની ક્ષમતા ધરાવતા રિએક્ટરમાં પ્રચંડ બ્લાસ્ટનો અવાજ ૧૫ કી.મી. સુધી સંભળાયો



ભરૂચ,

ગુજરાતના ભરુચ જિલ્લામાંથી એક કરુણાંતિકાના અહેવાલ સામે આવ્યા છે. કાળજુ કંપાવતી આ દુર્ઘટનામાં ભરુચની વાગરા દૈહઝમાં આવેલી સેનઝીલ ફાર્મા કેમ પ્રાઈવેટ લિમિટેડ નામની એક ફાર્મા કંપનીમાં મોડી રાતે ૧૫ હજાર લિટરની ક્ષમતા ધરાવતા રિએક્ટરમાં પ્રચંડ બ્લાસ્ટની ઘટના બની હતી. જેના કારણે ૫ શ્રમિકો ઘટનાસ્થળે જ મૃત્યુ પામી ગયા હતા. જ્યારે અન્ય ૬ની હાલત ગંભીર જણાવવામાં આવી રહી છે.

માહિતી અનુસાર મોડી રાતે અચાનક જ પ્રચંડ ધડાકો થતાં સમગ્ર વિસ્તાર હચમચી ગયો હતો અને જાણે કોઈ મોટો ભૂકંપ આવ્યો હોય તે રીતે ધરા ધ્રૂજી ગઈ હતી. લગભગ આજુબાજુના ૧૫ કિ.મી. જેટલા વિસ્તારમાં આ ધડાકાનો અવાજ સંભળાયો હતો. લોકો ઘરોની બહાર દોડી આવ્યા હતા. હાલમાં ઘાયલ શ્રમિકોની સારવાર ભરુચની એપીએક્સ હોસપિટલમાં ચાલી રહી છે. જ્યારે મૃતકોના મૃતદેહોને ભરુચની સિવિલ હોસ્પિટલમાં ટ્રાન્સફર કરી દેવામાં આવ્યા છે.

શુક્રવારે મોડી રાતે રાસાયણિક પ્રક્રિયા દરમિયાન રિએક્ટરમાં બ્લાસ્ટ થયો હતો. જેના કારણે ફેક્ટરીમાં અફરાતફરી મચી ગઈ હતી. ધડાકો એટલો તીવ્ર હતો કે મશીનરીના પાર્ટ્સ અને ફેક્ટરીના શેડનો કૂચડો બોલાઈ ગયો હતો. આજુબાજુની વસતીના લોકો પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જોકે રિએક્ટરમાં બ્લાસ્ટને કારણે ગેસ ગળતર જેવી સ્થિતિ પણ સર્જાઈ હતી જેના કારણે લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

| મૃતકોના નામ | ઈજાગ્રસ્તોના નામ |
| --- | --- |
| ભાવિક વસાવા | પ્રિયાંશુ કુમાર |
| અર્જુન કુમાર | પવન કુમાર |
| અનિકેત કુમાર | પ્રતીક પ્રજાપતિ |
| જયદીપ પટેલ | મોસમ કુમાર |
| વૃંદ તલાવિયા | શિવ દયાલ |

## ભારતમાં બાળકો પર ઈન્ટરનેટ પ્રતિબંધ નહીં લાગે

### ઈન્ટરનેટ વાપરવું એ બાળકોનો મૂળભૂત અધિકાર,નિયમ તોડતી કંપનીઓને ભારે દંડ કરોઃ સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,

બાળકોને ઈન્ટરનેટથી સંપૂર્ણપણે દૂર રાખવા ઑનલાઈન સુરક્ષાનો યોગ્ય માર્ગ નથી તેમ જણાવતા સુપ્રીમકોર્ટે કહ્યું કે બાળકોને ઈન્ટરનેટનો ઉપયોગ કરવાનો અધિકાર છે, તેથી તેમની સુરક્ષા માટે એવા પગલાં લેવા જોઈએ, જેથી તેઓ ઑનલાઈન જોખમોથી બચી શકે અને ઈન્ટરનેટનો ઉપયોગ પણ કરી શકે. કોર્ટે બાળકોના યૌન શોષણ સંબંધિત કન્ટેન્ટને ઓળખવા અને દૂર કરવા માટે કડક વ્યવસ્થા ઊભી કરવા પર ભાર મૂક્યો છે.

જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ કે.વી. ચંદ્રનની બેન્ચે કેન્દ્ર સરકારને બાળકોના યૌન શોષણ સંબંધિત કન્ટેન્ટનો રાષ્ટ્રીય ડેટાબેઝ બનાવવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે સોશિયલ મીડિયા કંપનીઓને આવા કન્ટેન્ટની જાણકારી પોલીસ અથવા સાયબર ક્રાઈમ પોર્ટલને આપવા અને ફરિયાદો પર સમયમર્યાદામાં કાર્યવાહી કરવા જણાવ્યું છે. કેન્દ્ર સરકારે ૧૦ ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં આગામી સુનાવણી દરમિયાન આ નિર્દેશો પર થયેલી કાર્યવાહી અંગેની માહિતી આપવાની રહેશે.

કોર્ટે કહ્યું કે હાલમાં કોઈ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાંધાજનક કન્ટેન્ટ હટાવ્યા બાદ બીજા પ્લેટફોર્મ પર તેની ઓળખ આપમેળે થઈ શકતી નથી. તેના કારણે એ જ સામગ્રી ઈન્ટરનેટ પર ફરીથી ફેલાતી રહે છે.

### બાળકોને ઓનલાઈન સુરક્ષાની શિક્ષા આપવા પર ભાર

કોર્ટે કહ્યું કે તકનીકી ઉપાયો સાથે બાળકોને ઓનલાઈન જોખમોની ઓળખ કરવી અને તેની ફરિયાદ કરવી પણ શીખવવું જરૂરી છે. બાળકોની ઉંમર અનુસાર સંમતિ, સુરક્ષિત-અસુરક્ષિત સ્પર્શ, ખાનગી માહિતીની સુરક્ષા અને ઓનલાઈન શોષણ જેવા વિષયોને અભ્યાસક્રમમાં સામેલ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ માટે દ્ગઝઈદ્ અને રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓને નિષ્ણાતોની મદદથી અભ્યાસ સામગ્રી તૈયાર કરવાની વાત કહેવામાં આવી છે. કોર્ટે કેન્દ્ર સરકારને નિયમોનું ઉલ્લંઘન કરતી સોશિયલ મીડિયા કંપનીઓ પર આર્થિક દંડ લાદવાની વ્યવસ્થા અંગે વિચારણા કરવા પણ કહ્યું છે. સરકારે ૧૦ ડિસેમ્બર ૨૦૨૬ સુધીની આગામી સુનાવણીમાં આ નિર્દેશોના અમલીકરણની પ્રગતિ વિશે જણાવવું પડશે.

## ટ્રમ્પ ઝૂક્યાંઃ રશિયા પાસેથી ઓઈલ ખરીદીની આપી છૂટ

### ભારત, ચીન સહિતના દેશો પરથી ૧૦૦% ટેરિફની ઘાત ટળીઃ યુએસના રાષ્ટ્રીય હિતમાં નિર્ણય :ટ્રમ્પ

વોશિંગટન,

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને ચીન સહિતના દેશોને મોટો દિલાસો આપતાં રશિયા સાથે જોડાયેલા અનેક કડક પ્રતિબંધો અને ટેરિફ (જકાત) અમલમાં મૂકવા પર રોક લગાવી દીધી છે. આ કડક જોગવાઈઓ લાગુ થવાના માત્ર એક દિવસ પહેલાં જ અમેરિકન પ્રમુખે એક્ઝિક્યુટિવ ઓર્ડર જાહેર કરીને આ મુક્તિ આપી છે. ટ્રમ્પ સરકારના આ નિર્ણયને કારણે ચીન, ભારત, સ્લોવાકિયા અને અઝરબૈજાનને મોટી રાહત મળી ગઈ છે. આ દેશોને રશિયા પાસેથી ઓઈલ ખરીદવાની છૂટ મળી ગઈ છે.

શુક્રવારે મોડી રાત્રે જાહેર કરાયેલા કારોબારી આદેશમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પે સ્પષ્ટતા કરી હતી કે આ નિર્ણય યુએસના "રાષ્ટ્રીય હિત" માં લેવામાં આવ્યો છે. "હું 'ગ્રેહામ એક્ટ' હેઠળ દર્શાવવામાં આવેલા પ્રતિબંધો, નિયંત્રણો અને જકાતોની અમલવારીમાંથી મુક્તિ આપું છું. મેં કોંગ્રેસને એ સર્ટિફિકેશન સુપ્રત કર્યું છે કે આ સમયે આ પ્રકારની છૂટ આપવી એ યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રીય હિતમાં છે."



ગત મહિને ટ્રમ્પે 'લિન્ડસી ઓ. ગ્રેહામ સેંક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ઓફ ૨૦૨૬' બિલ પર હસ્તાક્ષર કર્યા હતા. યુક્રેનના સમર્થક અને અમેરિકન સેનેટર લિન્ડસી ગ્રેહામના નામે બનાવાયેલા આ કાયદાનો મુખ્ય હેતુ રશિયન બેંકો, ઊર્જા ક્ષેત્ર અને મિલિટરી ઓપરેશન્સને નાણાકીય ભંડોળ રોકવાનો હતો. ૧૦૦% ટેરિફનો ખતરો: આ કાયદા હેઠળ રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ અને ગેસ ખરીદનારા દેશો પર ૧૦૦ ટકા સુધીનો ભારે ટેરિફ ઝીકવાની સત્તા આપવામાં આવી હતી.

## ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી હોસ્પિ.માં ભરતીઃ ચેસ્ટ ઈન્ફેક્શનની ફરિયાદ

### એક અઠવાડિયા પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરી હતી મુલાકાત



નવીદિલ્હી,

ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ આડવાણીને છાતીમાં ઈન્ફેક્શનની ફરિયાદ બાદ દિલ્હીની એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ૯૮ વર્ષીય આડવાણીને શુક્રવારે સાંજે લગભગ ૭:૩૦ વાગ્યે હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. તેમની તબિયત સ્થિર હોવાનું જણાવવામાં આવ્યું છે. પલ્મોનરી વિભાગમાં તેમની સારવાર ચાલી રહી છે. માહિતી મુજબ, છાતીમાં ઈન્ફેક્શનની ફરિયાદ પછી વરિષ્ઠ નેતા આડવાણીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલમાં તેમની તબિયત સ્થિર હોવાનું કહેવાય છે.

વરિષ્ઠ નેતા અડવાણીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા તેના લગભગ એક અઠવાડિયા પહેલાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૭ ઑક્ટોબરે નવી દિલ્હી સ્થિત તેમના નિવાસસ્થાને મુલાકાત લીધી હતી. આ દરમિયાન મોદીએ સરકારના વડા તરીકે ૨૫ વર્ષ પૂર્ણ થવા પર અડવાણીના આશીર્વાદ લીધા હતા.પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી સાથેની મુલાકાત બાદ વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરી હતી.

## અમદાવાદની ચાર GIDC ખસેડવાની કવાયતથી રોજગાર સંકટની ભીતિ

### ૩.૨૭ લાખથી વધુ કામદારોની આજીવિકા જોખમમાં આવવાની આશંકા; ૨૦ લાખ લોકોના સ્થળાંતરની ચિંતા

અમદાવાદ,

અમદાવાદની નરોડા, વટવા, ઓઢવ સહિતની ઔદ્યોગિક વસાહતોના એકમોને અન્યત્ર ખસેડવાની કવાયતથી ઉદ્યોગજગતમાં ચિંતા ઊભી થઈ છે. એકમોનું સ્થળાંતર કરવું પડે તો નવા પ્લાન્ટ માટે જમીન સંપાદન, નવું મૂડીરોકાણ, જૂની મશીનરીનું ડિસ્મેન્ટલિંગ અને શિફ્ટિંગ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થઈ શકે છે. ઉત્પાદન બંધ રહેવાના સમયગાળા દરમિયાન ટર્નઓવરમાં પણ મોટું નુકસાન થવાની ભીતિ છે.

અમદાવાદની આ ઔદ્યોગિક વસાહતો કેમિકલ, ટેક્સટાઈલ અને એન્જિનિયરિંગ ક્ષેત્રનાં મુખ્ય કેન્દ્રો છે. અહીં અંદાજે ૩.૨૭ લાખથી વધુ કામદારો પ્રત્યક્ષ રીતે રોજગારી મેળવતા હોવાનો દાવો કરવામાં આવે છે. એકમો ખસેડવાની સ્થિતિમાં કામદારોની રોજગારી પર સીધી અસર પડી શકે છે. દાણીલીમડા સહિતના અન્ય વિસ્તારોના એકમો અને કામદારોને ગણતરીમાં લેવામાં આવે તો રોજગાર સંકટ વધુ ગંભીર બનવાની આશંકા છે.

## અભિજિત દીપકેને કોર્ટમાં હાજર કરાશે, નેહા બોરાને દિલ્હી પોલીસે છોડી મૂકી

નવીદિલ્હી,

રાજધાની દિલ્હીમાં શુક્રવારે આયોજિત 'લહરા દો તિરંગા' વિરોધ પ્રદર્શન પહેલાં જ વાતાવરણ ગરમાયું છે. દિલ્હી પોલીસે કાર્યવાહી કરતા કૉકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દીપકેને અટકાયતમાં લીધા બાદ હવે વિધિવત ધરપકડ કરી લીધી છે. તેમની સામે BNSS ની કલમ ૧૨૬/૧૭૦ હેઠળ પગલાં લેવામાં આવ્યા છે. બીજી તરફ, ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશનની રાષ્ટ્રીય પ્રમુખ નેહા બોહરાને શનિવારે વહેલી સવારે અટકાયતમાંથી મુક્ત કરવામાં આવ્યા છે.

દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, અભિજિત દીપકેની અટકાયત કરતા પહેલા તેમને બે નોટિસ પાઠવવામાં આવી હતી અને કનૉટ પ્લેસના સેન્ટ્રલ પાર્ક તરફ જવાની સ્પષ્ટ મનાઈ ફરમાવવામાં આવી હતી. આમ છતાં તેઓ ત્યાં જવા મક્કમ રહ્યા હતા. પોલીસ શનિવારે અભિજિત દીપકેને સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કરશે. દિલ્હી પોલીસ કોર્ટમાં એ મુદ્દો ઉઠાવશે કે તેમણે અગાઉ આપેલા 'પીસ બોન્ડ' ની શરતોનું ઉલ્લંઘન કર્યું છે.

અભિજિત દીપકેની ધરપકડ બાદ કૉકરોચ જનતા પાર્ટીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર પોસ્ટ કરીને પોલીસ કાર્યવાહીનો સખત વિરોધ નોંધાવ્યો છે. પક્ષે આ ધરપકડને ગેરવાજબી ગણાવીને દીપકેને વહેલી તકે મુક્ત કરવાની માંગ કરી છે.

CMYK

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોથલ ખાતે નિર્માણાધીન નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પલેક્ષની મુલાકાત લીધી

### સિંધુ સંસ્કૃતિ અને સમૃદ્ધ દરિયાઈ વારસાને પ્રદર્શિત કરતા વિશ્વકક્ષાના મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ પ્રોજેક્ટના નિર્માણકાર્યની સમીક્ષા કરી



ગાંધીનગર,
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોથલ ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકાસ ભી વિરાસત ભી'ના સૂત્રને ચરિતાર્થ કરતા દેશના પ્રથમ નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પલેક્ષ (NMHC)ની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. પ્રાચીન સિંધુ ખીણ સંસ્કૃતિના આ ઐતિહાસિક સ્થળે આકાર પામી રહેલા લોથલના આ આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રોજેક્ટના વિવિધ વિકાસકાર્યોના નિર્માણની સ્થિતિની ઝીણવટભરી સમીક્ષા કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ આકાર પામી રહેલા આ કોમ્પલેક્ષ ખાતે ભારતના સમૃદ્ધ દરિયાઈ વારસાને પ્રદર્શિત કરતું મ્યુઝિયમ, ગેલેરીઓ તેમજ વિશ્વના સૌથી ઊંચા 'લાઈટહાઉસ મ્યુઝિયમ'નું નિર્માણ થઈ રહ્યું છે. મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીએ સ્થળ પર ચાલી રહેલી તમામ કામગીરી અને પ્રોજેક્ટ્સની વર્તમાન સ્થિતિ અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી. મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીએ આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા ઉચ્ચ અધિકારીઓ અને પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્ષના પ્રથમ તબક્કા (Phase-1) અને દ્વિતીય તબક્કા (Phase-2) હેઠળ આકાર પામનારી વિવિધ સુવિધાઓ, સાઈટની વિશેષતાઓ, અત્યાર સુધી પૂર્ણ થયેલ તથા આગામી સમયમાં નિર્માણ થનારા વિકાસકાર્યો અંગે વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. પ્રવાસીઓ માટે વૈશ્વિક આકર્ષણનું કેન્દ્ર બનનારા આ કોમ્પલેક્ષની કામગીરી સમયબદ્ધ રીતે પૂર્ણ થાય તે અંગેની સમીક્ષા પણ મુખ્યમંત્રીએ કરી હતી.

# વડાપ્રધાન મોદી ફરી ગુજરાતના પ્રવાસેઃ સરદાર પટેલ જયંતિની ઉજવણી માટે કેવડિયામાં તૈયારીઓ તેજ

### વડાપ્રધાનના પ્રવાસને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી

અમદાવાદ,
વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૩૦ અને ૩૧ ઓક્ટોબરે બે દિવસ માટે ગુજરાતની મુલાકાતે આવવાના છે. આ દરમિયાન બનાસકાંઠામાં બનાસ ડેરીના સંશોધન કેન્દ્રનું ઉદ્ઘાટન કરવા ઉપરાંત તેઓ કેવડિયામાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે આયોજિત રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે. વડાપ્રધાનના પ્રવાસને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, વડાપ્રધાન મોદી ૩૦ ઓક્ટોબરે સવારે ૯ વાગ્યે ડીસા પહોંચવાના છે. ત્યાંથી હેલિકોપ્ટર મારફતે આશરે ૨૫ કિલોમીટર દૂર આવેલા ભીલડી જશે. સવારે ૧૦ વાગ્યે ભીલડી ખાતે બનાસ ડેરીના અત્યાધુનિક સંશોધન કેન્દ્રનું ઉદ્ઘાટન કરવાનો કાર્યક્રમ છે. આ કેન્દ્ર પશુપાલન અને ડેરી ક્ષેત્રે સંશોધન માટે મહત્વપૂર્ણ બની રહેવાની અપેક્ષા છે.

બનાસકાંઠાના કાર્યક્રમ બાદ વડાપ્રધાન બપોરે ૨ વાગ્યે અમદાવાદ પહોંચે તેવી વિગતો મળી છે. અમદાવાદમાં અંદાજે બે કલાક રોકાણનો કાર્યક્રમ છે. આ દરમિયાન ભાજપના કેટલાક આગેવાનો સાથે બેઠક યોજાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. બિનસત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, બેઠકમાં આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની તૈયારીઓ અંગે ચર્ચા થઈ શકે છે. જોકે, આ બેઠક અંગે સત્તાવાર પુષ્ટિ મળી નથી. અમદાવાદના કાર્યક્રમો પૂર્ણ થયા બાદ વડાપ્રધાન સાંજે ૫ વાગ્યાની આસપાસ કેવડિયા જવા રવાના થાય તેવી માહિતી છે. કેવડિયામાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ તેઓ ત્યાં જ રાત્રિ રોકાણ કરશે. સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે ૩૧ ઓક્ટોબરે કેવડિયામાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી યોજાશે. વડાપ્રધાન મોદી એકતા દિવસની પરેડ સહિતના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.

# અમદાવાદ–પ્રયાગરાજ વચ્ચે રેલવે વિભાગ દ્વારા ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન દોડાવાશે

અમદાવાદ,
આવનારા તહેવારોના દિવસોને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા સ્પેશિયલ ફેસ્ટિવલ ટ્રેન દોડાવવાનું નક્કી કર્યું છે. જેના ભાગરૂપે, અમદાવાદના અસારવાથી ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ વચ્ચે આગામી ૨૨મી નવેમ્બરથી ખાસ ટ્રેન દોડાવવાનું નક્કી કર્યું છે. આ ટ્રેન, હિંમતનગર, ઉદેપુર, સવાઈ માધોપુર, હિંડૌન સિટી, ઈદગાહ આગ્રા થઈને દોડશે.પશ્ચિમ રેલવેએ અસારવા અને પ્રયાગરાજ વચ્ચે સાપ્તાહિક ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. આ ટ્રેન બંને દિશાઓમાં કુલ ૧૨ ફેરા (ટ્રિપ્સ) કરશે, જેનાથી મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાનો સુધી પહોંચવામાં સરળતા રહેશે. આ સ્પેશિયલ ટ્રેનની વિગતો નીચે મુજબ છેઃ- ટ્રેન નં. ૦૪૧૬૬ અસારવા–પ્રયાગરાજ સ્પેશિયલ, અસારવાથી દર ગુરુવારે સવારે ૦૮.૪૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૧૦.૩૫ વાગ્યે પ્રયાગરાજ પહોંચશે. આ ટ્રેન ૨૨ ઓક્ટોબરથી ૨૬ નવેમ્બર, ૨૦૨૬ સુધી દોડશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૪૧૬૫ પ્રયાગરાજ–અસારવા સ્પેશિયલ, પ્રયાગરાજથી દર બુધવારે સવારે ૫.૦૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૫.૪૫ વાગ્યે અસારવા પહોંચશે. આ ટ્રેન ૨૧ ઓક્ટોબરથી ૨૫ નવેમ્બર, ૨૦૨૬ સુધી દોડશે.

આ ટ્રેન બંને દિશાઓમાં નીચેના સ્ટેશનો પર રોકાશેઃ હિંમતનગર, લુસડિયા, ડુંગરપુર, સેમારી, જાવર, ઉદયપુર સિટી, રાણા પ્રતાપ નગર, માવલી જંક્શન, ચંદેરિયા, મંડલગઢ, બુંદી, કેશોરાયપાટન, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, હિંડૌન સિટી, બયાના, રૂપબાસ, ફતેહપુર સીકરી, ઈદગાહ આગ્રા, ટુન્ડલા, ફિરોઝાબાદ, ઈટાવા, કાનપુર સેન્ટ્રલ અને ફતેહપુર.

# થર્ડ પાર્ટી એજન્સીની પસંદગી પ્રક્રિયા રદ કરી સરકારી સ્વાયત્ત સંસ્થામાં સીધા સમાવેશની શિક્ષકોની માંગ

### ૭૦૦ દૈનિક વેતન બંધ કરી ૨૪ હજાર માસિક પગારની રાજ્યના વ્યવસાયિક શિક્ષકોની રજૂઆત

ગાંધીનગર,
શિક્ષકોએ હાલની ૭૦૦ પ્રતિદિનની દૈનિક વેતન પ્રથા બંધ કરી વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રોજેક્ટ એપ્રુવલ બોર્ડ (PAB) દ્વારા મંજૂર કરાયેલા ?૨૪,૦૦૦ માસિક વેતનનો લાભ આપવા માંગ ઉભી થઈ છે, સાથેજ થર્ડ પાર્ટી એજન્સી (VTP) મારફતે ભરતી કરવાની પ્રક્રિયા રદ કરી શિક્ષકોને સરકારી સ્વાયત્ત સંસ્થામાં સીધા સમાવવાની પણ રજૂઆત કરવામાં આવી છે.

રાજ્યની સરકારી અને અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સમગ્ર શિક્ષા અને સ્કિલ ઈન્ડિયા મિશન હેઠળ ફરજ બજાવતા વ્યવસાયિક શિક્ષકો (વોકેશનલ ટ્રેનર્સ)એ રાજ્ય સરકાર સમક્ષ વિવિધ માગણીઓ બાબતે રજૂઆત કરવામાં આવી છે.

વ્યવસાયિક શિક્ષકોએ સમગ્ર શૈક્ષણિક વર્ષ દરમિયાન સેવા ચાલુ રાખવા અને વેકેશનના સમયગાળામાં છૂટા કરવાની પ્રથા બંધ કરવા રજૂઆત કરી છે. તેમના જણાવ્યા મુજબ, વારંવાર એજન્સીઓ બદલાવાથી પગારની અનિશ્ચિતતા, વિલંબ અને નોકરી ગુમાવવાનો ભય રહે છે. આથી ૧૨ મહિનાની સળંગ સેવા અને નોકરીની સુરક્ષા આપવી જરૂરી છે.

શિક્ષકોએ જાહેર રજાઓ, હક્ક રજા, તબીબી રજા અને મહિલા શિક્ષકોને પ્રસૂતિ રજાનો લાભ આપવા ઉપરાંત દર વર્ષે ૫ ટકા વેતનવધારો અને લાંબા ગાળાની સેવા બાદ નિયમિતીકરણ માટે સ્પષ્ટ નીતિ ઘડવાની પણ માગ કરી છે.

શિક્ષકો દ્વારા કરવામાં આવેલ માંગણીઓ અને રજૂઆતો અનુસાર, એપ્રિલ ૨૦૨૬માં અગાઉની થર્ડ પાર્ટી એજન્સીઓના કરાર પૂર્ણ થયા બાદ ઉનાળુ વેકેશન દરમિયાન તેમની સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી. નવા શૈક્ષણિક સત્રમાં શરૂઆતમાં ?૬૦૦ પ્રતિદિન અને ત્યારબાદ ?૭૦૦ પ્રતિદિનના દરે વેતન ચૂકવવાનું શરૂ કરાયું હતું. હાલમાં શાળામાં હાજરી આપેલા દિવસો પ્રમાણે જ વેતન મળતું હોવાથી જાહેર રજાઓ, તહેવારો અને બીમારીની રજા દરમિયાન આવક મળતી ન હોવાની પણ ફરિયાદ કરવામાં આવી છે.

ગાંધીનગર કચેરીમાં રજૂઆત કરવા છતાં થર્ડ પાર્ટી એજન્સીની પસંદગી ન થઈ હોવાને કારણે પ્રક્રિયા અટકી હોવાનું જણાવવામાં આવતું હોવાનો શિક્ષકોએ આક્ષેપ કર્યો છે. હાલમાં જિલ્લા કચેરીઓ દ્વારા સીધું વેતન ચૂકવવામાં આવતું હોવાથી એજન્સી વગર પણ વ્યવસ્થા ચલાવી શકાય છે, ત્યારે વચેટિયા એજન્સી મારફતે ભરતી કરવાની જરૂરિયાત સામે પણ સવાલ ઉઠાવવામાં આવ્યો છે.

# અમદાવાદના નિકોલમાં મકાન ખાલી ન કરતાં માતા-પુત્ર સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો

અમદાવાદ,
અમદાવાદના નિકોલ વિસ્તારમાં ભાડે આપેલું મકાન ખાલી ન કરવા અને ભાડું ચૂકવવાનું બંધ કરી દેવાના આક્ષેપમાં માતા અને પુત્ર સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. સિંગરવા વિસ્તારના અમરનાથપાર્કમાં આવેલા મકાનનો માસિક ભાડું ૪,૫૦૦ હતું. જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતાવાળી સમિતિની મંજૂરી બાદ નિકોલ પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.મળતી માહિતી મુજબ, બાપુનગરની ઈન્ડિયા કોલોનીમાં રહેતા અને સુમેલ-૭માં ટૂલ્સનો વેપાર કરતા જિતેન્દ્રકુમાર વસોયાએ વર્ષ ૨૦૧૮માં સિંગરવા સ્થિત અમરનાથપાર્કમાં મકાન નંબર ૧૫ ખરીદ્યું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૧૯માં તેમણે આ મકાન શારદાબહેન રાવળને રહેણાંક હેતુ માટે માસિક ૪,૫૦૦ના ભાડે આપ્યું હતું.ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૧૯થી ૨૦૨૩ દરમિયાન સમયાંતરે ભાડા કરાર કરવામાં આવ્યા હતા અને આ સમયગાળા દરમિયાન ભાડું નિયમિત ચૂકવવામાં આવતું હતું.

મકાનમાલિકના આક્ષેપ મુજબ, જાન્યુઆરી ૨૦૨૪થી શારદાબહેન અને તેમના પુત્ર પિન્ટુ રાવળે ભાડું ચૂકવવાનું બંધ કરી દીધું હતું. મકાનમાલિકે બાકી ભાડું ચૂકવવા અને મકાન ખાલી કરવા વારંવાર રજૂઆત કરી હતી. જોકે, બંનેએ મકાન ખાલી કરવાનો ઈનકાર કર્યો હોવાનો આક્ષેપ છે. મકાન ખાલી ન થતાં જિતેન્દ્રકુમારે જિલ્લા કલેક્ટર કચેરીની લેન્ડ ગ્રેબિંગ સમિતિ સમક્ષ અરજી કરી હતી.

# વાવ-થરાદમાં કાળજું કંપાવતી ઘટના,પિતાએ અઢી વર્ષના બાળકને પેટ્રોલ છાંટી જીવતો સળગાવ્યો

### પત્ની પિયર જતી રહ્યા બાદ બાળકની સંભાળ રાખવાની જવાબદારીમાંથી મુક્ત થવા માટે નિર્દોષ બાળકનો ભોગ લેનાર પિતાની ધરપકડ



પાલનપુર,
વાવ-થરાદ જિલ્લામાંથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં એક પિતાએ પોતાના અઢી વર્ષના પુત્ર પર પેટ્રોલ છાંટીને તેને જીવતો સળગાવી દીધો. મળતી માહિતી મુજબ, પત્ની તેના પિયર જતી રહ્યા બાદ પુત્રના ઉછેરની સંપૂર્ણ જવાબદારી પિતા પર આવી પડી હતી. જે બાદ તેને બાળકનો ઉછેર કરવો એક બોજ લાગવા માંડ્યો, જેના કારણે તેણે આ અત્યંત ભયાનક પગલું ભર્યું. બાળકના દાદાની ફરિયાદના આધારે પોલીસે પિતાની ધરપકડ કરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, બાળકને સળગાવ્યા બાદ પિતા તેને હોસ્પિટલ લઈ ગયો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો. ધરપકડના ડરથી તેણે ઉતાવળમાં અંતિમ સંસ્કાર કરી દીધા. જોકે, જ્યારે આરોપીના કાકાને આ ઘટના વિશે જાણ થઈ, ત્યારે તેમણે પોલીસને જાણ કરી.

આરોપી પિતાની ઓળખ અશોક જીતાભાઈ રાવલ તરીકે થઈ છે. પોલીસના જણાવ્યા મુજબ, લગભગ ત્રણ મહિના પહેલા અશોક રાવલનો તેની પત્ની સાથે ઝઘડો થયો હતો, ત્યારબાદ તે પિયર જતી રહી હતી. તેણે તેના અઢી વર્ષના પુત્રને પિતાની દેખરેખ હેઠળ છોડી દીધો હતો. પરંતુ અશોકને બાળકની સંભાળ રાખવાની જવાબદારી એક બોજ સમાન લાગી.

આ જવાબદારીમાંથી મુક્ત થવા માટે આરોપીએ નિર્દોષ બાળક પર પેટ્રોલ છાંટીને તેને સળગાવી દીધો, જેનાથી બાળક ગંભીર રીતે દાઝી ગયો.

# અમદાવાદમાં નકલી કોસ્મેટિક્સનો પર્દાફાશ, બે દુકાનમાંથી ૬.૯૦ લાખનો જથ્થો જપ્ત

અમદાવાદ,
અમદાવાદના ઘી કાંટા રોડ પર આવેલી બે કોસ્મેટિક્સ દુકાનોમાં એસઓજી ક્રાઈમ બ્રાન્ચે દરોડા પાડીને જાણીતી મેટ્રિક્સ કંપનીના નામ સાથે જોડાયેલી ૧,૨૨૧ નકલી પ્રોડક્ટ્સ જપ્ત કરી છે. જપ્ત કરાયેલા જથ્થાની કિંમત આશરે ૬.૯૦ લાખ હોવાનું જણાવાયું છે. પોલીસે બંને દુકાનના સંચાલકો સામે કોપીરાઈટ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, મેટ્રિક્સ કંપનીના અધિકૃત પ્રતિનિધિને અમદાવાદના ઘી કાંટા રોડ પર નકલી કોસ્મેટિક્સના વેચાણ અંગે બાતમી મળી હતી. ત્યારબાદ કંપનીના પ્રતિનિધિઓ, પારેખ ઈન્ટેલેક્ચ્યુઅલ સર્વિસીસના પ્રોપરાઈટર અને એસઓજી ક્રાઈમ બ્રાન્ચની ટીમે પંચોની હાજરીમાં સંયુક્ત કાર્યવાહી કરી હતી.

પોલીસની તપાસ દરમિયાન પંચભાઈની પોળ પાસે આવેલી 'માય બ્યુટી સેન્ટર'માંથી શેમ્પૂ, ક્રીમ, ડેવલપર અને હેર માસ્ક સહિતની ૭૭૫ પ્રોડક્ટ્સ મળી આવી હતી. આ જથ્થાની કિંમત ૪.૪૪ લાખ હોવાનું જણાવાયું છે.જ્યારે પાંચુ મિયાના ડહેલા પાસે આવેલી 'લક્ષ્મી બ્યુટી શોપ'માંથી ૪૪૬ પ્રોડક્ટ્સ જપ્ત કરવામાં આવી હતી. તેની કિંમત આશરે ૨.૪૬ લાખ હોવાનું જાણવા મળ્યું છે. બંને દુકાનોમાંથી કુલ ૧,૨૨૧ પ્રોડક્ટ્સ જપ્ત કરવામાં આવી છે. પ્રોડક્ટ્સનાં સેમ્પલ લેબોરેટરી તપાસ માટે મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# રાજ્ય સરકારનો મોટો નિર્ણયઃવધુ ૧૦૧ નવા શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રો શરૂ કરવાનું આયોજન

અમદાવાદ,
રાજ્યના કડિયા નાકાઓ ઉપરાંત હવે બાંધકામ સાઈટ પર પણ શ્રમિકો માટે રાજ્ય સરકાર શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો વ્યાપ વધારવા જઈ રહી છે. હાલમાં અન્નપૂર્ણા કેન્દ્રો પર માત્ર ૫ રૂપિયાના ટોકન દરે શ્રમિકોને ભોજન પૂરું પાડવામાં આવે છે. ત્યારે હવે રાજ્યમાં વધુ ૧૦૧ નવા શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રો શરૂ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રમિકોને પૂરતું અને પૌષ્ટિક ભોજન મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંતર્ગત હવે બાંધકામ સાઈટ પર પણ શ્રમિકો માટે ફૂડ વેન મારફતે ભોજન પહોંચાડવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ નવા કેન્દ્રો શરૂ થતાં રાજ્યના તમામ ૩૪ જિલ્લાઓમાં યોજનાનો વ્યાપ વધશે. મહત્વની વાત એ છે કે આ યોજના હેઠળ અત્યાર સુધીમાં પાંચ કરોડથી વધુ ભોજનનું વિતરણ કરવામાં આવ્યું છે, જેના માટે અંદાજે ૨૯૩ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં બાંધકામ ક્ષેત્રે કામ કરતા શ્રમિકો અને તેમના પરિવારોના કલ્યાણ માટે સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ જ દિશામાં શ્રમિક અન્નપૂર્ણા યોજના શ્રમિકો માટે આશીર્વાદરૂપ બની રહી છે. વર્ષ ૨૦૧૭માં શરૂ કરવામાં આવેલી આ યોજના હેઠળ બાંધકામ શ્રમિકોને માત્ર ૫ રૂપિયામાં ભોજન પૂરું પાડવામાં આવે છે. ભોજનમાં રોટલી, શાક, કઢી, ભાત અને લાડુ સહિતની વિવિધ વાનગીઓનો સમાવેશ કરવામાં આવે છે. હવે આ યોજનાને વધુ લોકો સુધી પહોંચાડવા માટે ૧૦૧ નવા શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રો શરૂ કરવાની યોજના છે. આ વિસ્તરણથી રાજ્યના તમામ ૩૪ જિલ્લાઓમાં યોજનાનો લાભ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ અત્યાર સુધીમાં મોટા પ્રમાણમાં ભોજનનું વિતરણ કરવામાં આવ્યું છે. ઉપલબ્ધ વિગતો અનુસાર, અત્યાર સુધીમાં શ્રમિકોને પાંચ કરોડથી વધુ ભોજન પીરસવામાં આવ્યાં છે. આ માટે અંદાજે ૨૯૩ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના સેક્રેટરી લોચન શહેરાએ જણાવ્યું હતું કે હાલમાં રાજ્યના ૨૦ જિલ્લાઓમાં આ યોજનાનું સંચાલન થઈ રહ્યું છે.

# સાબરમતી રિવરફ્રન્ટ પર ૨૩ ઓક્ટોબરથી હસ્તકલાનો મહાકુંભ, દેશભરના ૧૦૦થી વધુ કારીગરો ભાગ લેશે

### મહોત્સવમાં મુલાકાતીઓને ભારતની વિવિધ પરંપરાગત હસ્તકલાઓને નજીકથી નિહાળવાની તક મળશે



અમદાવાદ,
અમદાવાદનો સાબરમતી રિવરફ્રન્ટ આગામી ૨૩ ઓક્ટોબરથી ભારતીય હસ્તકલા અને આધુનિક કલાના અનોખા સંગમનો સાક્ષી બનશે. રાષ્ટ્રીય ફેશન પ્રૌદ્યોગિકી સંસ્થા, ગાંધીનગર દ્વારા 'સાબરમતી ૨૦૨૬' નામના આઠ દિવસીય હસ્તકલા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં દેશભરના ૧૦૦થી વધુ કારીગરો ઉપરાંત કલાકારો, સંસ્થાના ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓ ભાગ લેશે.

'વારસામાં મૂળ, આવતીકાલ માટે નવી કલ્પના'ની વિષયવસ્તુ સાથે યોજાનારા આ મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ ભારતીય હસ્તકલાની સમૃદ્ધ પરંપરાને નવી પેઢી સુધી પહોંચાડવાનો છે. પરંપરાગત કારીગરીને આધુનિક કલાત્મક અભિગમ સાથે જોડીને તેને નવી ઓળખ આપવાનો પ્રયાસ કરવામાં આવશે.મહોત્સવમાં મુલાકાતીઓને ભારતની વિવિધ પરંપરાગત હસ્તકલાઓને નજીકથી નિહાળવાની તક મળશે. ખાસ કરીને બાંધણી, કાપડ પર બીબાં વડે છાપકામ, માટીકામ સહિતની વિવિધ કળાઓનું જીવંત પ્રદર્શન કરવામાં આવશે. કારીગરો પોતાની કૃતિઓ કેવી રીતે તૈયાર કરે છે તે મુલાકાતીઓ પ્રત્યક્ષ જોઈ શકશે. આ ઉપરાંત હસ્તકલા બજારનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં કારીગરોની વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવશે. આ મહોત્સવ માત્ર હસ્તકલાના પ્રદર્શન પૂરતો મર્યાદિત નહીં રહે. તેમાં નિષ્ણાતો સાથે પરિસંવાદ, ચર્ચાસત્રો અને તાલીમ કાર્યશાળાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે. પરંપરાગત કારીગરો, યુવા કલાકારો અને વિદ્યાર્થીઓ વચ્ચે વિચારોનું આદાનપ્રદાન થાય તેમજ હસ્તકલાના ક્ષેત્રમાં નવી સર્જનાત્મકતાને પ્રોત્સાહન મળે તેવો પ્રયાસ કરવામાં આવશે.૨૩થી ૩૦ ઓક્ટોબર દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાનારા આ મહોત્સવમાં હસ્તકલાની સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે. મહોત્સવમાં હસ્તકલા અને કલાત્મક સર્જનના ક્ષેત્રના જાણકારો સાથે સંવાદ કરવાની તક પણ મળશે.

# આઈઆઈટી ગાંધીનગરના સંશોધકોનું રમતગમતના પ્રદર્શનને તપાસવા માટે વેરએબલ સેન્સિંગ પર સંશોધન

### શરીરના પસંદગીના ભાગો પર લગાવવામાં આવેલા આ પેચ હિલચાલ સાથે સંકળાયેલા વિદ્યુત ફેરફારોને રેકોર્ડ કરે છે

ગાંધીનગર,
સારા બાયસેપ કર્લ કેવા દેખાય છે? કોઈ ધમધમતા જીમમાં જાઓ, તો દરેક વ્યક્તિ પ્રમાણે તેનો જવાબ અલગ-અલગ હોઈ શકે છે. કેટલાક લોકો ટ્રેનરને જોઈને શીખે છે, જ્યારે અન્ય લોકો જીમમાં આવતા સાથીઓને જોઈને અથવા પોતાના ફોન પર વિડિયો જોઈને અનુસરણ કરે છે. નિયમિત દેખરેખ વિના, શરૂઆત કરનારાઓ કદાચ એ ઓળખી શકતા નથી કે તેમની ફોમ ક્યારે બદલાય છે અથવા ક્યારે કોઈ હિલચાલ ખોટી રીતે થઈ રહી છે.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ગાંધીનગર (IITGN)ના કેમિકલ એન્જિનિયરિંગ વિભાગના એસોસિએટ પ્રોફેસર ડૉ. બિસ્વજિત સાહાએ જણાવ્યું હતું કે, "એક અનુભવી કોચ ઘણીવાર આવા તફાવતો ઝડપથી પકડી શકે છે. પરંતુ ગીચ જીમ કે ટ્રેનિંગ સેન્ટરમાં, દરેક વ્યક્તિ દ્વારા કરવામાં આવતા દરેક રિપિટિશન પર નજર રાખવી મુશ્કેલ છે. અમને વિચાર આવ્યો કે શું વેરેબલ સેન્સર હિલચાલની તપાસ કરવાનો એક વધારાનો માર્ગ પૂરો પાડી શકે છે, ભલે કોચ દરેક પુનરાવર્તનનું નિરીક્ષણ ન કરી શકે?"

સ્માર્ટ મટિરિયલ્સ લેબોરેટરી ખાતેના તેમના સંશોધન જૂથે સ્ટ્રેન્થ ટ્રેનિંગ અને ટેનિસ તથા સ્વિમિંગ જેવી રમતો માટે ડિઝાઈન કરાયેલા નાના, ફ્લેક્સિબલ સેન્સર પેચ બનાવીને આ પ્રશ્ન પર સંશોધન કર્યું હતું. આ પેચનું હવે વાસ્તવિક તાલીમ સત્રોમાં જીમમાં જતા લોકો અને એથ્લેટ્સ પર પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે, અને ટીમ તેને વધુ વિકસાવવા માટે ઉદ્યોગ અને સરકારી ભાગીદારોની શોધ કરી રહી છે.

શરીરના પસંદગીના ભાગો પર લગાવવામાં આવેલા આ પેચ હિલચાલ સાથે સંકળાયેલા વિદ્યુત ફેરફારોને રેકોર્ડ કરે છે. આનો મૂળભૂત સિદ્ધાંત પીઝોરેઝિસ્ટિવ સેન્સિંગ તરીકે ઓળખાય છે. આ સેન્સર્સમાં, મિકેનિકલ ડિફોર્મેશન વિદ્યુત પ્રતિકારમાં ફેરફાર કરે છે. જ્યારે શરીર હિલચાલ કરે છે, ત્યારે ત્વચા અને આસપાસના પેશીઓની સાથે પેચ પણ વિકૃત થાય છે. તે વિકૃતિ સેન્સરના વિદ્યુત પ્રતિભાવને બદલે છે, જે એક માપી શકાય તેવો સિગ્નલ ઉત્પન્ન કરે છે.

આ સિગ્નલ એક નાની ઈલેક્ટ્રોનિક સિસ્ટમ દ્વારા પસાર થાય છે, જ્યાં તેને સેમ્પલ કરીને બ્લૂટૂથનો ઉપયોગ કરીને મોબાઈલ ડિવાઈસમાં ટ્રાન્સમિટ કરવામાં આવે છે.

# ધારાસભ્ય શીવાભાઈના હસ્તે મહુવાના કડિયાનાકા ખાતે શ્રમિક અન્નપૂર્ણા યોજનાના નવા કેન્દ્રનો શુભારંભ





ભાવનગર,તા.૧૭

સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬ અંતર્ગત ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં વાસી તળાવ, કડિયાનાકા ખાતે શ્રમિક અન્નપૂર્ણા યોજનાના નવા કેન્દ્રનો શુભારંભ ધારાસભ્ય શીવાભાઈ ગોહિલના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય શીવાભાઈ ગોહિલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર શ્રમિકોના કલ્યાણ અને સુખાકારી માટે સતત પ્રયત્નશીલ છે. શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ માત્ર રૂ. ૫માં પૌષ્ટિક ભોજન મળવાથી બાંધકામ શ્રમિકોને આર્થિક રાહત મળશે. મહુવામાં નવા કેન્દ્રના પ્રારંભથી સ્થાનિક શ્રમિકોને યોજનાનો લાભ મેળવવામાં સુવિધા મળશે. તેમણે શ્રમિકોને યોજનાનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરી હતી.ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા અમલમાં મૂકાયેલી આ યોજના હેઠળ ઈ-નિર્માણ પોર્ટલ પર નોંધાયેલા બાંધકામ શ્રમિકોને માત્ર રૂ. ૫માં એક ટંકનું ભોજન આપવામાં આવે છે. ભોજનમાં રોટલી, શાક, કઠોળ, ભાત, અથાણું, મરચાં અને ગોળનો સમાવેશ થાય છે. ઉપરાંત, અઠવાડિયામાં એક વાર સુખડી જેવું મિષ્ટાન્ન પણ આપવામાં આવે છે.

યોજનાનો લાભ મેળવવા માટે શ્રમિકે પોતાનું ઈ-નિર્માણ કાર્ડ લઈને ભોજન વિતરણ કેન્દ્ર પર જવાનું રહે છે. કાર્ડ પર દર્શાવેલો ઈ-નિર્માણ નંબર અથવા ક્યૂઆર કોડ સ્કેન કરાવી રૂ. ૫માં ટોકન મેળવી ભોજન મેળવી શકાય છે. ભાવનગર જિલ્લામાં હાલ શ્રમિક અન્નપૂર્ણા યોજનાનાં છ કેન્દ્રો કાર્યરત છે. આ ઉપરાંત, બાંધકામ શ્રમિકોને પ્રાથમિક સારવાર અને દવાઓ ઉપલબ્ધ કરાવવા માટે જિલ્લામાં સાત ધન્વંતરિ આરોગ્ય રથ દ્વારા બાંધકામ સાઈટ અને કડિયાનાકા ખાતે ઓપીડી સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

**માત્ર રૂ. ૫માં બાંધકામ શ્રમિકોને મળશે પૌષ્ટિક ભોજનનો લાભ, ભાવનગર જિલ્લામાં શ્રમિક અન્નપૂર્ણા યોજનાનાં છ કેન્દ્રો કાર્યરત**

# ભાવ. એસ.ટી. વિભાગના ચેકિંગમાં ટિકિટ વગર મુસાફરી કરતા ૧૮ ખુદાબક્ષો ઝડપાયા

## રૂ. ૪,૩૬૦નો દંડ વસૂલાયો: ટિકિટ ન આપવા બદલ બે કંડક્ટરો સામે ખાતાકીય કાર્યવાહી

ભાવનગર,તા.૧૭

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના ભાવનગર વિભાગ દ્વારા ગત મહિને સપ્ટેમ્બરમાં કરવામાં આવેલ ટિકિટ ચેકીંગઝુંબેશમાં ટિકિટ લીધા વગર મુસાફરી કરતા ૧૮ મુસાફરોઝડપાયાં હતા જેમની પાસેથી રૂ.૪,૩૬૦-નો દંડ વસુલવામાં આવ્યો હતો આ ઉપરાંત મુસાફરને ટિકિટ ન આપવા બાદલ બે કન્ડક્ટરો સામે ખાતાકીય કાર્યવાહી કરવામાં આવી હતી.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના ભાવનગર વિભાગ દ્વારા મુસાફરોને નિયમિત અને સુવિધાયુક્ત પરિવહન સેવા પૂરી પાડવાની સાથે બસ સ્ટેશન પરિસરમાં સ્વચ્છતા તથા શિસ્ત જાળવવા માટે સઘન ચેકિંગ અને દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી રહી છે. મુસાફરો ટિકિટ લઈને જ મુસાફરી કરે તેમજ જાહેર પરિવહનનાં સ્થળોએ તમાકુના સેવન અને ગંદકી ફેલાવવા જેવી પ્રવૃત્તિઓ પર અંકુશ આવે તે માટે પણ વિભાગ દ્વારા નિયમિત દેખરેખ રાખવામાં આવે છે.

ભાવનગર એસ. ટી.વિભાગના વિભાગીય નિયામક આર.ડી. પિલવાઈકર દ્વારા આપવામાં આવેલ માહિતી અનુસાર, સપ્ટેમ્બર-૨૦૨૬ દરમિયાન વિભાગની લાઇન ચેકિંગ સ્ક્વોડ દ્વારા બસોમાં ટિકિટ વિના મુસાફરી કરતા ૧૮ મુસાફરોને ઝડપી પાડવામાં આવ્યા હતા. આ મુસાફરો પાસેથી નિગમના નિયમો મુજબ કુલ રૂ. ૪,૩૬૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. આ ઉપરાંત, મુસાફરો પાસેથી ટિકિટના નાણાં વસૂલવા છતાં તેમને ટિકિટ નહીં આપવાના કિસ્સામાં બે કંડક્ટરો સામે ધોરણસરની ખાતાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ભાવનગર એસ.ટી. વિભાગ દ્વારા મુસાફરોમાં ટિકિટ લઈને મુસાફરી કરવાની જાગૃતિ વધારવા તેમજ પરિવહન સેવામાં શિસ્ત અને પારદર્શિતા જાળવવા માટે આવી ચેકિંગ કામગીરી સતત હાથ ધરવામાં આવી રહી છે.

# આરટીઓ દ્વારા ટુ-વ્હીલર વાહનોની નવી સિરીઝના ઈ-ઓક્શન માટે અરજી મંગાવાઈ

ભાવનગર,તા.૧૭

આર.ટી.ઓ કચેરી, ભાવનગર દ્વારા વાહન માલિકોને જણાવવામાં આવે છે કે, પ્રાઈવેટ દ્રીચક્રી મોટર વાહન માટેની નવી સીરીઝ GJ-04-FG 0001 થી ૯૯૯૯" ના નંબરોનું ઈ-ઓક્શન હાથ ધરવામાં આવશે.જેમાં તા.૨૦/૧૦/૨૦૨૬ થી? તા.૨૨/૧૦/૨૦૨૬ સુધી ઓનલાઈન અરજી કરી શકાશે. આ પ્રક્રીયામાં તા.૨૨/૧૦/૨૦૨૬ થી તા.૨૪/૧૦/૨૦૨૬ સુધી બિડીંગ કરવાનો સમયગાળો રહેશે.

ઓનલાઈન ઓકશનમાં ભાગ લેનારા અરજદારે https://vahan.parivahan.gov.in/fancy/faces/public/login.xhtml પર નોંધણી, યુઝર આઈ-ડી. પાસવર્ડ તૈયાર કરવા હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવો, ચૂકવણું કરવું અને વાહન નંબર મેળવાવો.વાહન ખરીદીના ૭ (સાત) દિવસમાં ઓનલાઈન CNA ફોર્મ ભરવાનું રહેશે. હરાજીમાં સફળ અરજદારે હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાનાં ૫ (પાંચ) દિવસમાં નાણાં જમા કરવાના રહેશે. અરજદાર જો આ નિયત સમયમાં નાણાં ચૂકવામાં નિષ્ફળ જશે તો મુળ ભરેલ રકમને જપ્ત કરવામાં આવશે અને તે નંબરની ફરીવાર હરાજી કરવામાં આવશે. ઓનલાઈન ઓકશન પ્રકિયા દરમ્યાન ચૂકવાણા વખતે આર. બી. આઈ. દ્વારા નક્કી કરેલ દર ચુકવાનાં રહેશે. હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીનાં નાણાં દિન-૫ માં ભરપાઈ કરવા માટે SMS અને E-Mail થી જણાવવામાં આવશે. નિષ્ફળ અરજદારને હાલની મેન્યુલ પધ્ધતિ પ્રમાણે નાણાં પરત આપવામાં આવશે.

# ABVP દ્વારા CJP અને NSUI સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન: રસ્તા રોકો આંદોલન કરનાર કાર્યકરોની અટકાયત

## શામળદાસ આર્ટ્સ કોલેજ ગેટ પાસે પોસ્ટરો બતાવીને કરવામાં આવ્યા સૂત્રોચ્ચાર







તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૭

ભાવનગર શહેરની શામળદાસ આર્ટ્સ કોલેજ ગેટ પાસે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા CJP, કોંગ્રેસ અને NSUI વિરુદ્ધમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ABVPના કાર્યકરો દ્વારા CJP, કોંગ્રેસ અને NSUI વિરોધી પોસ્ટરો દર્શાવીને જોરદાર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

વિરોધ પ્રદર્શન ઉગ્ર બનતા કાર્યકરો દ્વારા રસ્તા રોકો આંદોલન પણ કરવામાં આવ્યું હતું, જેના કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચીને વિરોધ કરી રહેલા ABVPના કાર્યકરોની અટકાયત કરી હતી. આ વિરોધ પ્રદર્શન દરમિયાન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના આગેવાનો, સક્રિય કાર્યકરો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ અંગે ABVPના ભાવનગર નગર મંત્રી ધર્મરાજસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, CJP અને NSUI દેશમાં બંધારણથી વિરુદ્ધ જઈ રહ્યા છે. તેઓ સુપ્રીમ કોર્ટ અને દેશની ચૂંટણી પ્રક્રિયા પર સવાલો ઉઠાવીને સંસ્થાઓને આઘાત પહોંચાડી રહ્યા છે, જેના વિરોધમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા આ ઉગ્ર આંદોલન કરવામાં આવ્યું છે.

# હાથબ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીને ઢોર માર મારનાર ઈન્ચાર્જ આચાર્યની બદલી

ભાવનગર,તા.૧૭

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાની હાથબ પ્રાથમિક શાળામાં ધોરણ ૭માં અભ્યાસ કરતા અક્ષય ગોહિલ નામના વિદ્યાર્થીને શાળાના ઈન્ચાર્જ આચાર્ય મિતુલ રાવલ દ્વારા ઢોર માર મારવામાં આવ્યો હોવાની ગંભીર ઘટના સામે આવી છે. વર્ગખંડ બહાર બેઠેલી વ્યક્તિ દ્વારા પાણી માંગવામાં આવતા વિદ્યાર્થીએ ના પાડતા ઉશ્કેરાયેલા આચાર્યે તેને ગાલ પર લાફા ઝીંકી દીધા હતા, જેનાથી ચહેરા પર નિશાન ઉપસી આવ્યા હતા.

આ મામલે વિદ્યાર્થીના પિતાએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી ખાતે પહોંચી ન્યાય અને શિક્ષકની બદલીની માગણી સાથે લેખિત રજૂઆત કરી હતી. રજૂઆત મળતાં જ જિલ્લા શિક્ષણાધિકારી હિતેન્દ્રસિંહ પઢેરીયાએ સ્થળ તપાસના આદેશ આપ્યા હતા. પ્રાથમિક તપાસ અહેવાલના આધારે આચાર્યને શો-કોઝ નોટિસ પાઠવ્યા બાદ, આજે કડક કાર્યવાહી કરતા ઈન્ચાર્જ આચાર્ય મિતુલ રાવલની સિહોર તાલુકાના પાણીયાધાર ગામ ખાતે બદલી કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

**લેખિત રજૂઆત અને પ્રાથમિક તપાસ બાદ જિલ્લા શિક્ષણાધિકારી પઢેરીયાએ લીધા કડક પગલાં**

# પ્રતિબંધિત ખરો પણ ગણકારાતો નથી !: સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ૧૪૦ કિલોનો જથ્થો ઝડપાયો

## ‘શુભ સેલ’માંથી ૮૦ કિલો પ્લાસ્ટિકનો જથ્થો પકડાયો: ચાલુ માસમાંઅત્યાર સુધીમાં કુલ ૪૦૨ આસામીઓ પાસેથી ૨,૪૭ લાખનો દંડ વસૂલ

ભાવનગર,તા.૧૭

રાજ્ય સરકાર દ્વારા હાલમાં ચાલી રહેલ “સ્વચ્છતા હી સેવા-૨૦૨૬ અભિયાન" અંતર્ગત તા. ૧૬/૧૦/૨૦૨૬ના રોજ ભાવનગર મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા શહેરમાં સઘન ચકાસણી હાથ ધરવામાં આવી હતી.

આ તપાસ દરમિયાન પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા એક મોટા સ્ટોકીસ્ટ “શુભ સેલ" પાસેથી પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિકનો કુલ ૮૦ કિલોગ્રામ જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો અને રૂ. ૫,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત, અન્ય જુદા જુદા સ્થળોએ ચકાસણી કરતા પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા ૫૬ આસામીઓ પાસેથી ૬૦ કિલોગ્રામ પ્લાસ્ટિક જપ્ત કરીને કુલ રૂ. ૩૮,૩૦૦નો દંડ તથા જાહેરમાં ગંદકી કરવા બદલ ૩૨ આસામીઓને દંડિત કરીને કુલ રૂ. ૧૩,૨૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. આમ, એક જ દિવસમાં કુલ ૮૯ આસામીઓ પાસેથી ૧૪૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી કુલ રૂ. ૫૬,૫૦૦ના દંડની વસૂલાત કરવામાં આવી છે. હાલ ચાલી રહેલી પ્રતિબંધિત પ્લાસ્ટિક ડ્રાઈવમાં ઓક્ટોબર માસમાં આજદિન સુધી પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા કુલ ૨૫૨ આસામીઓ પાસેથી ૬૪૪ કિલોગ્રામ પ્લાસ્ટિક જપ્ત કરીને ?૨,૦૦,૩૦૦નો દંડ કરવામાં આવ્યો છે. તેમજ જાહેરમાં ગંદકી કરવા બદલ ૧૫૦ આસામીઓને દંડિત કરીને રૂ. ૪૭,૩૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. આ સાથે કુલ ૪૦૨ આસામીઓ પાસેથી અત્યાર સુધીમાં કુલ રૂ. ૨,૪૭,૬ ના દંડની વસૂલાત કરવામાં આવી છે. ભાવનગર મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિક જપ્ત કરવાની કામગીરી દરેક વોર્ડમાં સઘન સ્વરૂપે ચાલુ છે અને હજુ તેને વધુ વેગ આપવામાં આવશે. તંત્ર દ્વારા સમગ્ર શહેરીજનોને કોઈપણ પ્રકારના પ્રતિબંધિત કે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કે સંગ્રહ ન કરવા તેમજ ભાવનગર શહેરને સ્વચ્છ, સુંદર અને રળિયામણું બનાવવા ચાલતા આ અભિયાનમાં સહયોગ આપવા માટે ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

# સિહોર નગરપાલિકાની સાધારણ સભામાં વિપક્ષે મચાવ્યો હંગામો



તસ્વીર : કૌશિક વ્યાસ

સિહોર,તા.૧૭

સિહોર નગરપાલિકાની આજે મળેલી સાધારણ સભામાં વિપક્ષના સભ્યોએ વિવિધ મુદ્દાઓને લઈને જોરદાર વિરોધ નોંધાવ્યો હતો. પ્રોસીડીંગની નકલો મોડી આપવામાં આવી હોવાના અને ઠરાવોના અભ્યાસ માટે પૂરતો સમય ન મળ્યો હોવાના આક્ષેપ સાથે વિપક્ષે હોબાળો મચાવ્યો હતો.

વિપક્ષના સભ્યોએ આક્ષેપ કર્યો હતો કે એજન્ડા અંગે યોગ્ય અભ્યાસ કરવાની તક આપ્યા વિના બહુમતીના જોરે તમામ મુદ્દાઓને મંજૂરી આપવામાં આવી રહી છે. આ દરમિયાન વિપક્ષના સભ્યોએ એજન્ડાની નકલો ફાડીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. સભામાં શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે મુદ્દાઓને લઈને તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી. વિપક્ષે વધુમાં આક્ષેપ કર્યો હતો કે બહુમતીના આધારે ઠરાવો પસાર કરવામાં આવી રહ્યા છે અને સમગ્ર પ્રક્રિયા પાછળ મેલી મુરાદ હોવાની આશંકા છે. બીજી તરફ, ભાજપની બહુમતીને કારણે સભામાં રજૂ કરાયેલા તમામ ઠરાવોને બહાલી આપવામાં આવી હતી. આ સમગ્ર મામલે વિપક્ષ હવે પ્રાદેશિક કમિશનરને લેખિત ફરિયાદ કરીને રજૂઆત કરશે તેમ જાણવા મળ્યું છે. નગરપાલિકાની સભામાં થયેલા આ વિરોધને પગલે સ્થાનિક રાજકારણમાં ચર્ચા તેજ બની છે.

**પ્રોસીડીંગની નકલો મોડી આપ્યાનો આક્ષેપ કરી એજન્ડા ફાડ્યો; બહુમતીના જોરે ઠરાવો મંજૂર કરાયાની ફરિયાદ**

# હાથબ ગ્રામ પંચાયત કચેરી અને આંગણવાડી કેન્દ્રનું કેન્દ્રીય મંત્રી નિમુબેનના હસ્તે લોકાર્પણ

ભાવનગર,તા.૧૭

ભાવનગર જિલ્લાના હાથબ ખાતે ગ્રામ પંચાયત કચેરી અને આંગણવાડી કેન્દ્ર નંબર-૧ ના લોકાર્પણનો કાર્યક્રમ કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. ગ્રામ પંચાયત કચેરીના નિર્માણ માટે ૧૫મા નાણાપંચ ગ્રાન્ટમાંથી રૂ. ૩૨ લાખ અને આંગણવાડી કેન્દ્ર નંબર-૧ના નિર્માણ માટે ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશનના ઝજીઇ ફંડમાંથી રૂ. ૨૪ લાખના ફંડમાંથી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયાએ હાથબ ગામના લોકોને અભિનંદન આપતા જણાવ્યૂ હતું કે ગ્રામ પંચાયત એ ગામનો અવાજ છે.

તે સ્થાનિક સમસ્યાઓના ઉકેલ અને વિકાસની યોજનાઓને આગળ વધારવાનું મહત્વપૂર્ણ માધ્યમ છે. પંચાયત ભવન માત્ર એક ઈમારત નથી. તે જનસેવાનું કેન્દ્ર છે. અહી ગામના વિકાસની યોજનાઓ તૈયાર થશે. વધુમાં હણાવ્યું હતું કે વડાપ્રધાનનરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર ગ્રામ પંચાયતોને મજબૂત બનાવવા અને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવા સતત પ્રયત્નશીલ છે.

રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત દેશમાં ૨૫,૧૦૦ થી વધુ ગ્રામ પંચાયત ભવનો અને ૬૧,૦૦૦ થી વધુ કમ્પ્યુટરની વ્યવસ્થા કરવામાં આવી છે.

દેશની ૨.૫૫ લાખથી વધુ ગ્રામ પંચાયતોમાં ગ્રામ પંચાયત વિકાસ યોજનાઓ તૈયાર કરવામાં આવી રહી છે, જ્યારે ૨.૫૯ લાખથી વધુ પંચાયતો ઈ-પંચાયત વ્યવસ્થા સાથે જોડાઈ ચૂકી છે.મંત્રીએ જણાવ્યું હતું કે આંગણવાડી કેન્દ્ર નંબર-૧નું લોકાર્પણ બાળકોના પોષણ, સ્વાસ્થ્ય અને પ્રારંભિક શિક્ષણની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે.





**રૂ. ૩૨ લાખના ખર્ચે ગ્રામ પંચાયત કચેરી અને ૨૪ લાખના ખર્ચે આંગણવાડી કેન્દ્ર તૈયાર કરાયું, જી.પ.પ્રમુખ લાધવા, દિવ્યેશ સોલંકી સહિતની ઉપસ્થિતિ**

આંગણવાડી કેન્દ્રો બાળકોના પ્રારંભિક વિકાસ અને શિક્ષણનો પાયો મજબૂત બનાવવાની સાથે સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓને પોષણ તથા સ્વાસ્થ્ય સંબંધિત સેવાઓ પૂરી પાડવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે.

કેન્દ્ર સરકાર દ્વારા મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦ અંતર્ગત બાળકો, સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓના પોષણ તથા સ્વાસ્થ્ય પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. બાળકને યોગ્ય પોષણ, સ્વાસ્થ્યની સંભાળ અને પ્રારંભિક શિક્ષણની તક મળે તો તેના સર્વાંગી વિકાસનો પાયો મજબૂત બને છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પને સાકાર કરવામાં ગામડાંઓનો વિકાસ મહત્વપૂર્ણ છે. ગ્રામ પંચાયત કચેરી અને આંગણવાડી કેન્દ્ર જેવી સુવિધાઓ ગામના વહીવટને વધુ સુવ્યવસ્થિત બનાવવાની સાથે બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે પણ ઉપયોગી બનશે. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ અશોકભાઈ લાધવા, આગેવાન દિવ્યેશભાઈ સોલંકી, તાલુકા પંચાયત સદસ્ય હર્ષાબેન ઢાપા, સરપંચ દીનાબેન સુમરા, પ્રોગ્રામ ઓફિસર આઈ. સી. ડી. એસ. શિલ્પાબેન ડામોર, તાલુકા વિકાસ અધિકારી કલ્પેશકુમાર ગઢવી, સી.ડી.પી.ઓ. આઈ.સી.ડી.એસ. ભાવનાબેન ઠાકોર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## લદાખ ભારતનો અભિન્ન હિસ્સો

ભારતની સરહદો, રાષ્ટ્રીય અખંડિતતા અને ભૌગોલિક ઓળખના પ્રશ્નો માત્ર રાજકીય નિવેદનો પૂરતા મર્યાદિત નથી. તેમની સાથે દેશની સાર્વભૌમ સત્તા, સુરક્ષા, ઇતિહાસ અને રાષ્ટ્રીય ગૌરવ જોડાયેલાં છે. લદાખના ૨૮ સ્થળો અને ભૌગોલિક વિશેષતાઓને સત્તાવાર નામ આપવાના ભારત સરકારના નિર્ણય સામે ચીને વાંધો ઉઠાવ્યો છે. તેના જવાબમાં ભારતે સ્પષ્ટ કર્યું છે કે ચીનના વિરોધ કે ઇનકારથી વાસ્તવિકતા બદલાતી નથી. લદાખ ભારતનો અભિન્ન અને અવિભાજ્ય હિસ્સો છે. આ સમગ્ર ઘટનાક્રમ ફરી એક વખત ભારત-ચીન સંબંધોમાં સરહદી પ્રશ્નોના મહત્ત્વને ઉજાગર કરે છે.કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ૨ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ જાહેર કરેલી માહિતી અનુસાર, લદાખના કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલા ૨૮ સ્થળો અને ભૌગોલિક વિશેષતાઓને સર્વે ઓફ ઇન્ડિયાના સત્તાવાર નકશામાં પ્રમાણભૂત નામો સાથે દર્શાવવામાં આવ્યાં છે. આ પ્રક્રિયા લદાખના સ્થાનિક વહીવટીતંત્ર અને સંબંધિત હિતધારકો સાથે પરામર્શ કરીને હાથ ધરવામાં આવી હતી. સરકારનો જણાવેલો હેતુ આ સ્થળોની ચોક્કસ ઓળખ સ્થાપિત કરવાનો અને લોકોમાં તેમની ઓળખ તથા જાણકારી વધારવાનો છે. આ માહિતીમાં પર્વતો, શિખરો, ઘાટ, હિમનદીઓ, નદીઓ, સરોવરો અને અન્ય ભૌગોલિક વિસ્તારોનો સમાવેશ થાય છે. ગોગરા અને હોટ સ્પ્રિંગ્સ જેવાં સરહદી તણાવ સાથે સંકળાયેલાં સ્થળો પણ આ યાદીમાં છે. ચીને ભારતના આ પગલાનો વિરોધ કરતાં લદાખના કેન્દ્રશાસિત પ્રદેશને માન્યતા ન આપવાની પોતાની જૂની ભૂમિકા પુનરાવર્તિત કરી છે. ચીનના વિદેશ મંત્રાલયે ભારતની નામકરણ પ્રક્રિયાને અમાન્ય ગણાવી અને સંબંધિત વિસ્તારો પર પોતાનો દાવો રજૂ કર્યો. ભારતે આ વાંધાને સ્વીકાર્યો નથી. વિદેશ મંત્રાલયે પુનરોચ્ચાર કર્યો કે લદાખ ભારતનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ છે તથા ચીનના ઇનકારથી આ હકીકત બદલાઈ શકતી નથી. બંને દેશોના સત્તાવાર અભિગમ વચ્ચેનો આ તફાવત દર્શાવે છે કે સરહદી વિવાદ માત્ર જમીનના કબજા પૂરતો નથી, પરંતુ વિસ્તારની ઓળખ, નકશામાં તેની નોંધ અને રાજદ્વારી દાવાઓ સાથે પણ જોડાયેલો છે. (ોતઃ પ્રેસ ઇન્ફર્મેશન બ્યૂરો અને ઇન્ડિયન એક્સપ્રેસ.)કોઈપણ દેશ માટે તેના પ્રદેશોની પ્રમાણભૂત ઓળખ અને સત્તાવાર નકશામાં ચોક્કસ નોંધ મહત્ત્વ ધરાવે છે. સ્થળનાં નામોનો ઉપયોગ વહીવટ, ભૂગોળના અભ્યાસ, સંશોધન, પ્રવાસન, આપત્તિ વ્યવસ્થાપન અને સરહદી વિસ્તારોની જાણકારીમાં થાય છે.



# સ્વ. હરભાઈ ત્રિવેદીની જીવન તવારીખ, કાર્યો અને વસીયત નામું

**ભાવનગર ૩૦૦**

**- બળદેવસિંહ ગોહિલ**

- ઈ. સ. ૧૮૯૧ના નવેમ્બર મહિનાની ૧૪મી તારીખે, ભાવનગર જિલ્લાના વરતેજ ગામમાં શ્રી દુર્લભજી ત્રિવેદી કુટુંબમાં જન્મ.
- ઈ. સ. ૧૯૧૦ થી ૧૯૧૨ સુધી ભાવનગરમાં કોલેજકાળ દરમિયાન વિદ્યાર્થીઓ સાથે રહેવા સાથે ત્યાં શરૂ થયેલ દક્ષિણામૂર્તિ સંસ્થાના છાત્રાલયમાં ગૃહપતિ તરીકે માનદ્ સેવાઓ આપી.
- બી. એ. થયા પછી મુંબઈમાં બાબુ પન્ના જૈન હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. ઈ.સ. ૧૯૧૬માં શ્રી નાનાભાઈ ભટ્ટ અને શ્રી ગિજુભાઈના નિમંત્રણથી જાહેર કેળવણી સંસ્થા બનેલ દક્ષિણામૂર્તિના આજીવન કાર્યકર બન્યા. એ જ સંસ્થામાં વિનયમંદિરના શિક્ષક, આચાર્ય અને થોડો સમય સંસ્થાના છાત્રાલયના મુખ્ય ગૃહપતિ બન્યા.
- વિનયમંદિરના આચાર્યપદે રહીને પ્રગતિશીલ શિક્ષણનો ઊંડો અભ્યાસ કર્યો. વિદ્યાર્થીઓને સ્વાતંત્ર્ય અને જવાબદારી સોંપી. સહશિક્ષણ અને જાતીયશિક્ષણના પ્રયોગો શરૂ કર્યા. જાતીય શિક્ષણ અન્વયે જાતીય પ્રશ્નો ઉપર “દક્ષિણામૂર્તિ” ત્રિમાસિકમાં લેખમાળા શરૂ કરી.
- શિક્ષણ અંગેના વ્યાપક અભ્યાસ, ચિંતન, અનુભવ અને નિરીક્ષણને પરિણામે તેમને “સ્વયંશિક્ષણ એ જ શિક્ષણનો સાચો અભિગમ છે” એ સત્ય સમજાયું. તેથી ઈ.સ. ૧૯૨૬થી વિનયમંદિરમાં “સ્વાધ્યાય યોજના”(ડોલ્ટન પ્લાન)નો પૂર્ણ પ્રયોગ શરૂ કર્યો, જે ભારતભરમાં પ્રથમ ગણાયો.
- સાથેસાથે છાત્રાલયના પ્રશ્નોનો ઊંડો અભ્યાસ કરીને “છાત્રાલય” નામનું માસિક શરૂ કર્યું, જેમાં અનેક લેખો અને ચર્ચાઓ પ્રગટ કરી.
- ઈ. સ. ૧૯૨૦ થી ૧૯૨૫ સુધી અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠની નિયામક સભાના સભ્ય તરીકે કામ કર્યું.
- ઈ. સ. ૧૯૨૮-૨૯ સુધીમાં શિક્ષણમાં મનોવિજ્ઞાનના મહત્ત્વ ઉપર અભ્યાસપૂર્ણ લેખો લખ્યા અને વ્યાખ્યાનો પણ આપ્યાં.
- દક્ષિણામૂર્તિમાં કરેલા સ્વતંત્ર પ્રયોગોના પરિણામે એક સ્વતંત્ર અને બિનસરકારી એવું એક માધ્યમિક અધ્યાપનમંદિર શરૂ કર્યું.
- ઈ. સ. ૧૯૩૩-૩૪ માં રાજસ્થાનમાં ઉદેપુર મુકામે યોજાયેલ શિક્ષણ સંમેલનનું અધ્યક્ષપદ સંભાળ્યું.
- ઈ. સ. ૧૯૩૫માં સુરત જિલ્લામાં અબ્રામા પરિષદ પછી ‘નૂતન શિક્ષણ’ નામના એક માસિકનું પ્રકાશન શરૂ કર્યું, જેનું તંત્રીપદ પણ પોતે જ સંભાળ્યું.
- ૧૯૩૪-૩૫માં પાટણ મુકામે ગુજરાત છાત્રાલય સંમેલનનું પ્રમુખપદ સંભાળ્યું.
- ઈ. સ. ૧૯૩૫-૪૪ સુધી ન્યુ એજ્યુકેશન ફેલોશીપના પ્રતિનિધિ તરીકે રહ્યા. ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસના સભ્ય રહ્યા. ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર મેન્ટલ હાઈજીનની કાર્યવાહક સમિતિના સભ્યપદે રહ્યા.
- ઈ.સ. ૧૯૩૭માં કેળવણીની વિશ્વપરિષદ ટોકિયો (જાપાન)માં હિન્દના પ્રતિનિધિ તરીકે હાજરી આપી.
- ઈ.સ. ૧૯૩૯ના માર્ચની પહેલી તારીખે ‘ઘરશાળા’ નામની એક સંસ્થા ભાવનગરમાં શરૂ કરી. સ્થાપના પછી મૃત્યુ સુધી સંસ્થાના નિયામક તરીકે કામ કર્યું.
- ઈ. સ. ૧૯૪૦ થી ‘ઘરશાળા’ નામનું શૈક્ષણિક માસિક શરૂ કર્યું. જે આજે પણ ચાલુ છે.
- ઈ. સ. ૧૯૪૪ માં અખિલ હિન્દ કેળવણી પરિષદમાં બાળ કેળવણી અને માધ્યમિક કેળવણીના વિભાગોનું પ્રમુખપદ સ્વીકાર્યું.
- કલકત્તા યુનિવર્સિટીની ટીચર્સ એજ્યુકેશન કોલેજમાં શિક્ષણ ઉપર વ્યાખ્યાનો આપ્યાં.
- ઈ. સ. ૧૯૪૮ થી ૧૯૫૬ સુધી સૌરાષ્ટ્ર રાજ્યની શિક્ષણ સલાહકાર સમિતિમાં કામ કર્યું.
- ઈ. સ. ૧૯૫૦-૫૧ માં રાજ્ય સરકારે નિયુક્ત કરેલ શિક્ષણ શુલ્ક સમિતિ પર કામ કર્યું.
- રાજ્યે નિયુક્ત કરેલ માધ્યમિક શિક્ષણ સમિતિના પ્રમુખ તરીકે કામ કર્યું. સૌરાષ્ટ્ર બાળ વિકાસ સમિતિના અધ્યક્ષ તરીકે કામ કર્યું. સૌરાષ્ટ્ર રાજ્યની સમાજ કલ્યાણ સમિતિના સભ્યપદે કામ કર્યું. રાજકોટના બાળભવનની સ્થાપનામાં અગત્યનો ભાગ ભજવ્યો. બાલ્કન-જી-બારીની સંચાલન સમિતિ ઉપર અધ્યક્ષપદે કામ કર્યું.
- ઈ. સ. ૧૯૫૧માં રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના સંમેલનમાં રાજકોટ મુકામે સમિતિના અધ્યક્ષપદે કામ કર્યું.
- ઈ. સ. ૧૯૫૮-૫૯માં બૃહદ્ મુંબઈ રાજ્યની કેળવણી એકીકરણ સમિતિ ઉપર કામ કર્યું.
- પૂર્વ-પ્રાથમિક શિક્ષણ સમિતિ ઉપર કામ કર્યું.
- ઈ. સ. ૧૯૫૮ થી ૧૯૬૪ સુધી મુંબઈ સંયુક્ત વિધાન પરિષદના સભ્ય તરીકે નિયુક્ત થઈ કામ કર્યું.
- દિલ્હીની ઈન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન સંસ્થામાં વ્યાખ્યાનો આપ્યાં.
- ગુજરાત રાજ્યની ગ્રાંટ-ઈન-એઈડ કોડની સમિતિ, અભ્યાસક્રમ સમિતિ તથા અન્ય સમિતિઓ ઉપર કામ કર્યું.
- ઈ. સ. ૧૯૬૦થી ભાવનગર કેળવણી મંડળની વિદ્યાસમિતિના અધ્યક્ષપદે સેવાઓ આપી.
- ૧૯૬૩-૬૪ માં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની રચના સમિતિના સભ્ય તરીકે કામ કર્યું.
- ૧૯૬૭ થી ’૭૨ દરમિયાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ભાવનગર કેન્દ્રના પ્રો. વાઈસચાન્સેલર તરીકે કામ સંભાળ્યું.
- ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્ય તરીકે નિમણૂંક પામ્યા.
- સૌરાષ્ટ્ર આપઘાત સમિતિના ચેરમેન પદે રહ્યા.
- માધ્યમિક શિક્ષણ સંઘના સ્થાપક બન્યા.
- સૌરાષ્ટ્ર બાળ વિકાસ સમિતિના પ્રમુખપદે રહ્યા.
- શિક્ષણ પ્રશિક્ષણ બોર્ડના ચેરમેનપદે નિમાયા.
- ગુજરાત રાજ્ય શિક્ષણ એડવાઈઝરી કમિટીના સભ્ય.
- નેશનલ ઈન્ટીગ્રેશન કમિટીના સભ્ય બન્યા.
- બાલ્કન-જી-બારીના પ્રમુખપદે નિમાયા.
- વર્ષો સુધી ન્યુ એજ્યુકેશન ફેલોશીપના સભ્ય રહ્યા.
- વડોદરાની જીવન સાધના સંસ્થાના શિક્ષણ સલાહકાર બન્યા.
- ચલથાણ કેળવણી કેન્દ્રના ચેરમેન રહ્યા.
- સરસ્વતી વિદ્યામંડળ અમદાવાદના પ્રમુખ તરીકે ૧૯૪૪ થી ૧૯૭૯ સુધી.
- ભાવનગર કેળવણી મંડળના પ્રમુખ.
- ‘નૂતન શિક્ષણ’ માસિકના આદ્યતંત્રી, સ્થાપક તંત્રી.
- ‘ઘરશાળા’ માસિકના સ્થાપક તંત્રી.
- મનોવૈજ્ઞાનિક મંડળ સ્થાપ્યું.
- છાત્રાલયો માટે ગૃહપતિ તાલીમ કેન્દ્રો અનેક સ્થળોએ ચલાવ્યાં.
- મધ્યસ્થ અભ્યાસક્રમ સમિતિના સભ્ય.
- શિક્ષણમાં નૂતન મનોવિજ્ઞાનની તાલીમ આપવા અધ્યાપન મંદિર શરૂ કર્યું.
- ભાવનગરમાં ફોઈડ વ્યાખ્યાનમાળા ગોઠવી અને ભારતના કેળવણીકારોનું ધ્યાન ખેંચ્યું.
- રવિવાર તા. ૧૯ ઓગસ્ટ, ૧૯૭૯માં અવસાન.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું





**મેષ - (અ, લ, ઈ) :-** ચંદ્ર રાશિ અનુસાર શનિ બારમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે સ્વાસ્થ્યને લઈને તમારે પડકારોનો સામનો કરવો નહીં પડે. તેથી યોગ અને વ્યાયામને નિયમિતપણે અપનાવો અને સારા સ્વાસ્થ્યનો આનંદ લો. કારણ કે સ્વાસ્થ્ય પ્રત્યે તમારી સતર્કતા અને યોગ્ય દિનચર્યા જ તમારી ભૂતકાળની ઘણી મુશ્કેલીઓને દૂર કરી શકે છે. ચંદ્ર રાશિ અનુસાર ગુરુ ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે નાણાંના સંબંધમાં ગતિ જાળવી રાખવા માટે તમને ઓછી મહેનત પછી પણ સારો નફો પ્રાપ્ત થઈ શકશે. કારણ કે આ દરમિયાન ગ્રહોની સ્થિતિ દર્શાવે છે કે તમારા અણધાર્યા ખર્ચાઓ ખૂબ ઓછા થશે, જેનાથી તમે તમારું નાણું નોંધપાત્ર હદ સુધી એકઠું કરવામાં સફળ રહેશો. આ અઠવાડિયે તમે તમારા કોઈ જૂના મિત્ર, સાથી કે પ્રેમીને અન્ય કોઈની સાથે જોઈને થોડા ઉદાસ થઈ શકો છો. આ કારણે તમે પરિવાર સાથે સમય વિતાવવાનું ટાળીને એકલા રહેવાનું વધુ પસંદ કરશો. ચંદ્ર રાશિ અનુસાર કેતુ પાંચમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે ક્યારેય પણ કાર્યક્ષેત્ર પર અચાનક કોઈ તમારા કામની તપાસ કરી શકે છે. જેના કારણે જો તમારા કામમાં કોઈ ભૂલ નીકળશે તો તેનો નકારાત્મક પરિણામ સ્પષ્ટપણે તમારી કારકિર્દી પર જોવા મળશે. આવી સ્થિતિમાં દરેક કામ ઉતાવળમાં કરવાનું ટાળીને તેને સફળતાપૂર્વક પૂર્ણ કરો.



**વૃષભ - (બ, વ, ઉ)**ચંદ્ર રાશિ અનુસાર ગુરુ ત્રીજા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમને તમારા કામ પર એકાગ્રતા જાળવી રાખવામાં મુશ્કેલી અનુભવાઈ શકે છે. કારણ કે આ દરમિયાન તમારું સ્વાસ્થ્ય સંપૂર્ણપણે સારું નહીં હોય. જેના કારણે તમારે દવા પણ લેવી પડી શકે છે, અને આ કારણે તમારો સ્વાદ અને સ્વભાવ સામાન્ય કરતાં કંઈક અંશે બગડવાની આશંકા રહેશે. ચંદ્ર રાશિ અનુસાર રાહુ દસમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આર્થિક બાબતોની દ્રષ્ટિએ તમારી રાશિના જાતકો માટે આ અઠવાડિયું ખૂબ સારું રહેવાની સંભાવના છે. કારણ કે આ દરમિયાન ઘણા ગ્રહોની દ્રષ્ટિ તમારી આવક વધારવા અને તમારા એકઠા કરેલા નાણામાં ઉમેરો કરવા માટે તમને અનેક તકો પૂરી પાડવાનું કામ કરશે. આ અઠવાડિયે કુટુંબમાં પ્રેમ, સૌહાર્દ અને પરસ્પર જોડાણમાં સારો વધારો થવાના યોગ બનતા દેખાઈ રહ્યા છે. આ સાથે જ કોઈ ઈ-મેલ કે સંદેશ પરિવાર માટે સારા સમાચાર લાવશે. જેના કારણે તમે તમારા આખા પરિવાર સાથે મળીને હસતા જોવા મળશો. આ અઠવાડિયે કાર્યક્ષેત્રમાં પરિસ્થિતિઓ સંપૂર્ણપણે તમારી તરફેણમાં રહેશે. જેના કારણે તમે કાર્યસ્થળ પર તમારા દરેક અડધા રહેલા કામ પૂરા કરીને તમારા વરિષ્ઠ અધિકારીઓ અને તમારા બોસને ખુશ કરી શકશો. આનાથી ભવિષ્યમાં તમને પ્રગતિ મળવાની પણ સંભાવના બનતી દેખાશે. વિદ્યાર્થીઓ માટે યોગ બની રહ્યા છે કે આ અઠવાડિયું તમારી રાશિ માટે ખૂબ સારું રહેશે.



**મિથુન - (ક, છ, ઘ) :-** ચંદ્ર રાશિ અનુસાર શનિ દસમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારું મન ક્યાંક ઉદાસ જોવા મળશે, જેના કારણે તમે તમારા લક્ષ્યોને પૂર્ણ કરવા માટે તેને સાચી દિશામાં લગાવવામાં અસમર્થ રહેશો. આમાં તમારે ઝડપથી સુધારો કરવાની જરૂર પડશે, નહીંતર તેની નકારાત્મક અસર તમારા સ્વાસ્થ્યમાં ઘટાડાનું મુખ્ય કારણ બની શકે છે. તેથી તમારા માટે સારું એ જ રહેશે કે તમારી આસપાસના કોઈ સજ્જન પુરુષ સાથે વાતચીત કરો. કારણ કે તેમની દૈવી વાતો તમને સંતોષ આપવાની સાથે તમારો ઢાઢસ બંધાવશે. ચંદ્ર રાશિ અનુસાર કેતુ ત્રીજા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારે તે મિત્રો કે સંબંધીઓથી દૂર રહેવાની જરૂર છે જે તમારો ફાયદો ઉઠાવીને હરહંમેશ તમારું નાણું ખર્ચ કરાવવાનો પ્રયાસ કરે છે. સાથે જ આ રાશિના જે જાતકો વ્યવસાય કરે છે તેમણે પણ અઠવાડિયાના શરૂઆતના દિવસોમાં કોઈ પણ પ્રકારનું રોકાણ કરવાનું ટાળવું પડશે. એકંદરે જોઈએ તો નાણાકીય બાબતોમાં સમય સારો છે, પરંતુ તમારે પોતાને સાવચેત રાખીને થોડી વધુ સતર્કતા રાખવાની જરૂર રહેશે. પરિવારના સભ્યો સાથે તમે આ અઠવાડિયે આરામના કેટલાક પળ વિતાવી શકશો.



**કર્ક - (ડ, હ) :-** ચંદ્ર રાશિ અનુસાર ગુરુ પ્રથમ ભાવમાં સ્થિત હોવાને કારણે, સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આ અઠવાડિયે તમને નાની-મોટી સમસ્યાઓ થઈ શકે છે, પરંતુ કોઈ મોટી બીમારી આ દરમિયાન દેખાતી નથી, તેથી તમે ખૂબ ભાગ્યશાળી રહેશો. છતાં પણ તમારે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે કોઈ પણ પ્રકારની બેદરકારી ન રાખવી જોઈએ અને સમયે-સમયે યોગાભ્યાસ, ધ્યાન અને કસરત કરતા રહેવું જોઈએ જેથી તમે પોતાને ચુસ્ત અને ફિટ રાખી શકો. ચંદ્ર રાશિ અનુસાર શનિ નવમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયું એવી વસ્તુઓ ખરીદવા માટે ઉત્તમ છે જેની કિંમત આગળ જતાં વધી શકે છે. આવી સ્થિતિમાં તમે સોનાના આભૂષણો, ઘર-જમીન કે ઘરના બાંધકામના કામમાં રોકાણ કરી શકો છો, જેનાથી તમને આગળ જતાં સારો નફો મળવાના યોગ બનશે. આ અઠવાડિયે પરિવારના સભ્યોને તમારા નિયંત્રણમાં રાખીને તેમના પર તમારા નિયમો લાદવાની અને તેમની વાત ન સાંભળવાની તમારી પ્રવૃત્તિ તમારી જ વિરુદ્ધ જઈ શકે છે. કારણ કે આ કારણે તમારો ઘરના લોકો સાથે વાદ-વિવાદ શક્ય છે. જેના કારણે તમારે ના છૂટકે પણ તેમની ટીકાનો સામનો કરવો પડી શકે છે.



**સિંહ - (મ, ટ) :-** ચંદ્ર રાશિ અનુસાર શનિ આઠમા ભાવમાં સ્થિત હોવાને કારણે, જો તમે ઈચ્છો છો કે તમારું શરીર તંદુરસ્ત રહે તો આ અઠવાડિયે તમારે નિયમિતપણે ફળોનું સેવન કરવું જોઈએ. આ સાથે જ સવારના સમયે પાર્કમાં ફરવું પણ આ દરમિયાન તમારા સ્વાસ્થ્યને સારું રાખવામાં તમારી મદદ કરી શકે છે. આવી સ્થિતિમાં આ તરફ ધ્યાન આપીને સારા સ્વાસ્થ્યનો આનંદ લો. ચંદ્ર રાશિ અનુસાર ગુરુ બારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે જો તમે લાંબા સમય માટે રોકાણ કરશો તો તમે સારો એવો ફાયદો મેળવી શકો છો. જોકે આ માટે તમારે ઘરના વડીલોની સલાહ-સૂચન લીધા પછી જ કોઈ પણ નિર્ણય પર પહોંચવાની જરૂર રહેશે. આ અઠવાડિયે પરિવારના બાળકો અને વડીલો પોતાના માટે તમારી પાસે વધુ સમયની માંગ કરી શકે છે. પરંતુ તેમની આ માંગ પૂરી કરવામાં તમે સંપૂર્ણપણે અસફળ સાબિત થઈને તેમને નારાજ કરી શકો છો. આ અઠવાડિયે કામ પ્રત્યે તમારામાં ઉત્સાહ અને ઊર્જાની કમી જોવા મળશે. જેની સીધી અસર તમારી કારકિર્દી પર જોવા મળશે.



**કન્યા - (પ, ઠ, ણ) :-** ચંદ્ર રાશિ અનુસાર શનિ સાતમા ભાવમાં સ્થિત હોવાને કારણે, સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આ સમયગાળામાં તમે પ્રાણાયામ કરીને તમારી ઘણી મુશ્કેલીઓ દૂર કરી શકો છો. આવી સ્થિતિમાં તમારી ઊર્જાને આ અઠવાડિયે ઘણા બધા કામો પર લગાવવાને બદલે માત્ર તે જ કામો પર લગાવો જે જરૂરી હોય. ચંદ્ર રાશિ અનુસાર ગુરુ અગિયારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારી સામે કોઈ વ્યક્તિ નવી યોજના સાથે તમને નવા કરારના ફાયદા બતાવી શકે છે. આવી સ્થિતિમાં કોઈ પણ મૂર્ખામીભર્યું કામ ન કરતા ઉતાવળમાં નિર્ણય લેવાનું ટાળો, કારણ કે તેનાથી તમને અપેક્ષા મુજબ લાભ નહીં મળે. બીજાના પ્રયાસોમાંથી તમારું અર્થ વગરની ભૂલો કાઢવું આ અઠવાડિયે પરિવારના કેટલાક સભ્યો સાથે તમારો ઝઘડો કરાવી શકે છે. તેથી તમારી આ આદતમાં ફેરફાર લાવો અને બીજાના કામની પ્રશંસા કરો, નહીં કે તેમના કામમાંથી કમી શોધો. શરૂઆતથી જ તમારે એ વાતનું ધ્યાન રાખવું પડશે કે કોઈને પણ ત્યાં સુધી કોઈ વચન ન આપો જ્યાં સુધી તમે તેને સફળતાપૂર્વક પૂરું કરવામાં સંપૂર્ણપણે સક્ષમ ન હોવ. કારણ કે શક્ય છે કે તમે આવેશમાં આવીને કાર્યક્ષેત્ર પર કામની વધારાની જવાબદારી લેતા તમારા વરિષ્ઠ અધિકારીઓને કોઈ એવું વચન આપી દો જેને પછીથી પૂરું કરવામાં તમારે માનસિક તણાવ અનુભવવો પડે.



**તુલા - (ર, ત) :-** જો તમે એસિડિટી, અપચો અને સંધિવા જેવા રોગોથી પરેશાન હતા તો આ અઠવાડિયે તમને આ રોગોથી થોડી રાહત મળવાના યોગ બનશે. છતાં પણ તમને સમયે-સમયે થતી શરદી, ઉધરસ જેવી નાની-મોટી સમસ્યાઓથી પોતાનો બચાવ કરવાની સલાહ આપવામાં આવે છે. ચંદ્ર રાશિ અનુસાર ગુરુ દસમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયું કોઈ પણ પ્રકારના નાના રિયલ એસ્ટેટ અને નાણાકીય લેવડ-દેવડ માટે ખૂબ જ શુભ છે. જોકે કોઈ પણ પ્રકારનું મોટું રોકાણ કરવાનું અત્યારે ટાળો અને જો એવું કરવું શક્ય ન હોય તો તમને કોઈ મોટા કે અનુભવી વ્યક્તિની મદદ લીધા પછી જ કોઈ મોટા રોકાણમાં નાણું લગાવવાની સલાહ આપવામાં આવે છે. ચંદ્ર રાશિ અનુસાર રાહુ પાંચમા ભાવમાં સ્થિત હોવાને કારણે, કારકિર્દીની દ્રષ્ટિએ આ સમયગાળા દરમિયાન તમારે કોઈ પણ કામ પછીથી કરવા માટે ન ટાળતા અનાવશ્યક વિલંબ કરવાનું ટાળવું પડશે. કારણ કે તો જ તમે કાર્યક્ષેત્ર પર તમારા સિનિયર્સનો સહયોગ અને પ્રશંસા મેળવી શકશો. આ અઠવાડિયે શિક્ષણના ક્ષેત્રમાં તમારા દ્વારા કરવામાં આવેલી ભૂતકાળની મહેનતનું તમને ઉત્તમ ફળ પ્રાપ્ત થશે. સાથે જ જો તમે ઉચ્ચ શિક્ષણ મેળવવાનું વિચારી રહ્યા છો તો તેના માટે પણ આ સમય વિશેષ સારો રહેશે.



**વૃશ્ચિક - (ન, ય) :-** ચંદ્ર રાશિ અનુસાર રાહુ ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે બધું જ હોવા છતાં તમે પોતાને ભાવનાત્મક રીતે નબળા અનુભવશો. કારણ કે શક્ય છે કે બહારથી ભલે તમે સામાન્ય દેખાવ, પરંતુ અંદરથી તમે તમારા જીવનમાં શું ઈચ્છો છો એ વિચારી-વિચારીને અનિશ્ચિત અને બેચેન રહેશો. ચંદ્ર રાશિ અનુસાર કેતુ દસમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમને ધન લાભ તો થશે, પરંતુ તમે તે ધનથી ખુશ નહીં થાઓ. કારણ કે પ્રાપ્ત થયેલું ધન તમારી અપેક્ષા મુજબ કંઈક ઓછું લાગશે અને આનાથી તમને થોડી નિરાશા પણ થઈ શકે છે. આવી સ્થિતિમાં એ વાત સમજવાની જરૂર રહેશે કે માણસને ગમે તેટલું મળી જાય, તેની ઈચ્છાઓ ઓછી થતી નથી. તેથી તમારે આટલા ધનમાં જ ખુશ રહેતા શીખવાની જરૂર રહેશે. આ અઠવાડિયે ઘર-પરિવારમાં કોઈ પ્રસંગ અથવા શુભ કે માંગલિક કાર્ય સંપન્ન થઈ શકે છે. જેના કારણે તમારા પરિવારમાં ઉત્સવ જેવો માહોલ જોવા મળશે અને આનાથી ઘર-પરિવારના તમામ સભ્યો પ્રસન્ન થશે.



**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** ચંદ્ર રાશિ અનુસાર રાહુ ત્રીજા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે આમ તો તમારા સ્વાસ્થ્યમાં સુધારો સ્પષ્ટ દેખાશે. પરંતુ આમ છતાં તમારે આ દરમિયાન દરેક પ્રકારની લાંબા અંતરની યાત્રાઓ કરવાથી બચવું પડશે અને જો કોઈ યાત્રા જરૂરી હોય તો તમારી મેડિકલ તપાસ કરાવ્યા પછી જ કોઈ યાત્રા પર જાવ. જો નાણાનો એક મોટો હિસ્સો લાંબા સમયથી વળતર કે લોન વગેરેના રૂપમાં ક્યાંક અટવાયેલો હતો, તો ચંદ્ર રાશિ અનુસાર ગુરુ આઠમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે આખરે તમને તે નાણું મળી જશે. કારણ કે આ સમયે ઘણા શુભ ગ્રહોની સ્થિતિ અને દ્રષ્ટિ તમારી રાશિના ઘણા જાતકોને ધન લાભ થવાના યોગ દર્શાવી રહી છે. તમે હંમેશા તમારા વિશે અને તમારી જરૂરિયાતોને લઈને જ ઘણા નિર્ણયો લો છો. પરંતુ આ અઠવાડિયે તમારે તમારા વિશે વધુ ન વિચારતા ઘરના અન્ય સભ્યોની જરૂરિયાતો પર પણ વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર રહેશે. તેથી કોઈ પણ યોજના બનાવતી વખતે તેમની જરૂરિયાતોને નજરઅંદાજ કરવાનું ટાળો. ભાગીદારીમાં કોઈ નવો પ્રોજેક્ટ શરૂ કરવા માટે આ અઠવાડિયું ઉત્તમ રહેવાનું છે. કારણ કે આનાથી તમને અને ભાગીદારને પણ સારો નફો થશે. પરંતુ ભાગીદાર સાથે હાથ મિલાવતા પહેલા સારી રીતે વિચાર કરી લો, નહીંતર ઓછા સંવાદના કારણે તમારા બંને વચ્ચે વિવાદ થઈ શકે છે.



**મકર - (ખ, જ) :-**ચંદ્ર રાશિ અનુસાર કેતુ આઠમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારું મન ક્યાંક ઉદાસ જોવા મળશે, જેના કારણે તમે તમારા લક્ષ્યોને પૂર્ણ કરવા માટે તેને સાચી દિશામાં લગાવવામાં અસમર્થ રહેશો. આમાં તમારે ઝડપથી સુધારો કરવાની જરૂર પડશે, નહીંતર તેની નકારાત્મક અસર તમારા સ્વાસ્થ્યમાં ઘટાડાનું મુખ્ય કારણ બની શકે છે. તેથી તમારા માટે સારું એ જ રહેશે કે તમારી આસપાસના કોઈ સજ્જન પુરુષ સાથે વાતચીત કરો. કારણ કે તેમની દૈવી વાતો તમને સંતોષ આપવાની સાથે તમારો ઢાઢસ બંધાવશે. ચંદ્ર રાશિ અનુસાર રાહુ બીજા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમને આર્થિક જીવનમાં ભાગ્યનો સાથ તો મળશે, પરંતુ તમારે આ દરમિયાન કોઈ પણ રોકાણ કરવું હોય તો પહેલા વાસ્તવિકતાઓનું મૂલ્યાંકન કરી લો અને ત્યાર પછી જ રોકાણ કરો. નહીંતર તમારું નાણું અટવાઈ શકે છે. જો તમે પાર્ટી કરવાનું વિચારી રહ્યા છો તો તમારા નજીકના મિત્રોને બોલાવો. કારણ કે એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. સાથે જ આ અઠવાડિયે તમે કંઈ ખાસ કર્યા વિના સરળતાથી પોતાના પરિવારના લોકોનું ધ્યાન પોતાની તરફ આકર્ષિત કરવામાં પણ સફળ રહેશો. કારકિર્દીમાં ઝડપ પકડવા માટે આ અઠવાડિયે તમે કોઈ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ અપનાવવામાં પણ પાછળ નહીં હટો, પરંતુ એવું કરવું તમને થોડા સમય માટે તો સંતોષ આપશે.



**કુંભ- (ગ, શ, ષ, સ) :-**ચંદ્ર રાશિ અનુસાર રાહુ પ્રથમ ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે કોઈ મહત્વપૂર્ણ કામમાં મળતી સફળતા નજીક હોવા છતાં તમારી ઊર્જાના સ્તરમાં ઘટાડો નોંધાશે. કારણ કે આ સમયે તમે પોતાને ઊર્જાવાન રાખવામાં સક્ષમ નહીં હોવ, અને આના કારણે તમારે કેટલીક સમસ્યાનો પણ સામનો કરવો પડી શકે છે. ચંદ્ર રાશિ અનુસાર ગુરુ છઠ્ઠા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે આર્થિક ધોરણે તમારા જીવનમાં ઘણા સુધારા આવશે. જેના કારણે તમે સરળતાથી ઘણા સમયથી પેન્ડિંગ રહેલા બિલ અને લોન ચૂકવવામાં પોતાને સક્ષમ બનાવશો. જોકે આ દરમિયાન તમારું નાણું કોઈને પણ ઉધાર આપવાનું ટાળો. તમારા બાળકના એવોર્ડ વિતરણ સમારોહનું આમંત્રણ તમારા અને પરિવાર માટે ખુશીની અનુભૂતિ કરાવશે. તે તમારી અપેક્ષાઓ પર ખરો ઉતરશે અને તમે તેના દ્વારા તમારા સપના સાકાર થતા જોશો, જેનાથી તમારી આંખોમાં ભીનાશ સ્પષ્ટ જોઈ શકાશે. નવરાશના સમયમાં કાર્યક્ષેત્ર પર આ અઠવાડિયે તમારા મોબાઈલ પર કોઈ વેબ સિરીઝ જોવી તમારા વરિષ્ઠ અધિકારીઓને નાપસંદ આવી શકે છે. આનાથી તેમની સામે તમારી છબી પણ પ્રભાવિત થશે. તમારું સાપ્તાહિક રાશિફળ એ સંકેત આપે છે કે ઉચ્ચ શિક્ષણ મેળવી રહેલા વિદ્યાર્થીઓ માટે પણ આ સમય વિશેષ સારો રહેશે.



**મીન-(દ, ચ, ઝ, થ) :-** આ અઠવાડિયે તમારે એવી વસ્તુઓ પર કામ કરવાની જરૂર છે જે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવી શકે છે. આ માટે સારો ખોરાક લેતા તમારે ફળો અને લીલા પાંદડાવાળા શાકભાજી ખાવાની જરૂર પડશે. ચંદ્ર રાશિ અનુસાર ગુરુ પાંચમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે જો તમે લાંબા સમય માટે રોકાણ કરશો તો તમે સારો એવો ફાયદો મેળવી શકો છો. જોકે આ માટે તમારે ઘરના વડીલોની સલાહ-સૂચન લીધા પછી જ કોઈ પણ નિર્ણય પર પહોંચવાની જરૂર રહેશે. આ અઠવાડિયે પરિવારના સભ્યોનું તમારા જીવનમાં વિશેષ મહત્વ રહેશે. જેના કારણે તમે તેમના જીવનના ઘણા મહત્વપૂર્ણ નિર્ણયોમાં તેમની સલાહ-સૂચન લેતા જોવા મળશો. સાથે જ તમારામાંથી કેટલાક જાતકો દાગીના કે ઘરગથ્થુ સામાનની ખરીદી પણ કરી શકે છે. ચંદ્ર રાશિ અનુસાર શનિ પ્રથમ ભાવમાં સ્થિત હોવાને કારણે, આ આખા અઠવાડિયા દરમિયાન તમે તમારા વ્યવસાયિક જીવનમાં મહાન સિદ્ધિઓ પ્રાપ્ત કરવામાં સફળ રહેશો. આ ઉપરાંત તમારી રાશિમાં મહત્તમ ગ્રહોની ઉપસ્થિતિ એ પણ દર્શાવે છે કે તમે તમારા કાર્યસ્થળ પર મહેનતુ, પહેલા કરતા વધુ ઉત્પાદક અને કુશળ થઈને ઉભરશો અને તમારું આ કૂટનીતિક અને ચતુર વર્તન તમને મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી સરળતાથી બહાર નીકળવામાં મદદ કરશે, સાથે જ વરિષ્ઠ મેનેજમેન્ટ દ્વારા તમને પ્રશંસા પણ અપાવશે.

# મોંઘવારી : મધ્યમ વર્ગની વાસ્તવિક સમસ્યા

આજના સમયમાં મોંઘવારીએ સામાન્ય નાગરિકના બજેટ અને જીવન ધોરણને સૌથી વધુ અસર કરતો મુદ્દો બન્યો છે. પેટ્રોલ-ડીઝલના ભાવ હોય, શાકભાજી કે કરિયાણું હોય કે પછી શિક્ષણ અને



આરોગ્યનો ખર્ચ – દરેક ક્ષેત્રે વધી રહેલા ભાવે સામાન્ય અને મધ્યમ વર્ગના લોકોનું જીવવું મુશ્કેલ બનાવી દીધું છે.

ભારતમાં વધતી જતી મોંઘવારી અને ફુગાવો, આમ જનતાની સ્થિતિ અને સરકારના વલણ અંગે જાણવું જરૂરી છે.

મોંઘવારી વધવાના પરિબળોમાં મુખ્યત્વે

છેલ્લા કેટલાક સમયથી ભારતીય અર્થતંત્રમાં ફુગાવાનો દર સતત ઉંચો રહ્યો છે. મોંઘવારી વધવા પાછળ કોઈ એક પરિબળ જવાબદાર નથી, પરંતુ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય કારણોનું સંયોજન છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલ (કચા તેલ)ના ભાવમાં અસ્થિરતા અને પુરવઠા શ્રૃંખલામાં વિક્ષેપ.

કૂદરતી આપદાઓ, અતિવૃષ્ટિ કે કમોસમી વરસાદના કારણે પાકને થયેલું નુકસાન, જેનાથી શાકભાજી, કઠોળ અને અનાજના ભાવ આસમાને પહોંચ્યા છે. પેટ્રોલ અને ડીઝલ પરના ટેક્સ અને વૈશ્વિક દબાણને કારણે વહન ખર્ચ વધ્યો છે, જેની સીધી અસર તમામ આવશ્યક વસ્તુઓના ભાવ પર પડી છે.

મોંઘવારીનો સૌથી મોટો ફટકો દેશના ગરીબ અને મધ્યમ વર્ગને પડ્યો છે. ખાસ કરીને ખાદ્યતેલ, દૂધ, એલપીજી ગેસ સિલિન્ડર અને શાકભાજીના ઊંચા દરોને કારણે મધ્યમ વર્ગના પરિવારનું માસિક બજેટ 30% થી 40% સુધી વધી ગયું છે. રોજિંદા ખર્ચમાં વધારો થવાથી લોકોની આવક તે ઝડપે વધી નથી રહી જે ઝડપે મોંઘવારી વધી રહી છે. પરિણામે, લોકોએ પોતાની માસિક બચત વાપરી નાખવી પડે છે અથવા તો ઈમરજન્સી ફંડ ઘટાડવું પડે છે. મોંઘવારી માત્ર ખાવા-પીવા સુધી સીમિત નથી. ખાનગી શાળાઓની ફી અને હોસ્પિટલોના ખર્ચમાં થયેલો ધરખમ વધારો પરિવાર પર વધારાનો આર્થિક બોજ નાખે છે. મોંઘવારી દર કરતાં પગાર વધારાનો દર ઓછો હોવાથી લોકોની ખરીદશક્તિ ઘટી ગઈ છે. ગરીબ વર્ગ માટે સરકાર પાસે કેટલીક કલ્યાણકારી યોજનાઓ અને મફત અનાજની જોગવાઈ છે, જ્યારે ઉચ્ચ વર્ગને આ મોંઘવારીથી ખાસ ફરક પડતો નથી. પરંતુ મધ્યમ વર્ગ આ બંને વચ્ચે પીસાઈ રહ્યો છે:

?મધ્યમ વર્ગને કોઈ મોટી સરકારી સબસિડીનો લાભ મળતો નથી. ?હોમ લોન, ઓટો લોન અને પર્સનલ લોનના વ્યાજદરો ઉંચા હોવાથી ઈએમઆઈનો બોજ સતત વધતો રહે છે.

સરકાર અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા મોંઘવારીને રોકવા માટે વિવિધ નીતિગત પગલાં લઈ રહ્યા છે.

રિઝર્વ બેંક દ્વારા ફુગાવાને નિયંત્રણમાં રાખવા માટે રેપો રેટમાં વધારો કે તેને ઊંચા સ્તરે જાળવી રાખવાની નીતિ અપનાવવામાં આવી છે, જેથી બજારમાં રોકડનો પ્રવાહ ઘટે અને માંગ નિયંત્રિત થાય.

સરકાર દ્વારા ઘઉં, ચોખા કે ખાંડ જેવા આવશ્યક અનાજની સ્થાનિક અછત ન સર્જાય તે માટે નિકાસ પર પ્રતિબંધ કે જકાત લાદવામાં આવે છે. ખાદ્યતેલ અને અન્ય જરૂરી ચીજવસ્તુઓ પર આયાત ડ્યુટી ઘટાડીને ભાવ અંકુશમાં રાખવાનો પ્રયાસ કરાય છે.

ગરીબ કલ્યાણ યોજનાઓ: 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' હેઠળ કરોડો લોકોને મફત અનાજ આપીને અતિ-ગરીબ વર્ગને રાહત આપવાનો પ્રયાસ કરવામાં આવે છે.

વિરોધ પક્ષો અને આર્થિક નિષ્ણાતોનું માનવું છે કે ઈંધણ (પેટ્રોલ-ડીઝલ) પરના એક્સાઈઝ ડ્યુટી અને જીએસટી માળખામાં સુધારો કરીને સામાન્ય જનતાને વધુ સીધી રાહત આપી શકાય તેમ છે. માત્ર વ્યાજદરો વધારવાથી પુરવઠા સંબંધિત મોંઘવારી રોકી શકાતી નથી, તેના માટે ઉત્પાદન વધારવું જરૂરી છે.

**ભારતમાં વધતી મોંઘવારી એ માત્ર એક આંકડાકીય મુદ્દો નથી પણ સામાન્ય માણસના દૈનિક જીવન અને સંઘર્ષ સાથે જોડાયેલી વાસ્તવિકતા છે. સરકારે મોંઘવારી ડામવા માટે માત્ર ટૂંકા ગાળાના પગલાં લેવાને બદલે મધ્યમ વર્ગને રાહત મળે તેવા પગલાં ભરવા આવશ્યક**

**[વાત અને વિચાર]**

ભારતમાં વધતી મોંઘવારી એ માત્ર એક આંકડાકીય મુદ્દો નથી પણ સામાન્ય માણસના દૈનિક જીવન અને સંઘર્ષ સાથે જોડાયેલી વાસ્તવિકતા છે. સરકારે મોંઘવારી ડામવા માટે માત્ર ટૂંકા ગાળાના પગલાં લેવાને બદલે કૃષિ ક્ષેત્રે માળખાકીય સુધારા, લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો અને ઈંધણ પરના કરવેરામાં સંતુલન જાળવવું પડશે. જ્યારે દેશની આર્થિક વૃદ્ધિનો લાભ સામાન્યમાં સામાન્ય માણસના ખિસ્સા સુધી પહોંચે અને તેની ખરીદશક્તિ વધે, ત્યારે જ ખરા અર્થમાં મોંઘવારી સામેનો જંગ જીતી શકાશે.

# ભીંડના સ્નેહલત્તા હત્યા કેસમાં લિવ-ઈન પાર્ટનર સામે જ હત્યાની શંકા





**નર્સિંગ ઓફિસર સ્નેહલતા ૮ ઓક્ટોબરે કાનપુર ગયા ત્યારથી તેનો પત્તો નથી. ગુમ વ્યક્તિનો રિપોર્ટ નોંધાવવા પોલીસ સ્ટેશન ગયેલા તેના લિવ-ઇન પાર્ટનર સત્યપ્રકાશ પર હત્યાનો આરોપ છે. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે લાશને પચનદા નદીમાં ફેંકી દેવામાં આવી હતી.**

**[ક્રાઈમ સ્ટોરી]**

સમય જતાં બે લોકો વચ્ચેના સંબંધમાં એક પરિવારમાં શું શરૂઆત થઈ. તેઓ સાથે રહેવા લાગ્યા, અને તેમના ઘરમાં એક બાળકનું હાસ્ય ગુંજવા લાગ્યું. પરંતુ હવે, આ સંબંધની વાર્તા એક ગંભીર ફોજદારી કેસ બની ગઈ છે. નર્સિંગ ઓફિસર સ્નેહલતા ગુમ છે. તેના પરિવાર અને પરિચિતો માટે સૌથી મોટો પ્રશ્ન એ છે કે તે ક્યાં ગઈ છે? દરમિયાન, પોલીસ તપાસ તે વ્યક્તિ સુધી પહોંચી ગઈ છે જે પોતે ગુમ વ્યક્તિનો રિપોર્ટ નોંધાવવા પોલીસ સ્ટેશન ગયો હતો. સત્યપ્રકાશ, જેને બાદશાહ જાટવ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેના પર સ્નેહલતાની હત્યા કરવાનો આરોપ છે. પોલીસને એ પણ જાણવા મળ્યું છે કે મૃતદેહ કથિત રીતે નદીમાં ફેંકી દેવામાં આવ્યો હતો. તપાસ હવે ભિંડથી ઉત્તર પ્રદેશના પચનદામાં ખસેડવામાં આવી છે.

સત્યપ્રકાશ અને સ્નેહલતા તેમના કોલેજના દિવસોમાં મળ્યા હતા. તેમની વાતચીત ગાઢ બની. ધીમે ધીમે તેમનો સંબંધ લિવ-ઈન રિલેશનશિપમાં પરિણમ્યો. એવું કહેવાય છે કે તેમને એક પુત્ર છે, પરંતુ આ સંબંધ જટિલ કૌટુંબિક પરિસ્થિતિઓથી પણ ભરેલો હતો. સત્યપ્રકાશ પહેલાથી જ પરિણીત હતો. એવું બહાર આવ્યું છે કે તેને અને તેની પત્નીને કોઈ સંતાન નહોતું અને તેઓ વૈવાહિક મતભેદનો સામનો કરી રહ્યા હતા. દરમિયાન, સ્નેહલતા સાથેના તેના સંબંધો આગળ વધ્યા. પોલીસ હવે આ સંબંધની આસપાસની ઘટનાઓ અને હત્યા પાછળના હેતુની તપાસ કરી રહી છે.

૮મી ઓક્ટોબરને આ કેસમાં મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ દિવસે, સત્યપ્રકાશ સ્નેહલતાને ટ્રિપ પર લઈ જવાના બહાને કાનપુર લઈ ગયો હતો. સ્નેહલતાએ એક મિત્રને ફોન પર પણ જાણ કરી હતી કે તે કાનપુર જઈ રહી છે. આ પછી, ઘટનાઓએ એવો વળાંક લીધો કે સ્નેહલતાનો પત્તો લાગ્યો નહીં. તે ક્યાં ગઈ? તેનું શું થયું? શું તે પાછી ફરવાની હતી? આ પ્રશ્નોના જવાબો શોધવાને બદલે, આ કેસને શરૂઆતમાં ગુમ થયેલ વ્યક્તિના કેસ તરીકે ગણવામાં આવ્યો.

આ વાર્તામાં સૌથી મહત્વપૂર્ણ વળાંક ત્યારે આવ્યો જ્યારે સત્યપ્રકાશ પોતે સ્નેહલતાના ગુમ થયાની જાણ કરવા માટે પોલીસ સ્ટેશન ગયા. અહેવાલો અનુસાર, તેમણે પોલીસને અરજી આપી અને ગુમ થયેલ વ્યક્તિનો રિપોર્ટ પણ છાપ્યો. જોકે, જ્યારે પોલીસે કેસની તપાસ શરૂ કરી અને સત્યપ્રકાશની પૂછપરછ કરી, ત્યારે તપાસમાં વળાંક આવ્યો. તેના પર સ્નેહલતાની હત્યા કરવાનો આરોપ મૂકવામાં આવ્યો. પોલીસના જણાવ્યા અનુસાર, પૂછપરછ દરમિયાન એવું બહાર આવ્યું કે સ્નેહલતાની હત્યા પછી, ઉત્તર પ્રદેશના પચનદામાં તેના મૃતદેહને નદીમાં ફેંકી દેવામાં આવ્યો હતો.

સ્નેહલતાના મૃતદેહની શોધ માટે પોલીસની એક ટીમ પચનદા પહોંચી છે. મૃતદેહની શોધખોળ હજુ સુધી થઈ નથી. તપાસકર્તાઓ સામે હવે ઘટનાઓને એકસાથે જોડવાનો, કથિત ઘટનાના સંજોગો સ્પષ્ટ કરવાનો અને ઉપલબ્ધ પુરાવાઓની ચકાસણી કરવાનો પડકાર છે. આ કેસમાં સૌથી મોટો પ્રશ્ન એ છે કે: સ્નેહલતા સાથે ખરેખર શું થયું? શું ગુમ થયેલ વ્યક્તિએ પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો? અને આ સમગ્ર ઘટનાની માસૂમ બાળકીના ભવિષ્ય પર શું અસર પડશે? સ્નેહલતાની શોધ હાલમાં ચાલુ છે.

નદીમાંથી મળેલી કોઈપણ કડી આ રહસ્યને ઉકેલવામાં મહત્વપૂર્ણ બની શકે છે. પોલીસ તપાસ પૂર્ણ થયા પછી અને નક્કર પુરાવા બહાર આવ્યા પછી જ આ કેસનું સંપૂર્ણ સત્ય બહાર આવશે.

આ કેસમાં ૮ ઓક્ટોબરની તારીખ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. આ દિવસે, સત્યપ્રકાશ સ્નેહલતાને પ્રવાસ પર લઈ જવાના બહાને કાનપુર લઈ ગયો હતો. સ્નેહલતાએ એક મિત્રને ફોન પર પણ જાણ કરી હતી કે તે કાનપુર જઈ રહી છે. આ પછી, ઘટનાઓએ એવો વળાંક લીધો કે સ્નેહલતાનો પત્તો જ ન લાગ્યો. તે ક્યાં ગઈ? તેનું શું થયું? શું તે પરત ફરવાની હતી? આ પ્રશ્નોના જવાબો શોધવાને બદલે, શરૂઆતમાં કેસ ગુમ થયેલ વ્યક્તિના કેસ તરીકે નોંધવામાં આવ્યો.

આ વાર્તામાં સૌથી મહત્વપૂર્ણ વળાંક ત્યારે આવ્યો જ્યારે સત્યપ્રકાશ પોતે સ્નેહલતાના ગુમ થયાની જાણ કરવા પોલીસ સ્ટેશન ગયા. અહેવાલો અનુસાર, તેમણે પોલીસમાં અરજી દાખલ કરી અને ગુમ થયેલ વ્યક્તિનો રિપોર્ટ પણ છાપ્યો. જોકે, જ્યારે પોલીસે કેસની તપાસ શરૂ કરી અને સત્યપ્રકાશની પૂછપરછ કરી, ત્યારે તપાસમાં વળાંક આવ્યો. સ્નેહલતાની હત્યાનો આરોપ તેના પર મૂકવામાં આવ્યો. પોલીસના જણાવ્યા અનુસાર, તપાસ દરમિયાન જાણવા મળ્યું કે સ્નેહલતાની હત્યા બાદ, ઉત્તર પ્રદેશના પચનદામાં તેના મૃતદેહને નદીમાં ફેંકી દેવામાં આવ્યો હતો.

# વર્તમાન આંદોલનો કોંગ્રેસ માટે ફળદાયી બનશે?

દિલ્હીનું જંતર મંતર મેદાન આંદોલનકારીઓ માટે સરકાર સામે મોરચો માંડવાનું હાથવગું હથિયાર હતું, હાલમાં દિલ્હી પોલીસે આ મેદાન પ્રદર્શનકારીઓ માટે બંધ કરી દીધું છે. દિલ્હી પોલીસનો આ નિર્ણય કાયદો અને વ્યવસ્થાની સ્થિતિના સંદર્ભમાં છે કે પછી સરકારના રાજકીય હિતમાં તે આવનારો સમય નક્કી કરશે. નીટ પરીક્ષા આંદોલન બાદ હવે ચૂંટણી પંચ વિરુદ્ધ ચળવળ શરૂ થઈ છે. આંદોલનમાં કોંગ્રેસ સહિતના વિરોધપક્ષો પ્રત્યક્ષ કે પરોક્ષરીતે જોડાયા છે. હાલમાં કેન્દ્રની એનડીએ સરકાર અનેક મોરચે ઘેરાયેલી છે, દેશમાં આંદોલનો વધી રહ્યા છે ત્યારે કેન્દ્રમાં છેલ્લા ૧૨ વર્ષથી સત્તાથી વંચિત અને રાજ્યોમાં પણ જનાદેશ ગુમાવતા જતા કોંગ્રેસ પક્ષને આ આંદોલનોથી કોઈ ફાયદો થશે ?

કોંગ્રેસ પાસે સરકારને ઘેરવા માટેના અનેક મુદ્દાઓ છે. ત્યારે

કોંગ્રેસ માટે ફાયદાની તકો પણ વધી છે. કોંગ્રેસ હાલમાં ?જનસમૂહ સાથે સીધો સંવાદ અને જમીની પકડ મજબૂત બનાવવા પ્રયાસરત છે. વિદ્યાર્થીઓ સાથે સંવાદ કાર્યક્રમની સફળતા બાદ આંદોલનો અને પદયાત્રાઓ (જેવી કે 'ભારત જોડો યાત્રા' કે અન્ય વિરોધ પ્રદર્શનો) દ્વારા કોંગ્રેસના નેતૃત્વને સામાન્ય જનતા, ખેડૂતો, યુવાનો અને વંચિત વર્ગોની સમસ્યાઓ સીધી રીતે જાણવાની અને તેમની સાથે જોડાવાની તક મળે છે.

જ્યારે પણ મોંઘવારી, બેરોજગારી, કે કાયદાકીય અસંતોષને લઈને આંદોલન થાય છે, ત્યારે વિરોધ પક્ષ તરીકે કોંગ્રેસ સરકારની નીતિઓ સામે અસંતોષ વ્યક્ત કરનારા મતદારો માટે એક રાજકીય વિકલ્પ તરીકે ઉભરી આવવાનો અવસર મેળવે છે.

આવા વિરોધો દ્વારા કોંગ્રેસ સરકાર પર દબાણ બનાવીને 'એમએસપીની કાયદેસર ગેરંટી', આર્થિક અસમાનતા અને સામાજિક ન્યાય જેવા મુદ્દાઓને રાષ્ટ્રીય એજન્ડાના કેન્દ્રમાં લાવી શકે છે, જે લાંબા ગાળે તેની રાજકીય વિચારધારાને પુનર્જીવિત કરવામાં મદદરૂપ બને છે.

જોકે, ઘણીવાર એવું જોવા મળ્યું છે કે રાષ્ટ્રીય સ્તરે કે મોટા મુદ્દાઓ પર આંદોલન થયા પછી પણ, બૂથ સ્તરે મજબૂત સંગઠનના અભાવે કોંગ્રેસ આ જનઆક્રોશને મતબેંકમાં પરિવર્તિત કરવામાં પાછળ રહી જાય છે.

**રાષ્ટ્રીય સ્તરે કે મોટા મુદ્દાઓ પર આંદોલન થયા પછી પણ, બૂથ સ્તરે મજબૂત સંગઠનના અભાવે કોંગ્રેસ આ જનઆક્રોશને મતબેંકમાં પરિવર્તિત કરવામાં પાછળ રહી જાય છે**

**[રાજકારણ]**

જ્યારે રાજકીય પક્ષો કોઈ સામાજિક કે ખેડૂત આંદોલનને સીધી રીતે હાઈજેક કરવાનો પ્રયાસ કરે છે, ત્યારે ઘણીવાર સામાન્ય જનતા કે અસલી આંદોલનકારીઓ પક્ષથી અંતર જાળવી લે છે. કેટલાક સ્થળોએ આવા વિરોધ પ્રદર્શનો રાજકીય પ્રોજેક્ટ તરીકે ખપવાને કારણે ધાર્યું પરિણામ લાવવામાં નિષ્ફળ પણ સાબિત થયા છે.

આજના સમયમાં માત્ર સરકાર વિરોધી આંદોલનો પર નિર્ભર રહેવાથી કાયમી રાજકીય ફાયદો થતો નથી. મતદારો વિરોધ પ્રદર્શનો કરનાર પક્ષ પાસે સકારાત્મક વિકાસલક્ષી વિઝન અને મજબૂત સ્થાનીય ચહેરાઓની પણ અપેક્ષા રાખે છે, જેની વર્તમાનમાં





અછત વર્તાય છે. તાજેતરના આંદોલનોથી કોંગ્રેસને તાત્કાલિક ધોરણે રાજકીય મુદ્દાઓ ઉઠાવવા અને અવાજ બુલંદ કરવા માટેનું પ્લેટફોર્મ ચોક્કસપણે મળે છે, જેનાથી તેની રાષ્ટ્રીય ઉપસ્થિતિ નોંધાય છે. પરંતુ, જો આ આંદોલનોને મજબૂત સંગઠનાત્મક માળખા અને સ્પષ્ટ વિકલ્પ સાથે જોડવામાં ન આવે, તો માત્ર વિરોધ પ્રદર્શનોથી મોટો અને સ્થાયી રાજકીય ફાયદો મેળવવો મુશ્કેલ બને છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભા | ણે | સ | સા | ત | ચા | જ | કા | ડી | ણિ | ગ | બં |
| ણ | તી | ર | આ | ભ | દ | સ | ઐ | ક | ળ | મ | અ |
| ડો | મ | ગ | પ્રા | મ | ક્રો | ળ | ળ | લી | વિ | વા | કા |
| ઈ | અ | મા | ળ | રો | મ | લી | ર | દ | અ | આ | સા |
| પ્ર | ણિ | ભો | બૂ | સા | ઊ | હિ | શિ | વા | કા | બ | ગ |
| ક | અ | ક્રો | ર | ક | ચી | આ | મા | સ | ઔ | ગ | શિ |
| ફ | ણિ | બૂ | ળ | લ | મો | કા | કુ | ધ | રી | દ | વા |
| સ | શ | ત | ણ | ધ | સા | લ | કા | જી | ક | સા | બ |
| ચી | કા | ણ | ધ | ન | રા | બા | બ | ફ | પ્ર | ગી | કા |
| બૂ | પ્ર | ધ | રો | આ | દ | ક | ર | સા | રી | હિ | દ |
| ક | ઈ | વા | સ | દ | બં | જ | દ | ત | પ્ર | મા | દ |
| બ | રા | બ | ર | બા | દ | બા | કી | આ | શિ | મા | વિ |

શબ્દ શોધો

**પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા**

# સાતમી નવરાત્રીનું મહત્વ : મા કાલરાત્રિની ઉપાસના અને નિર્ભય જીવનનો સંદેશ

નવરાત્રીનો સાતમો દિવસ માનવીને ભયમાંથી મુક્ત થઈને હિંમત, શ્રદ્ધા અને આત્મવિશ્વાસ સાથે જીવન જીવવાની પ્રેરણા આપે છે. આ દિવસે મા દુર્ગાના સાતમા સ્વરૂપ મા કાલરાત્રિની પૂજા કરવામાં આવે છે. માતાજીનું સ્વરૂપ ભલે ઉગ્ર અને ભયંકર દેખાતું હોય, પરંતુ તેમનું હૃદય ભક્તો માટે કરુણા અને કલ્યાણની ભાવનાથી ભરેલું માનવામાં આવે છે. મા કાલરાત્રિ દુષ્ટતાનો નાશ કરનાર, અંધકારને દૂર કરનાર અને ભક્તોને નિર્ભયતા આપનાર દેવી તરીકે પૂજાય છે. આજના સમયમાં જ્યારે માનવી ભવિષ્યની ચિંતા, આર્થિક મુશ્કેલીઓ, માનસિક તણાવ, અસુરક્ષા અને સામાજિક પડકારો વચ્ચે જીવન જીવી રહ્યો છે, ત્યારે સાતમી નવરાત્રીનો સંદેશ વિશેષ મહત્ત્વ ધરાવે છે. આ પર્વ આપણને શીખવે છે કે જીવનમાં અંધકાર ગમે તેટલો ઘેરો હોય, હિંમત, સમજદારી અને સકારાત્મક પ્રયત્નોથી પ્રકાશનો માર્ગ શોધી શકાય છે.

નવરાત્રી ભારતીય સંસ્કૃતિનો એક મહત્ત્વપૂર્ણ ધાર્મિક અને આધ્યાત્મિક ઉત્સવ છે. નવ દિવસ સુધી મા દુર્ગાનાં વિવિધ સ્વરૂપોની ઉપાસના કરવામાં આવે છે. દરેક સ્વરૂપ માનવીને જીવનના જુદા જુદા ગુણોનું મહત્ત્વ સમજાવે છે. નવરાત્રીનો હેતુ માત્ર ધાર્મિક વિધિઓ પૂરી કરવાનો નથી, પરંતુ પોતાના વિચારો, વર્તન અને જીવનશૈલીમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો પણ છે. સાતમા દિવસે મા કાલરાત્રિની આરાધના દ્વારા ભક્તો ભય, અજ્ઞાન, નકારાત્મકતા અને દુર્ગુણો પર વિજય મેળવવાની પ્રેરણા મેળવે છે. આ દિવસ આપણને યાદ અપાવે છે કે સાચી શક્તિ માત્ર બાહ્ય પરિસ્થિતિઓને બદલવામાં જ નહીં, પરંતુ પોતાના મનને મજબૂત બનાવવામાં પણ રહેલી છે.

ધાર્મિક માન્યતા અનુસાર મા કાલરાત્રિ નવદુર્ગાનું સાતમું સ્વરૂપ છે. તેમના નામમાં રહેલો 'કાલ' શબ્દ સમય, મૃત્યુ અને વિનાશના ભાવ સાથે જોડાય છે, જ્યારે 'રાત્રિ' અંધકારનું પ્રતીક છે. આ રીતે મા કાલરાત્રિનું સ્વરૂપ અંધકાર અને દુષ્ટતાનો અંત લાવનારી શક્તિનું પ્રતીક બને છે. તેમને સામાન્ય રીતે શ્યામ વર્ણ, વિખરાયેલા વાળ, ગળામાં વીજળી જેવી ચમક ધરાવતી માળા અને ગર્દભ પર સવાર સ્વરૂપે દર્શાવવામાં આવે છે. તેમની ચાર ભુજાઓમાંથી બેમાં શસ્ત્રો અને અન્ય બેમાં આશીર્વાદ તથા અભય

**આસપાસ ચોપાસ**
સુરેશ ભટ્ટ

આપતી મુદ્રાઓ દર્શાવવામાં આવે છે. આ સ્વરૂપનો સંદેશ એ છે કે વિનાશક શક્તિનો ઉપયોગ પણ જ્યારે ધર્મ અને ન્યાયની રક્ષા માટે થાય છે, ત્યારે તે કલ્યાણકારી બની શકે છે.

મા કાલરાત્રિની કથાઓમાં દુષ્ટ શક્તિઓનો નાશ અને ધર્મની સ્થાપનાનો ભાવ જોવા મળે છે. દેવીમાહાત્મ્યની પરંપરામાં દેવીનું ઉગ્ર સ્વરૂપ દુષ્ટતાનો સામનો કરવા માટે પ્રગટ થતી દિવ્ય શક્તિનું પ્રતીક છે. આ કથાઓને માત્ર પૌરાણિક ઘટના તરીકે જોવાને બદલે જીવનના આંતરિક સંઘર્ષ સાથે પણ જોડી શકાય છે. માનવીના મનમાં ક્રોધ, ઈર્ષ્યા, લોભ, અહંકાર અને દ્વેષ જેવા દુર્ગુણો અંધકાર પેદા કરે છે. જ્યારે તે પોતાની ભૂલોને ઓળખીને સુધારવાનો પ્રયાસ કરે છે, ત્યારે તેના જીવનમાં પ્રકાશ ફેલાય છે. મા કાલરાત્રિની ઉપાસના આપણને પોતાના અંતરમાં રહેલા આવા અંધકાર સામે લડવાની પ્રેરણા આપે છે.

સાતમી નવરાત્રીનું સૌથી મોટું મહત્ત્વ નિર્ભયતાના સંદેશમાં રહેલું છે. ભય માનવીની સ્વાભાવિક લાગણી છે, પરંતુ જ્યારે ભય આપણા નિર્ણયો અને કાર્યક્ષમતાને નિયંત્રિત કરવા લાગે છે, ત્યારે તે પ્રગતિમાં અવરોધ બને છે. કોઈ વ્યક્તિ નિષ્ફળતાના ડરથી નવું કાર્ય શરૂ કરતી નથી, કોઈ પોતાની વાત રજૂ કરવામાં સંકોચ અનુભવે છે, તો કોઈ ભવિષ્યની ચિંતામાં વર્તમાનનો આનંદ ગુમાવી બેસે છે. મા કાલરાત્રિની આરાધના આપણને શીખવે છે કે ભયથી ભાગવાને બદલે તેને સમજવો અને તેનો સામનો કરવો જોઈએ. હિંમતનો અર્થ ભયનો સંપૂર્ણ અભાવ નથી, પરંતુ ભય હોવા છતાં યોગ્ય પગલું ભરવાની ક્ષમતા છે.

આજના સમયમાં માનસિક તણાવ અને ચિંતા અનેક લોકોના જીવનનો ભાગ બની ગયાં છે. વિદ્યાર્થીઓને પરીક્ષા અને કારકિર્દીની ચિંતા સતાવે છે. યુવાનો રોજગાર, આવક અને ભવિષ્ય અંગે અનિશ્ચિતતા અનુભવે છે. પરિવારોમાં આર્થિક જવાબદારીઓ અને સંબંધોની મુશ્કેલીઓ માનસિક શાંતિને અસર કરે છે. આવા સમયે શ્રદ્ધા, પ્રાર્થના, ધ્યાન, યોગ અને નિયમિત જીવનશૈલી મનને સ્થિર કરવામાં મદદરૂપ બની શકે છે. મા કાલરાત્રિની ઉપાસના વ્યક્તિને આંતરિક હિંમત અને આશાનો અનુભવ કરાવી શકે છે. સાથે જ, ગંભીર કે લાંબા સમય સુધી રહેતી માનસિક મુશ્કેલીમાં યોગ્ય નિષ્ણાતની મદદ લેવી પણ જરૂરી છે. પોતાની સમસ્યાનો સ્વીકાર કરવો અને મદદ માગવી એ પણ હિંમતનું જ સ્વરૂપ છે.

મા કાલરાત્રિનું સ્વરૂપ આપણને અન્યાય સામે લડવાનો સંદેશ આપે છે. સમાજમાં ક્યારેક નબળા લોકોનું શોષણ થાય છે, મહિલાઓ સાથે ભેદભાવ



રાખવામાં આવે છે અને નિર્દોષ લોકોને તેમના અધિકારોથી વંચિત રાખવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં મૌન રહેવાને બદલે સત્ય અને ન્યાયનો સાથ આપવો જરૂરી છે. જોકે, અન્યાય સામેનો વિરોધ સમજદારી, કાયદા અને શાંતિપૂર્ણ માર્ગદ્વારા થવો જોઈએ. ક્રોધ કે હિંસા ઘણી વાર સમસ્યાને વધુ જટિલ બનાવે છે.

# વલ્લભીપુરના મહેન્દ્રપુરમ નજીક બોલેરો પીકઅપે બાઈકને ટક્કર મારતા 2ને ઈજા

## કુટુંબી ભાઈઓ સ્પ્લેન્ડર મોટરસાઈકલ લઈને વલ્લભીપુરથી ચમારડી જતા હતા

ભાવનગર,તા.૧૭

ભાવનગર: વલ્લભીપુરથી ચમારડી ગામ તરફ જઈ રહેલા મોટરસાઈકલ સવાર બે વ્યક્તિને મહેન્દ્રપુરમના ગેટ સામે પાછળથી બોલેરો પીકઅપ વાહને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બંને વ્યક્તિને ફ્રેક્ચર સહિતની ઈજાઓ થતાં હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

ફરિયાદ મુજબ, ગત તા. ૧૨ ઓક્ટોબર, ૨૦૨૬ના સાંજે આશરે છ વાગ્યાના અરસામાં ગોવિંદભાઈ લકુમ અને તેમના કુટુંબી ભાઈ કરમશીભાઈ લકુમ સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઈકલ નં. જીજે-૦૪-છઠ્ઠ-૩૭૦૫ લઈને વલ્લભીપુરથી ચમારડી જઈ રહ્યા હતા. દરમિયાન મહેન્દ્રપુરમ પાસે પાછળથી આવેલા બોલેરો પીકઅપ વાહન નં. GJ-04-AW-2677ના ચાલકે પૂરઝડપે અને બેદરકારીથી વાહન ચલાવી મોટરસાઈકલને ટક્કર મારી હતી અને સ્થળ પરથી નાસી ગયો હતો.

અકસ્મતમાં ગોવિંદભાઈને જમણા પગે ફ્રેક્ચર તથા અન્ય ઈજાઓ થઈ હતી, જ્યારે કરમશીભાઈને જમણા હાથ સહિત શરીરના વિવિધ ભાગોમાં ફ્રેક્ચર થતાં ઓપરેશન કરાવવું પડ્યું હતું. બંનેને પ્રથમ કે.પી. હોસ્પિટલ અને ત્યારબાદ બીમ્સ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.અકસમાત કરનાર વાહનની તપાસ દરમિયાન નંબર જાણવા મળતાં બંનેના પરિવારજનોએ વલ્લભીપુર પોલીસ સ્ટેશનમાં વાહનચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

### જીપીસીબીની ટીમ દ્વારા સ્થળ તપાસ કરીને એકમોને લેખિત સૂચનાઓ અપાઈ

# લિગ્નાઈટ માઈન્સમાં પર્યાવરણીય નિયમોના ઉલ્લંઘન મામલે બાડી ગામના રહીશોએ પાઠવી કાનૂની નોટિસ

## પરવાનગી વગર ક્રશિંગ મશીનરી અને પાયરાઈટ રિમૂવલ પ્લાન્ટ ધમધમી રહ્યા હોવાનો આક્ષેપ, કોલસાની ભારે ધૂળ અને પ્રદૂષણથી સ્થાનિકો પરેશાન: ગ્રીન બેલ્ટ કે વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટનો અભાવ

ભાવનગર,તા.૧૭

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકામાં ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ (જીપીસીએલ) સંચાલિત ઘોઘા-સુરકા લિગ્નાઈટ માઈન્સમાં પર્યાવરણીય નિયમોના ગંભીર ઉલ્લંઘનનો મામલો પ્રકાશમાં આવ્યો છે. બાડી ગામના રહીશોએ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી) અને જીપીસીએલના માઈન્સ મેનેજરને કાનૂની નોટિસ પાઠવીને ગેરકાયદે કામગીરી તાત્કાલિક બંધ કરાવવાની ઉગ્ર માંગ કરી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, લિગ્નાઈટ માઈન્સ ખાતે યોગ્ય પર્યાવરણીય મંજૂરી કે જીપીસીબીની પૂર્વ પરવાનગી વગર જ કોલ ક્રશિંગ મશીનરી અને પાયરાઈટ રિમૂવલ પ્લાન્ટ ચલાવવામાં આવી રહ્યા છે. સ્થાનિકોએ માંગ કરી છે કે જ્યાં સુધી વિધિવત નિર્માણ અને પર્યાવરણીય મંજૂરીઓ ન મળે ત્યાં સુધી ખાણકામની આવી તમામ કામગીરી કાયમી ધોરણે બંધ કરી દેવી જોઈએ. કોલ ક્રશિંગ મશીનરી પર પ્રદૂષણ નિયંત્રણની કોઈ જ સિસ્ટમ ન હોવાથી મોટા પ્રમાણમાં કોલસાની ધૂળ ઊડે છે. ખુલ્લામાં રાખેલા કોલસા પર પાણીનો છંટકાવ કરાતો નથી અને કેટલીક જગ્યાએ કોલસો સળગતો પણ જોવા મળ્યો હતો. માલ-સામાન લઈ જતા કન્વેયર બેલ્ટ અને ટ્રકો ખુલ્લી હોવાથી રસ્તા પર ભારે ધૂળ ઊડે છે. ઉપરાંત, નિયમ મુજબ ગ્રીન બેલ્ટ વિકસાવવામાં આવ્યો નથી તેમજ STP કે ETP જેવા લિક્વિડ વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પણ મૂકવામાં આવ્યા નથી.

અગાઉ જીપીસીબીની ૩૧/૧૨/૨૦૨૦ની નોટિસ બાદ જ્યારે આ અંગે આરટીઆઈ હેઠળ માહિતી માંગવામાં આવી, ત્યારે જીપીસીએલ કચેરીએ "માહિતી ઉપલબ્ધ નથી" તેવો પ્રત્યુત્તર આપ્યો હતો, જેના કારણે સ્થાનિકોમાં ગેરકાયદે કામગીરી અંગેની શંકા વધુ દ્રઢ બની હતી. અરજદારોની સતત રજૂઆતોને પગલે અંતે જીપીસીબી ભાવનગરની ટીમે તાજેતરમાં જીપીસીએલ અને એજીઈઝન એકમોની સ્થળ તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન સામે આવેલી ત્રુટિઓ અને ખામીઓ અંગે એકમોને લેખિત સૂચનાઓ આપીને પર્યાવરણીય નિયમો મુજબ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મનપાના આરોગ્ય વિભાગ દ્વારા મીઠાઈ-ફરસાણની દુકાનોમાં ચેકીંગ

## ફરસાણના વેપારી 'છતામલ બસામલ' ને ત્યાં હાથ ધરાયું ચેકીંગ: સેમ્પલ લેવાયા

ભાવનગર,તા.૧૭

દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે લોકો ઉત્સાહ અને ઉમંગ સાથે મીઠાઈ તથા ફરસાણની ખરીદી કરતા હોય છે. આ તહેવારો દરમિયાન બજારમાં ખાદ્યચીજોમાં થતી ભેળસેળને રોકવા માટે ભાવનગર મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા ખાસ ચેકીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

આરોગ્ય વિભાગની ટીમે શહેરના ફરસાણના મોટા વેપારી 'છતામલ બસામલ' ની દુકાને પહોંચીને વિવિધ ફરસાણ અને મીઠાઈના નમૂના મેળવવાની કામગીરી હાથ ધરી હતી. તહેવારોની મોસમમાં નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં ન થાય તે માટે તંત્ર દ્વારા આ પગલાં લેવામાં આવ્યા છે. આ લખાય છે ત્યારે ટિમ હજુ ફિલ્ડમાં છે અને અન્ય વેપારીને ત્યાંથી પણ સેમ્પલ લેવાની શક્યતા છે.



જોકે, સ્થાનિક લોકો અને ગ્રાહકોમાં એ ચર્ચા પણ જગજાહેર છે કે દર વર્ષે તહેવારો દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા માત્ર દેખાડા પૂરતી જ કામગીરી કરવામાં આવે છે અને સેમ્પલના રિપોર્ટ દિવાળી વીતી ગયા બાદ આવતા હોવાથી સામાન્ય જનતા કે ગ્રાહકોને તેનો કોઈ ખાસ ફાયદો કે સાર્થક પરિણામ મળતું નથી.

# ખેડૂતવાસમાં જૂથ અથડામણ મામલે પોલીસે 3 આરોપીઓની ધરપકડ કરી

ભાવનગર,તા.૧૭

ભાવનગર શહેરના ખેડૂતવાસ વિસ્તારમાં થોડા સમય પહેલાં સર્જાયેલી જૂથ અથડામણની ઘટનામાં સામસામી ફરિયાદો નોંધાઈ હતી. આ મામલે એક પક્ષ તરફથી પાંચ આરોપીઓ સામે અને બીજા પક્ષ તરફથી ત્રણ આરોપીઓ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.



આ કેસમાં મનીષભાઈ ઉર્ફે ડોમચો પ્રકાશભાઈ વાઘેલા દ્વારા સુનિલ પ્રવિણભાઈ ભાલીયા, ઈસુ ઉર્ફે ગાંધી પ્રવિણભાઈ ભાલીયા અને પ્રવિણભાઈ ભગવાનભાઈ ભાલીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ ફરિયાદને પગલે પોલીસે આરોપીઓને ઝડપી લેવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા અને ઉપરોક્ત ત્રણેય આરોપીઓની ધરપકડ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**ખેડૂતવાસ વિસ્તારમાં સર્જાયેલી અથડામણમાં નોંધાઈ હતી બે અલગ-અલગ ફરિયાદો**

# ભાવનગર શહેર અને મહુવા પંથકમાં વીજ ચેકિંગ ડ્રાઈવમાં ૪૩ લાખથી વધુની વીજચોરી ઝડપાઈ

## ૩૮ ટીમો દ્વારા ૪૭૩ વીજ કનેક્શનોની ચકાસણી: ૮૨ જોડાણોમાં ગેરરીતિ પકડાતા વીજમીટર ઉતારી લેવાયા

ભાવનગર,તા.૧૭

પીજીવીસીએલ ભાવનગર ડિવિઝન દ્વારા ભાવનગર શહેર ઉપરાંત જિલ્લાના મહુવા પંથકમાં વીજ ચેકિંગ ડ્રાઈવનું વ્યાપક આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલી આ ડ્રાઈવ અંતર્ગત તમામ પ્રકારના વીજ જોડાણોની ચકાસણી કરવામાં આવી રહી છે. આજરોજ પીજીવીસીએલ ભાવનગર સર્કલના મહુવા વિભાગ દ્વારા જી.યુ.વી.એન.એલ.-આઈ.સી. ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પોલીસ બંદોબસ્ત સાથે કુલ ૩૮ ટીમો મેદાને ઉતરી હતી.

આ સઘન કામગીરી દરમિયાન મહુવા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારો જેવા કે જેસર, બગદાણા, ટીટોડીયા, ગળથર, વાવડી, કરમદીયા, મોણપર, શાંતિનગર, છાપરીયાળી, દુધાળા, મોટા ખુંટવડા, ગોરસ સહિતના ગામડાઓમાં તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત ભાવનગર શહેરના કુંભારવાડા, અર્બન સોસાયટી, મોતીતળાવ, ડાયમંડ ચોક, ગાયત્રીનગર, જમનાકુંડ અને ઉલ્હાસનગર સહિતના વિસ્તારોમાં કુલ મળીને ૪૭૩ કનેક્શનો ચકાસવામાં આવ્યા હતા.

હાથ ધરાયેલી આ ચકાસણી દરમિયાન કુલ ૮૨ જોડાણોમાં વીજ ગેરરીતિઓ પકડી પાડવામાં આવી હતી. તંત્ર દ્વારા આ તમામ ગેરકાયદે જોડાણો કાપી નાખીને વીજમીટર ઉતારી લેવામાં આવ્યા હતા અને વીજચોરી આચરનાર કનેક્શન ધારકોને કુલ ?૪૩.૩૯ લાખનો દંડ ફટકારીને કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# સિહોરના મગલાણા ગામે ચારિત્ર્યની શંકાથી કંટાળી જઈ પરણિતાનો આપઘાત: પતિ વિરૂદ્ધ દુષ્પ્રેરણાની ફરિયાદ

## ૨૫ વર્ષના લગ્નજીવન બાદ પતિના અસહ્ય શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને ભરેલું અંતિમ પગલું

ભાવનગર,તા.૧૭

ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના મગલાણા ગામે ચારિત્ર્ય પર શંકા રાખી પતિ દ્વારા અપાતા સતત શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને એક પરણિતાએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાની હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. આ મામલે મૃતકના ભાઈએ સિહોર પોલીસ મથકે પતિ વિરુદ્ધ બહેનને મરવા મજબૂર કરવા અંગેની ગંભીર ગુનાની ફરિયાદ નોંધાવી છે.

સિહોર પોલીસ મથકેથી પ્રાપ્ત વિગતો મુજબ, કચ્છ-ભુજ ખાતે રહેતા અને ટ્રેક્ટર કંપનીમાં સેલ્સમેન તરીકે નોકરી કરતા રાજેન્દ્રસિંહ બચુભા જાડેજાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમની બહેન ધર્મીષ્ઠાબા (ઉ.વ.૪૫) ના લગ્ન આશરે ૨૫ વર્ષ પહેલાં સિહોરના મગલાણા ગામે રહેતા સંજયસિંહ નિરૂભા ગોહિલ સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેમને ૨૨ વર્ષનો એક પુત્ર પણ છે. લગ્નના બે વર્ષ બાદથી જ પતિ સંજયસિંહ અવારનવાર ધર્મીષ્ઠાબા સાથે ગાળાગાળી કરી શારીરિક અને માનસિક ત્રાસ આપતો હતો. અગાઉ પાંચેક વર્ષ પહેલાં પણ પતિના મારઝોડ અને ત્રાસથી કંટાળીને ધર્મીષ્ઠાબા બે મહિના સુધી રિસામણે પિયર ભુજ રહ્યા હતા, બાદમાં વડીલોની સમજાવટથી તેમને પરત મોકલવામાં આવ્યા હતા.

આરોપી પતિ સંજયસિંહ સતત ચારિત્ર્ય પર શંકા રાખી ધર્મીષ્ઠાબાને ઘરમાં કે ગામમાં સગા-સંબંધીના ઘરે પણ જવા દેતો ન હતો. એટલું જ નહીં, પિયર પક્ષમાં કોઈ જાણ ન કરી શકે તે માટે તે મોબાઈલમાં રીચાર્જ પણ કરાવતો નહોતો અને પિયરના સભ્યોના નંબર પણ મોબાઈલમાં બ્લોક કરી દીધા હતા. ઘટનાના ૧૫ દિવસ પહેલાં મૃતકના માતા પ્રસન્નબાએ ધર્મીષ્ઠાબા સાથે વાત કરતાં તેમણે રડતાં-રડતાં જણાવ્યું હતું કે, "પતિ ચારિત્ર્યની શંકા રાખી અસહ્ય ત્રાસ આપે છે, જે હવે સહન થતો નથી." તે સમયે માતાએ તેમને નવરાત્રીનો તહેવાર પૂરો થયા પછી મામલો ઉકેલવાની ખાતરી આપી હતી. પરંતુ તહેવાર પૂરો થાય તે પહેલાં જ ગત તા. ૧૩/૧૦ના રોજ વહેલી સવારે સાસરી પક્ષમાંથી ફોન આવ્યો હતો કે ધર્મીષ્ઠાબાએ રાત્રિના સમયે બેડરૂમમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે.

ઘટનાની જાણ થતાં જ ભાવનગર રહેતા મામા અને પિયર પક્ષના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસ અને ૧૦૮ ને જાણ કરવામાં આવતા મૃતદેહને પીએમ અર્થે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ મામલે મૃતકના ભાઈ રાજેન્દ્રસિંહની ફરિયાદના આધારે સિહોર પોલીસે પતિ સંજયસિંહ નિરૂભા ગોહિલ વિરુદ્ધ ચારિત્ર્યની શંકા રાખી મારઝોડ કરી મરવા મજબૂર કરવાનો ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરમાં સાંજે દિવ્યાંગજનો માટે યોજાશે રાસોત્સવ

ભાવનગર,તા.૧૬

ભાવનગર શહેરના 'પાર્થ યુવા મંડળ' ના ઉપક્રમે નવરાત્રિ મહોત્સવ નિમિત્તે દિવ્યાંગજનો માટે ખાસ રાસ ગરબાના કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ રાસોત્સવને લઈને દિવ્યાંગ ભાઈ-બહેનોમાં ભારે ઉમંગ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

આજે સાંજે ૭:૦૦ કલાકે ભાવનગર પાલિકા પાર્ટી પ્લોટ (મંત્રેશ થી ટોપ થ્રી રિંગ રોડ) ખાતે 'દિવ્યાંગ નવરાત્રિ ૨૦૨૬' મહોત્સવનું એક દિવસ માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે.

આ વિશેષ રાસ ગરબા મહોત્સવમાં ભાવનગર જિલ્લા કલેક્ટર મનીષ બંસલ તેમજ અન્ય અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહીને દિવ્યાંગજનોનો ઉત્સાહ વધારશે અને તેઓને પ્રોત્સાહિત કરશે.

આ મહોત્સવને સફળ બનાવવા માટે પાર્થ યુવા મંડળના પ્રમુખ મેહુલ બુધેલિયા ઉપરાંત મનસુખભાઈ સોલંકી, મૂળજીભાઈ બારૈયા, હરિરાજસિંહ પંચાલ અને મેહુલભાઈ વિસાણી સહિતની ટીમ ભારે જહેમત ઉઠાવી રહી છે.

# કુડાગીરી શિકોતર માતાજીના મંદિરે નવરાત્રીનો હવન યોજાશે

ઘોઘા તાલુકાના કુડા ગામે બિરાજતા મા કુડાગીરી શિકોતર માતાજી મંદિરમાં આસો નવરાત્રી નિમિત્તે પવિત્ર હવન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. મંદિર ટ્રસ્ટ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આગામી તારીખ ૨૦.૧૦.૨૦૨૬, મંગળવારના રોજ નવરાત્રી હવનનું વિધિવત આયોજન થશે. આ ધાર્મિક પ્રસંગે સવારે ૯:૦૦ વાગે હવનનો પ્રારંભ કરવામાં આવશે તેમજ બપોરે ૧:૩૦ વાગે આહુતિ સાથે શ્રીફળ હોમવામાં આવશે. મા કુડાગીરી શિકોતર માતાજી મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા તમામ ધર્મપ્રેમી જનતા તથા શ્રદ્ધાળુઓને આ પવિત્ર હવનમાં ઉપસ્થિત રહી દર્શન અને ધર્મલાભ લેવા માટે ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

અનુ.પાના ૮નું શરૂ...

### માલણકા ગામે જૂની અદાવતમા

બારૈયાએ નરેશભાઈને પકડી રાખીને ગાળો આપી હતી અને ઢીકાપાટુનો માર માર્યો હતો. દરમિયાન લાલજીએ ઉશ્કેરાઈને છરી વડે નરેશભાઈના ડાબા પડખાના ભાગે ઘા ઝીકી દીધો હતો. આ ઉપરાંત બાદમાં મોટરસાઈકલ પર પસાર થતા રસિક જીવરાજભાઈ બારૈયા અને ભાર્ગવ ઉર્ફે છોટુ દિનેશભાઈ બારૈયાએ પણ આવીને નરેશભાઈના ભાઈને જોઈ લેવાની ધમકી આપી હતી.ઘટના બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત નરેશભાઈને ભાવનગર સર ટી. હોસ્પિટલના જૂના બિલ્ડીંગમાં વોર્ડ નંબર ૭ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડાબા પડખાના ભાગે અને ડાબી આંખના ઉપરના ભાગે ટાંકા આવ્યા છે અને હાલ તેમની સારવાર ચાલી રહી છે. વરતેજ પોલીસે હોસ્પિટલ પહોંચીને નરેશભાઈની રૂબરૂ ફરિયાદ નોંધી છે. પોલીસે આ મામલે BNS ની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી. એક્ટની કલમ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરીને આરોપીઓને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

### પાલીતાણામાં મૈત્રી કરારની અદાવતમાં ટેક્સી ડ્રાઈવર

રહીમભાઈ અને ઘનશ્યામભાઈએ વચ્ચે પડીને તેમને બચાવ્યા હતા. હુમલાખોરો જતાં-જતાં જાનથી મારી નાખવાની ધમકી આપીને નાસી છૂટ્યા હતા.ઘટના બાદ ઈજાગ્રસ્ત મજીદભાઈને પ્રથમ પાલીતાણા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં પ્રાથમિક સારવાર બાદ જમણા હાથની આંગળીમાં ફેક્ચર અને માથા તેમજ પગમાં ઈજા હોવાથી વધુ સારવાર અર્થે ભાવનગર સર ટી. હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા હતા. આ બનાવ અંગે પાલીતાણા ટાઉન પોલીસ મથકે આરોપીઓ રેહાન (રહે. મહુવા), નવાજ (રહે. મહુવા), સમીર (રહે. ડુંગર, જી. અમરેલી), રઈસ (રહે. તાતણીયા, તા. જેસર) તથા ચાર અજાણ્યા ઈસમો વિરુદ્ધ મ્હજી ની કલમ ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨), ૧૧૮(૨), ૧૧૭(૨), ૩૫૧(૩) તથા જી.પી. એક્ટની કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## અવસાન નોંધ

**ક્ષત્રિય મરણ (મેઘવદર તાલુકો શિહોર)**

શિવરાજસિંહ હરદેવસિંહ ગોહિલ (ઉંમર વર્ષ ૬૭) તારીખ ૧૫-૧૦-૨૦૨૬ ગુરુવાર ના રોજ જામનગર ખાતે સ્વર્ગવાસી થયેલ છે. તે હરદીપસિંહ અને દેવાંશીબા ના પિતાશ્રી થાય. જગદેવસિંહ, નરેન્દ્ર સિંહ અને યોગેન્દ્રસિંહ ભત્રીજા થાય. કિરણદેવી, રૂપાબા, વિહંગાબા, જયરાજસિંહ, જયવીરસિંહ, વિશ્વજીતસિંહ, મયુરસિંહ અને કશ્યપસિંહના મોટાભાઈ થાય તેમનું મેઘવદર મુકામે બેસવું તારીખ: ૧૯-૧૦-૨૦૨૬ સોમવારે તેમજ જામનગર ખાતે બેસણું ૧૯-૧૦-૨૦૨૬ સોમવારે નિવાસ્થાને ૪ થી ૬ કલાક દરમ્યાન રાખેલ છે. ઉત્તર ક્રિયા તારીખ ૨૬-૧૦-૨૦૨૬ સોમવારના રોજ જામનગર ખાતે નિવાસ્થાને રાખેલ છે.

# કુંભારવાડામાં મોડી રાત્રે જાહેરમાં જુગાર રમતી પાંચ મહિલાઓ ઝડપાઈ

## અક્ષરપાર્ક, ખારીયા હનુમાન મંદિર પાસે જાહેરમાં ગંજીપત્તા વડે જુગાર રમતી મહિલાઓ પર પોલીસનો દરોડો

ભાવનગર,તા.૧૭

ભાવનગર શહેરના બોરતળાવ પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા પ્રોહીબિશન અને જુગારની પ્રવૃત્તિઓ નાબૂદ કરવા માટે હાથ ધરાયેલા નાઈટ પેટ્રોલીંગ દરમિયાન કુંભારવાડા વિસ્તારમાંથી જાહેરમાં જુગાર રમતી પાંચ મહિલાઓને ઝડપી પાડવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, બોરતળાવ પોલીસ સ્ટેશનના પો.કોન્સ. યુવરાજસિંહ ગુલાબસિંહ ગોહીલ તથા પોલીસ સ્ટાફ ખાનગી વાહનમાં રાત્રિ પેટ્રોલીંગમાં હતો. તે દરમિયાન તા. ૧૭/૧૦/૨૦૨૬ના રોજ મોડી રાત્રે કુંભારવાડા સર્કલ પાસે પહોંચતા ખાનગી રાહે બાતમી મળી હતી કે, કુંભારવાડાના અક્ષરપાર્ક, ખારીયા હનુમાન મંદિર પાસે જાહેર જગ્યામાં કેટલાક ઈસમો ભેગા થઈને ગંજીપત્તા વડે હાર-જીતનો જુગાર રમી રહ્યા છે.

આ બાતમીના આધારે પોલીસે બે સ્વતંત્ર પંચોને સાથે રાખીને રાત્રિના સુમારે બાતમીવાળી જગ્યાએ ઓચિંતો દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન જાહેરમાં ગોળ કુંડાળું વળીને હાર-જીતનો જુગાર રમતી પાંચ મહિલાઓ રંગેહાથ પકડાઈ ગઈ હતી. પકડાયેલી મહિલાઓમાં (૧) વીધીબેન અરામજીભાઈ રાઠોડ (ઉ.વ. ૨૧), (૨) પૂજાબેન પ્રતાપભાઈ બારૈયા (ઉ.વ. ૨૫), (૩) ભાવુબેન રવીભાઈ વાઘેલા (ઉ.વ. ૩૫), (૪) લાભુબેન પ્રભાતભાઈ મેર (ઉ.વ. ૩૬) અને (૫) વિનુબેન ઉજમભાઈ તલાવીયા (ઉ.વ. ૪૦, તમામ રહે. અક્ષરપાર્ક, કુંભારવાડા, ભાવનગર) નો સમાવેશ થાય છે.

પોલીસે પટમાંથી ગંજીપત્તાના ૫૨ પાના અને રોકડા રૂ. ૧,૪૦૦ મળી કુલ મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પકડાયેલા તમામ આરોપીઓ મહિલાઓ હોવાથી અને રાત્રિનો સમય હોય, પોલીસે મ્હજીજી ની કલમ ૩૫(૧) મુજબ નોટિસ આપીને તેમને બોરતળાવ પોલીસ સ્ટેશને હાજર થવા સમજ કરી હતી. આ મામલે તમામ પાંચેય મહિલાઓ સામે જુગાર ધારાની કલમ ૧૨ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ રજી નં ૧૪૪/૨૦૨૬**
**મરણ તા.૧૫/૧૦/૨૦૨૪**

**શ્રી મેહબુબભાઈ અબ્દુલભાઈ સૈયદ,**
**રહે. હુસૈની ચોક પાસે, ઇન્દિરાનગર, વરતેજ, ભાવનગર**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રીવરતેજ,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ.વરતેજ,તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે મુત્યુ નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મેહબુબભાઈ અબ્દુલભાઈ સૈયદ, રહે. હુસૈની ચોક પાસે, ઈન્દિરાનગર, વરતેજ,ભાવનગરએ તેમના માતા હલુબેન અબ્દુલભાઈ સૈયદનું મરણ તા.૧૫/૧૦/૨૦૨૪ રોજ વરતેજ મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત કેસ નંબરથી અરજી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૬/૧૦/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ગ્રામ્ય**

# લાયક મતદારોની નોંધણીને વેગ આપવા માટે ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ખાસ સારાંશ સુધારણાની જાહેરાત

## જ્યાં ખાસ સઘન પુનરાવર્તન (SIR) ચાલુ છે અથવા તાજેતરમાં પૂર્ણ થયું છે ત્યાં SSR માટેનું સમયપત્રક પછીથી જાહેર કરવામાં આવશે

નવી દિલ્હી,

કેન્દ્રીય ચૂંટણી પંચે ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ ની કલમ ૨૧ હેઠળ મતદાર યાદીઓનું ખાસ સારાંશ પુનરાવર્તન (SSR) કરવા નિર્દેશ આપ્યો, જેમાં ૧ જાન્યુઆરી, ૨૦૨૭ લાયકાત તારીખ તરીકે છે. નોંધપાત્ર રીતે, ખાસ સારાંશ પુનરાવર્તનનો હેતુ લાયક મતદારો, ખાસ કરીને યુવાન અને પહેલી વાર મતદારોની નોંધણી, હાલની મતદાર યાદીમાં ભૂલો સુધારવા અને મતદાર યાદીઓની ચોકસાઈ સુધારવાનો છે.

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે આ સુધારામાં આંદામાન અને નિકોબાર ટાપુઓ, આસામ, બિહાર, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, કેરળ, લક્ષદ્વીપ, મધ્યપ્રદેશ, મણિપુર, પુડુચેરી, પંજાબ, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થશે. ચૂંટણી પંચે વધુમાં ઉમેર્યું હતું કે જ્યાં ખાસ સઘન પુનરાવર્તન (SIR) ચાલુ છે અથવા તાજેતરમાં પૂર્ણ થયું છે ત્યાં SSR માટેનું સમયપત્રક પછીથી જાહેર કરવામાં આવશે.

ચૂંટણી પંચે તમામ રાજ્યોના મુખ્ય સચિવોને મતદાર યાદી સુધારણા પ્રક્રિયા માટે પૂરતા માનવબળની ખાતરી કરવા જણાવ્યું છે

ચૂંટણી પંચે તમામ રાજ્યોના મુખ્ય સચિવોને નિર્દેશ આપ્યો છે કે મતદાર યાદી સુધારણા પ્રક્રિયામાં સામેલ તમામ અધિકારીઓને - મુખ્ય ચૂંટણી અધિકારી (CEO), જિલ્લા ચૂંટણી અધિકારી (DEO), ચૂંટણી નોંધણી અધિકારી (ERO), સહાયક ચૂંટણી નોંધણી અધિકારી (AERO), BLO સુપરવાઇઝરો અને બૂથ લેવલ અધિકારીઓ (BLO) સહિત, પૂરતા માનવબળ અને સંસાધનો પૂરા પાડવામાં આવે.

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે સંબંધિત વિધાનસભા મતવિસ્તાર માટે ઈઈ ની જવાબદારી રહેશે કે તેઓ ખાતરી કરે કે કોઈ પણ લાયક નાગરિક મતદાર યાદીમાંથી બાકાત ન રહે અને કોઈ અયોગ્ય વ્યક્તિનો સમાવેશ ન થાય.

ચૂંટણી પંચ (EC) દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ, ૨ નવેમ્બર, ૨૦૨૬ સુધીમાં મતદાન મથકોનું તાર્કિકીકરણ અને પુનઃગોઠવણ પૂર્ણ કરવામાં આવશે અને ત્યારબાદ ૧૨ નવેમ્બરે સંકલિત મુસદ્દા મતદાર યાદીઓ (draft electoral rolls) પ્રસિદ્ધ કરવામાં આવશે. આ પછી, મતદારોને ૧૨ નવેમ્બરથી ૧૧ ડિસેમ્બર સુધીનો સમયગાળો આપવામાં આવશે, જે દરમિયાન તેઓ મુસદ્દા મતદાર યાદીઓ અંગે દાવા અને વાંધાઓ રજૂ કરી શકશે. આ દાવાઓ અને વાંધાઓનો નિકાલ ૨૮ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. અંતિમ મતદાર યાદીઓ ૪ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવશે.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૧ ડિસેમ્બરે કેનેડાની બે દિવસીય મુલાકાતે જશે

## કેનેડાના આંતરરાષ્ટ્રીય વેપાર પ્રધાન મનિન્દર સિદ્ધુ હાલમાં ભારતમાં છ દિવસના વેપાર મિશનનું નેતૃત્વ કરી રહ્યા છે

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૧ ડિસેમ્બરે કેનેડાની બે દિવસીય મુલાકાતે જશે. આ પહેલા, તેમણે તેમના કેનેડિયન સમકક્ષ માર્ક કાર્ને સાથે "ફળદાયી" વાતચીત કરી હતી. બંને નેતાઓએ થોડા સમય પછી દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવાનું વચન આપ્યું છે. ભારતીય ઉચ્ચ આયોગે શુક્રવારે પ્રધાનમંત્રી મોદીની આગામી મુલાકાતની જાહેરાત કરી. હાઈ કમિશને જણાવ્યું હતું કે બંને દેશોના નેતાઓ તેમના સંબંધોમાં સકારાત્મક ગતિને આગળ



વધારવા અને વેપાર, ઉર્જા, ટેકનોલોજી, સુરક્ષા અને લોકો વચ્ચેના સંબંધોના ક્ષેત્રોમાં નક્કર પરિણામો પ્રાપ્ત કરવા માટે કામ કરવા સંમત થયા હતા.કેલગરીમાં એક સ્થાનિક રેસ્ટોરન્ટમાં ભીડ સાથે વાત કરતા, કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નેએ પુષ્ટિ આપી હતી કે મોદી ૧૧ અને ૧૨ ડિસેમ્બરે કેનેડાની મુલાકાત લે તેવી અપેક્ષા છે.

બંને નેતાઓ વચ્ચેની બેઠકના એજન્ડામાં વેપાર એક મુખ્ય મુદ્દો છે, કારણ કે યુનાઈટેડ સ્ટેટ્સમાં ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે કેનેડાના તણાવપૂર્ણ સંબંધોએ કાર્નેને તેમના ભાગીદારોનો વિસ્તાર વધારવાની ફરજ પાડી છે. કેનેડાના આંતરરાષ્ટ્રીય વેપાર પ્રધાન મનિન્દર સિદ્ધુ હાલમાં ભારતમાં છ દિવસના વેપાર મિશનનું નેતૃત્વ કરી રહ્યા છે.

# દિલ્હીમાં રામલીલામાં રાવણની સાથે ૩૦ ફૂટ ઊંચા કોકરોચના પૂતળાનું દહન કરવામાં આવશે

## કેશવ રામલીલા સમિતિના નિર્ણયથી વિવાદ થવાની શક્યતા

નવીદિલ્હી,

રાષ્ટ્રીય રાજધાનીમાં રામલીલામાં રાવણ, કુંભકર્ણ અને મેઘનાદના પૂતળાની સાથે ૩૦ ફૂટ ઊંચા વંદોના પૂતળાનું દહન કરવામાં આવશે. આ નિર્ણય શ્રી કેશવ રામલીલા સમિતિ દ્વારા લેવામાં આવ્યો છે, જે પીતમપુરામાં રામલીલાનું આયોજન કરે છે. સમિતિએ સમજાવ્યું કે જંતુ ગંદકીનું પ્રતિનિધિત્વ કરે છે.આ પહેલ 'સ્વચ્છ ભારત' અને 'સ્વચ્છ દિલ્હી' અભિયાનનો એક ભાગ છે. સમિતિના પ્રમુખ અને ભાજપના ધારાસભ્ય અશોક ગોયલે જણાવ્યું હતું કે આ નિર્ણય રાજકીય રીતે પ્રેરિત નથી. તેમણે સમજાવ્યું કે વંદોના પૂતળાને બાળવાનો હેતુ દુષ્ટતા પર સારાની જીત અને સ્વચ્છતાના સંદેશને મજબૂત બનાવવાનો છે. ગોયલે એમ પણ કહ્યું કે રાવણની સેનામાં 'રાક્ષસો'માં 'વંદોનો' સમાવેશ કરવામાં આવશે. આ નિર્ણય વંદોના જનતા પાર્ટીના વિરોધની પૃષ્ઠભૂમિ સામે આવ્યો છે. વંદો જનતા પાર્ટી (સીજેપી) એ અગાઉ ભૂતપૂર્વ શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. જૂન અને જુલાઈમાં, જૂથે એક મહિનાથી વધુ સમય સુધી જંતર-મંતર પર ધરણા કર્યા હતા. ૨૦ જુલાઈના રોજ સંસદ તરફ કૂચ કર્યા પછી પ્રધાનને તેમના મંત્રી પદ પરથી રાજીનામું આપવાની ફરજ પડી હતી.સીજેપી હવે મતદાર યાદીઓના ખાસ સઘન સુધારણામાં કથિત અનિયમિતતાઓને લઈને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી રહ્યા છે.

# ટ્રમ્પની H-1B ગ્રીન કાર્ડ કડક કાર્યવાહીથી ટેક પ્રતિભાઓ યુ.એસમાંથી બહાર થઈ જવાની ભીતિ

## માઈક્રોસોફ્ટના પ્રમુખ બ્રેડ સ્મિથે ટ્રમ્પ વહીવટીતંત્રને ચેતવણી આપી

વોશિંગ્ટન,

માઈક્રોસોફ્ટના પ્રમુખ બ્રેડ સ્મિથે ટ્રમ્પ વહીવટીતંત્રને ચેતવણી આપી છે કે કુશળ ઈમિગ્રન્ટ્સના કાયમી નિવાસ માટેના માર્ગને પ્રતિબંધિત કરવાથી યુએસ ટેકનોલોજી ક્ષેત્ર નબળું પડી શકે છે અને ટોચની પ્રતિભાઓને અન્ય દેશોમાં જવા માટે દબાણ કરી શકાય છે, સરકારે માઈક્રોસોફ્ટ અને સાત અન્ય કંપનીઓને વિદેશી કામદારો માટે ગ્રીન કાર્ડ મેળવવાથી રોકવાના પગલા લીધાના થોડા દિવસો પછી.

પોલિટિકોના ડીકોડેડ સાથેના એક વિશિષ્ટ ઈન્ટરવ્યુમાં, સ્મિથે વાઈસ પ્રેસિડેન્ટ જેડી વાન્સના આરોપોને ફગાવી દીધા હતા કે માઈક્રોસોફ્ટે ૐ-૧મ વિઝા પ્રોગ્રામનો દુરુપયોગ કરીને ઓછા પગાર પર વિદેશી કામદારોને નોકરી પર રાખ્યા હતા. તેમણે દલીલ કરી હતી કે આ કાર્યવાહી અમેરિકાની એન્જિનિયરો અને અન્ય ઉચ્ચ કુશળ વ્યાવસાયિકોને આકર્ષવાની ક્ષમતાને નબળી પાડી શકે છે, ખાસ કરીને કૃત્રિમ બુદ્ધિમત્તામાં."આપણે બધાએ - ઈરાદાપૂર્વક અથવા અજાણતાં અથવા અન્યથા - એવા સંકેતો મોકલવા વિશે ચિંતિત રહેવું જોઈએ જે સૌથી પ્રતિભાશાળી છૈં ચઅથવૃ જૈં સોફ્ટવેર એન્જિનિયરોના આગામી તરંગને યુનાઈટેડ સ્ટેટ્સને બદલે અન્ય દેશોમાં મોકલે છે," સ્મિથે આયર્લેન્ડના ડબલિનમાં આંતરરાષ્ટ્રીય છૈં સમિટ દરમિયાન પોલિટિકોને જણાવ્યું હતું.

તેમની ટિપ્પણી વાન્સે જાહેરાત કરી હતી કે વહીવટીતંત્ર માઈક્રોસોફ્ટ અને સાત અન્ય કંપનીઓને તેમના કુશળ વિદેશી કામદારો માટે ગ્રીન કાર્ડ મેળવવાથી પ્રતિબંધિત કરશે તેના એક અઠવાડિયા કરતાં પણ ઓછા સમયમાં આવી. માઈક્રોસોફ્ટે વિઝા છેતરપિંડીના આરોપોને નકારી કાઢ્યા વેન્સે માઈક્રોસોફ્ટ પર અમેરિકન કામદારોને ઊંચા પગાર પર નોકરી પર રાખવાથી બચવા માટે ૐ-૧મ પ્રોગ્રામનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો. સ્મિથે આરોપોને ફગાવી દીધા, તેમને "સંપૂર્ણપણે બિન-આધારિત" ગણાવ્યા. માઈક્રોસોફ્ટ એક્ઝિક્યુટિવે કહ્યું કે કોઈ વ્યક્તિ વાન્સને કંપનીના રોજગાર અને ઈમિગ્રેશનના આંકડાઓ વિશે સચોટ માહિતી આપવામાં નિષ્ફળ ગયું છે.

# FBI એ ભારતમાંથી છેતરપિંડી કરનાર મનજીત સિંહ બેદીનું પ્રત્યાર્પણ કરાવ્યું

વોશિંગ્ટન,

યુએસ સરકારી યોજનાઓમાં ગેરરીતિના આરોપી મોસ્ટ-વોન્ટેડ છેતરપિંડી કરનારને ભારતમાંથી પ્રત્યાર્પણ કરવામાં આવ્યો છે, એમ ન્યાય વિભાગે જણાવ્યું છે.

ગયા મહિને ભારતમાં ધરપકડ કરાયેલા મનજીત સિંહ બેદીને બુધવારે રાત્રે યુએસ પરત લાવવામાં આવ્યા હતા, એમ કાર્યકારી યુએસ એટર્ની ચાર્લ્સ નીલ ફ્લોયડે જણાવ્યું હતું.

બેદીને શુક્રવારે વોશિંગ્ટન રાજ્યની વેસ્ટર્ન ડિસ્ટ્રિક્ટ કોર્ટ સમક્ષ હાજર કરાશે.

"મનજીત સિંહ બેદીની ધરપકડ અને વાપસી એ ઐતિહાસિક FBIના મોસ્ટ વોન્ટેડ છેતરપિંડી કરનારા કાર્યક્રમ માટે વધુ એક મહત્વપૂર્ણ ક્ષણ છે," FBI ડિરેક્ટર કાશ પટેલે જણાવ્યું હતું.

"બેદીને પરત કરવામાં મદદ કરવા બદલ FBI સિએટલ, તેમજ યુએસ અને ભારતમાં અમારા તેજસ્વી કાયદા અમલીકરણ ભાગીદારોનો આભાર," પટેલે જણાવ્યું હતું.

નીલ ફ્લોયડે જણાવ્યું હતું કે FBI કોર્ટને ટ્રાયલ સુધી બેદીને અટકાયતમાં રાખવા માટે કહેશે કારણ કે તેણે ભાગી જવાની ઈચ્છા અને સાધન દર્શાવ્યું હતું.

બેદી વોશિંગ્ટન રાજ્યના ટાકોમા શહેરમાં એશિયન ગ્રોસરી સ્ટોર નામની એક નાની કરિયાણાની દુકાન ચલાવતા હતા. તેમણે કથિત રીતે જીદ્ર સહભાગીઓને તેમના EBT કાર્ડનો ઉપયોગ કરીને ખોરાક વેચ્યો હતો.

# પુતિન કરતાં યુક્રેનના રાષ્ટ્રપતિ સાથે કામ પાર પાડવું વધુ મુશ્કેલ : ટ્રમ્પ

## ટ્રમ્પે રશિયન ઓઈલ રિફાઈનરીઓ પર યુક્રેન દ્વારા ફરીથી કરવામાં આવેલા હુમલાઓની ટીકા કરી

વોશિંગ્ટન,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક મીડિયા ઈન્ટરવ્યુ દરમિયાન જણાવ્યું હતું કે, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કી "આપણા વ્યવહાર માટે સારા વ્યક્તિ નથી". તેમણે રશિયન ઓઈલ રિફાઈનરીઓ પર યુક્રેન દ્વારા ફરીથી કરવામાં આવેલા હુમલાઓની ટીકા કરી અને તેને "શરમજનક" ગણાવ્યા.

ટ્રમ્પે આ ટિપ્પણીઓ એક મીડિયા ઈન્ટરવ્યુ દરમિયાન કરી હતી, જ્યારે યુક્રેને રશિયાના ઊર્જા લક્ષ્યો પર ફરીથી હુમલા શરૂ કર્યા હતા. ટ્રમ્પે દલીલ કરી હતી કે ઊર્જા માળખાકીય સુવિધાઓ પર મોસ્કોના હુમલા ક્યારેય અટક્યા જ નહોતા.

"હા, મેં એમ જ કહ્યું," ટ્રમ્પે જવાબ આપ્યો. "ઝેલેન્સ્કી આપણા વ્યવહાર માટે સારા વ્યક્તિ નથી."

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેમનો ઝેલેન્સ્કી પરથી વિશ્વાસ ઉઠી ગયો છે, ત્યારે ટ્રમ્પે કહ્યું કે તેમને લાગે છે કે આ યુદ્ધ આખરે કોઈ સમજૂતી સાથે સમાપ્ત થશે, પરંતુ તેમણે દાવો કર્યો કે યુક્રેનના રાષ્ટ્રપતિ કોઈ કરાર કરવા તૈયાર નથી.

"મને લાગે છે કે તેઓ આખરે કોઈ પ્રકારની સમજૂતી પર પહોંચશે," ટ્રમ્પે કહ્યું. "પરંતુ તેઓ ઝેલેન્સ્કી સાથે આવું નહીં કરી શકે. તે સમજૂતી કરવા માંગતા જ નથી. તેઓ કહે છે કે તેઓ સમજૂતી કરવા માંગે છે, પણ હકીકતમાં એવું નથી. ના, હું ઝેલેન્સ્કીનો બહુ મોટો પ્રશંસક નથી. તેમણે તે દેશને બરબાદ કરી નાખ્યો છે."

# સીજેઆઈ પર ટિપ્પણી કરવા બદલ સંજય રાઉત અને નિખિલ વાગલેને સુપ્રીમ કોર્ટે નોટિસ ફટકારી

નવીદિલ્હી,

શિવસેના (યુબીટી) રાજ્યસભા સાંસદ સંજય રાઉત અને પત્રકાર નિખિલ વાગલે સામે ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેપી) વિરુદ્ધ કરેલી ટિપ્પણીઓ પર દાખલ કરાયેલી અવમાનના અરજી પર સુપ્રીમ કોર્ટે નોટિસ ફટકારી છે. સુનાવણી દરમિયાન, કોર્ટે બંનેને આગામી તારીખે વ્યક્તિગત રીતે હાજર રહેવાથી મુક્તિ આપી છે. કોર્ટે ન્યાયતંત્ર વિરુદ્ધની ટિપ્પણીઓને પણ ગંભીરતાથી લીધી, અને કહ્યું કે કોઈપણ સંસ્થા પર આવા હુમલાઓ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે.

સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશને ભારતના મુખ્ય ન્યાયાધીશ વિરુદ્ધ કરેલી ટિપ્પણીઓ પર સંજય રાઉત અને નિખિલ વાગલે સામે અવમાનના અરજી દાખલ કરી. આ અરજી પર સુનાવણી કરતા, સુપ્રીમ કોર્ટે બંને સામે નોટિસ ફટકારી. કોર્ટ આ કેસમાં તેમના નિવેદનો પર વિચાર કરશે. જોકે, આગામી સુનાવણીમાં બંનેને કોર્ટમાં વ્યક્તિગત રીતે હાજર રહેવાથી મુક્તિ આપવામાં આવી છે.

સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે કહ્યું કે કોઈપણ સંસ્થા પર આવા હુમલા અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. આ ટિપ્પણી સંજય રાઉત અને નિખિલ વાગલે દ્વારા ભારતના મુખ્ય ન્યાયાધીશ અંગે કરવામાં આવેલી ટિપ્પણીઓના સંદર્ભમાં આવી છે. કોર્ટે ભાર મૂક્યો હતો કે સંસ્થાઓ પર ટિપ્પણી કરતી વખતે, તેમની ગરિમા અને બંધારણીય ભૂમિકાનું સન્માન કરવું જોઈએ.

# એસઆઈઆર વિશેની અફવાઓનો સામનો કરવા માટે ભાજપ રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ શરૂ કરશે

## ભાજપ વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નો અને આક્ષેપોના જવાબ આપવા માટે જનતા સમક્ષ તથ્યો રજૂ કરશે

નવીદિલ્હી,

વિપક્ષ એસઆઈઆર સામે સતત વિરોધ કરી રહ્યો છે. દરમિયાન, ભારતીય જનતા પાર્ટી આનો સામનો કરવાની તૈયારી કરી રહી છે. ભાજપ આવતા અઠવાડિયે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ શરૂ કરી રહી છે. આ ઝુંબેશનો ઉદ્દેશ્ય મતદાર યાદીના 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' અને ભારતના ચૂંટણી પંચ અંગે કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલા દાવાઓનો સામનો કરવાનો છે, જેને ભાજપ 'ભ્રામક' માને છે.

આ ઝુંબેશ હેઠળ, ભાજપ એસઆઈઆર અને ચૂંટણી પંચની કામગીરી અંગે વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નો અને આક્ષેપોના જવાબ આપવા માટે જનતા સમક્ષ તથ્યો રજૂ કરશે. પક્ષના સાંસદો, ધારાસભ્યો અને અન્ય વરિષ્ઠ નેતાઓને તેમના સંબંધિત મતવિસ્તારોમાં આ ઝુંબેશને લોકો સુધી પહોંચાડવાની જવાબદારી સોંપવામાં આવી શકે છે.

ભાજપના ટોચના સૂત્રોના જણાવ્યા અનુસાર, પક્ષ વિપક્ષના પ્રશ્નો અને આરોપોના જવાબો ધરાવતો ૨૪ પાનાનો વિગતવાર દસ્તાવેજ તૈયાર કરી રહ્યો છે. આ દસ્તાવેજ જનસંપર્ક પ્રવૃત્તિઓ દરમિયાન પક્ષના નેતાઓ અને કાર્યકરો માટે સંદર્ભ સામગ્રી તરીકે કામ કરશે. શક્ય તેટલા વધુ લોકો સુધી પહોંચવા અને આ મુદ્દા પર પક્ષનું વલણ રજૂ કરવા માટે સોશિયલ મીડિયા અને અન્ય સંચાર માધ્યમો દ્વારા પણ આ ઝુંબેશ ચલાવવામાં આવશે.

વિપક્ષના વર્તમાન આરોપોનો જવાબ આપવા ઉપરાંત, ભાજપ એવી ઘટનાઓને પણ પ્રકાશિત કરવાની યોજના ધરાવે છે જેમાં તે આરોપ લગાવે છે કે કોંગ્રેસે સત્તામાં રહીને ચૂંટણી પંચ અને અન્ય સંસ્થાઓનો દુરુપયોગ કર્યો હતો.

# બાંગ્લાદેશ જેવી ઘટનાઓથી પ્રેરિત વિપક્ષ દેશમાં અરાજકતા ફેલાવીને સત્તા મેળવવા માંગે છે, સંરક્ષણ મંત્રી

## રાજનાથ સિંહે વિપક્ષ પર પ્રહાર કરતા કહ્યું કે તેઓ યુવાનોનો પ્યાદા તરીકે ઉપયોગ કરી રહ્યા છે

નવીદિલ્હી,

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે શુક્રવારે એક પ્રેસ કોન્ફરન્સ યોજી. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, તેમણે સત્તા પરિવર્તનનો દાવો કરવા બદલ વિપક્ષ અને ઈન્ડિયા બ્લોક પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે વિપક્ષ અરાજકતા દ્વારા સત્તા મેળવવા માંગે છે. તેઓ યુવાનોમાં અરાજકતા ભડકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેઓ સત્તા પરિવર્તનની વાત કરી રહ્યા છે.



પત્રકાર પરિષદને સંબોધતા સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું, "રાજકીય હિતો માટે ભારતની બંધારણીય સંસ્થાઓનું બલિદાન આપી શકાતું નથી. આ સમજવાની જરૂર છે. ખોટા આક્રોશ, સંસ્થાઓને બદનામ કરવાના પ્રયાસો અને રાજકીય તકવાદ દ્વારા ભારતની વિકાસ યાત્રાને અવરોધી શ૭કાય નહીં. અવરોધક રાજકારણમાં જોડાવાને બદલે, રાહુલ ગાંધીએ જાહેર આદેશનો આદર કરવો જોઈએ અને તેમની રાજકીય ભૂમિકા પર આત્મનિરીક્ષણ કરવું જોઈએ."

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું, "દેશના યુવાનોનો અરાજકતાના રાજકારણમાં પ્યાદા તરીકે ઉપયોગ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. કેટલાક લોકો બાંગ્લાદેશમાં બનેલી ઘટનાઓની જેમ સત્તામાં પરિવર્તન ઈચ્છે છે. તેઓ ખુલ્લેઆમ સ્વીકારે છે કે તેઓ બાંગ્લાદેશની પરિસ્થિતિથી પ્રેરિત છે; જ્યારે અન્ય લોકો બેશરમીથી સરકારને ઉથલાવી પાડવાની માંગ કરી રહ્યા છે.

આ સ્પષ્ટ કરે છે કે તેમનો એકમાત્ર એજન્ડા લોકશાહી સંસ્થાઓનો નાશ કરવાનો અને દેશને આગ લગાડવાનો છે. તેમની લડાઈ ચૂંટણી સુધારા માટે નથી, કે તે જૈંઈ કે જ્ઞાનેશ કુમાર સાથે સંબંધિત નથી. તે દેશના યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે નથી. તેના બદલે, તે દેશમાં અરાજકતા ફેલાવીને સત્તા કબજે કરવાનું કાવતરું છે.

# તમિલનાડુમાં ૧૨૮ સ્થળોએ આરએસએસ પથ સંચલનની પરવાનગી : મદ્રાસ હાઈકોર્ટનો નિર્ણય

## મદ્રાસ હાઈકોર્ટે આરએસએસ પથ સંચલન કેસમાં ચુકાદો આપતાં તમિલનાડુ પોલીસને ઠપકો આપ્યો

ચેન્નાઈ,

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ને તમિલનાડુમાં ૧૨૮ સ્થળોએ પથ સંચલન યોજવાની મંજૂરી આપવામાં આવી છે. મદ્રાસ હાઈકોર્ટે શુક્રવારે આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો. હાઈકોર્ટે તમિલનાડુ પોલીસની ટીકા કરતા કહ્યું કે તેઓએ વારંવાર પરવાનગીનો ઈનકાર કર્યો હતો કારણ કે અદાલતોએ પહેલાથી જ તેને નકારી કાઢી હતી. નોંધનીય છે કે એક દિવસ પહેલા જ હાઈકોર્ટે કહ્યું હતું કે જો આરએસએસ જમ્મુ અને કાશ્મીર જેવા રાજ્યમાં પથ સંચલન યોજી શકે છે, તો તમિલનાડુમાં કેમ નહીં? મદ્રાસ હાઈકોર્ટે આરએસએસ પથ સંચલન કેસમાં ચુકાદો આપતાં તમિલનાડુ પોલીસને ઠપકો આપ્યો હતો.

જસ્ટિસ વી. લક્ષ્મી નારાયણનની સિંગલ બેન્ચે ટિપ્પણી કરી હતી કે તમિલનાડુ પોલીસ વારંવાર એ જ આધાર પર પરવાનગીનો ઈનકાર કરી રહી છે જે આધારો કોર્ટે પહેલાથી જ નકારી કાઢ્યા છે. કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે પોલીસ વહીવટીતંત્રે અરજીઓ નકારવા કરતાં મંજૂરી પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આરએસએસને તમિલનાડુમાં ૧૨૮ સ્થળોએ કૂચ યોજવાની પરવાનગી મળી છે. મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુ પોલીસની દલીલોને ફગાવી દીધી હતી. જસ્ટિસ વી. લક્ષ્મી નારાયણને ટિપ્પણી કરી હતી કે તમિલનાડુ પોલીસે એક મુદ્દો સ્વીકારવો જોઈએ: તેઓએ પરવાનગી નકારવા માટે કોઈ નવા કારણો શોધ્યા નથી. તેઓએ સતત એ જ કારણો આપ્યા છે જે આ કોર્ટે પહેલાથી જ પાયાવિહોણા ગણાવ્યા છે. તેમણે પોલીસને રૂટ, કૂચ અને જાહેર સભા અંગે માહિતી મેળવવા અને સમય અને સ્થળ નક્કી કરવા માટે ૧૯ ઓક્ટોબર સુધીમાં આયોજકો સાથે કામ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

નોંધનીય છે કે પોલીસે ભૂતકાળમાં તમિલનાડુમાં આરએસએસ કૂચ પર આંશિક પ્રતિબંધ મૂક્યો છે. થલાપતિ વિજયની સરકાર આવ્યા પછી પોલીસનું વલણ બદલાશે તેવી આશા હતી. ૩ ઓક્ટોબરના રોજ, આરએસએસએ માર્ચ માટે ૧૮ ઓક્ટોબર, ૨૫ ઓક્ટોબર અને ૧ નવેમ્બરનો પ્રસ્તાવ મૂક્યો હતો. પોલીસે માર્ચના રૂટ પર મસ્જિદની હાજરી, લાઉડસ્પીકર્સનો ઉપયોગ અને ટ્રાફિક જામ જેવા કારણો આપીને તેમની અરજી ફગાવી દીધી હતી. આ પછી, આરએસએસએ મદ્રાસ હાઈકોર્ટનો સંપર્ક કર્યો.

શુક્રવારે ચુકાદો આપતા, ન્યાયાધીશ લક્ષ્મીનારાયણે કહ્યું કે આરએસએસ સાથે સંકળાયેલા અગાઉના કેસોમાં આ આધારો પર પહેલાથી જ વિચારણા કરવામાં આવી છે અને કોર્ટે તેને નકારી કાઢ્યા છે. અગાઉના ચુકાદાઓમાં કહેવામાં આવ્યું છે કે સંગઠનને માર્ચ યોજવાનો અધિકાર છે, જો તે કાનૂની પ્રતિબંધોમાં હોય.

# કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાએ દેશની સુખ-શાંતિ અને પ્રગતિ માટે જગદંબાને કરી પ્રાર્થના





## દિલ્હીથી આવ્યા બાદ નવરાત્રી પ્રવાસનો પ્રારંભ ભંડારિયા બહુચરાજીથી કર્યો, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશની વિકાસ યાત્રા તેજ બને તેવી કામના કરીઃ ભાજપના પદાધિકારીઓ અને અગ્રણીઓ રહ્યા ઉપસ્થિત

ભાવનગર,તા.૧૭

ભાવનગરના સંસદ સભ્ય અને કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયા ગઈકાલે દિલ્હીથી ભાવનગર આવી પહોંચ્યા હતા. ભાવનગર આગમન બાદ તેઓ વિવિધ નવરાત્રી મહોત્સવોમાં સામેલ થઈ મા ભગવતીની આરાધનામાં જોડાયા હતા. શુક્રવારે કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયાએ ભંડારિયા સ્થિત બહુચરાજી મંદિરે શ્રદ્ધાપૂર્વક માથું ટેકવી દેશની સુખ-શાંતિ અને ઉત્તરોત્તર પ્રગતિ માટે મા જગદંબાના ચરણોમાં પ્રાર્થના કરી હતી.

આ તકે તેમણે જણાવ્યું હતું કે, કેન્દ્રમાં યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકારના સુશાસન તળે સમગ્ર દેશભરમાં વિકાસ યાત્રા ઝડપથી આગળ ધપી રહી છે. આ વિકાસ યાત્રા પ્રતિદિન વધુ તેજ બને, માતાજીના આશીર્વાદ બની રહે તેમજ દેશમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ જળવાઈ રહે તે માટે આજે તેમણે મા બહુચરાજી પાસે પ્રાર્થના કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભંડારિયા બહુચરાજી માતાજી પ્રત્યે મંત્રી નિમુબેન બાંભણીયાને અપાર શ્રદ્ધા છે. તેઓ અતિ વ્યસ્તતા વચ્ચે પણ નવરાત્રી દરમિયાન માતાજીના દર્શન અને મહાઆરતીનો લાભ લેવાની પોતાની વર્ષો જૂની પરંપરા ક્યારેય ચૂકતા નથી. દિલ્હીથી આવ્યા બાદ તેમણે સૌ પ્રથમ ભંડારિયા બહુચરાજી મંદિરે શીશ નમાવ્યું હતું અને ત્યારબાદ પોતાના વિસ્તારમાં નવરાત્રી પ્રવાસનો પ્રારંભ કર્યો હતો.

આ ધાર્મિક પ્રસંગે તેમની સાથે ભાવનગર શહેર ભાજપ પ્રમુખ કુમારભાઈ શાહ, પૂર્વ પ્રમુખ અને ગુજરાત નાણાપંચના સદસ્ય અભયસિંહ ચૌહાણ, પૂર્વ મેયર મેહુલ વડોદરિયા, અગ્રણી બિલ્ડર અને ભાવનગર હોટેલ એસોસિએશનના પ્રમુખ કે. કે. સરવૈયા, ભાજપ અગ્રણી ભરતભાઈ મોણપરા, રામદેવસિંહ ગોહિલ, જગદીશ જાજડીયા, અગ્રણી બિલ્ડર અને સેવાભાવી આગેવાન કુલદીપસિંહ ગોહિલ (કે.સી. ભાલ), કોર્પોરેટર પરેશ ચૌહાણ તેમજ શિક્ષણ સમિતિના નવનિયુક્ત સભ્ય ભદ્રેશ બાંભણીયા સહિતના આગેવાનો અને પદાધિકારીઓ જોડાયા હતા અને મહાઆરતીનો લાભ લઈ દિવ્ય અનુભૂતિ કરી હતી.

# જેસરમાં એલસીબીની સર્જિકલ સ્ટ્રાઈક : અયાવેજ-૨ અને જુનાપાદરમાં દરોડા પાડી દારૂની ચાલુ ભઠ્ઠી પકડી, બે ઝડપાયા

## એલસીબી ટીમે ૭૬૦ લીટર આથો અને ૨૫ લીટર દેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો, અયાવેજ-૨ માંથી વાડીમાંથી ૬૪૦ લીટર આથો અને જુનાપાદરમાંથી દેશી દારૂ ગાળવાની ચાલુ ભઠ્ઠી ઝડપાઈઃ એક શખ્સ ફરાર- દેશી દારૂને એફએસએલ માટે મોકલાશે

ભાવનગર,તા.૧૭

ભાવનગર જિલ્લામાં પ્રોહીબિશનની ગેરકાયદે પ્રવૃત્તિઓ સંપૂર્ણપણે નાબૂદ કરવાના ભાગરૂપે એલસીબી પોલીસ ટીમ દ્વારા પાલીતાણા ડિવિઝનના જેસર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સઘન નાઈટ પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ પેટ્રોલીંગ દરમિયાન એલસીબીની જુદી જુદી ટીમોએ બાતમીના આધારે અયાવેજ-૨ અને જુનાપાદર ગામ ખાતે ત્રણેક સ્થળોએ સફળ દરોડા પાડીને દેશી દારૂ, દારૂ બનાવવાનો આથો તથા દારૂ ગાળવાની ચાલુ ભઠ્ઠી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એલસીબી ટીમના પો.કોન્સ. હરપાલસિંહ સરવૈયાની ફરિયાદ મુજબ, સવારના ૦૫:૪૫ વાગ્યાના અરસામાં અયાવેજ-૨ બસ સ્ટેન્ડ પાસે પેટ્રોલીંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે અયાવેજ-૨ ના વાડી વિસ્તારમાં રહેતા નારૂભાઈ ગંભીરભાઈ ગોહિલ (ઉ.વ. ૪૫) ની વાડીમાં દરોડો પાડવામાં આવ્યો હતો. ઝડતી તપાસ દરમિયાન વાડીમાંથી પ્લાસ્ટિકના ૩૨ કેરબા મળી આવ્યા હતા, જેમાં રૂ. ૧૬,૦૦૦ ની કિંમતનો ૬૪૦ લીટર દેશી દારૂ બનાવવાનો ઠંડો આથો ભરેલો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી આરોપી નારૂભાઈ ગોહિલની અટકાયત કરી આથાનો જમીન પર નાશ કર્યો હતો.

બીજા દરોડા અંગે પો.કોન્સ. શૈલેષભાઈ ચાવડાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, સવારે ૦૭:૧૫ વાગ્યે અયાવેજ-૨ ના વાડી વિસ્તારમાં રહેતા લગ્ધીરભાઈ હમીરભાઈ ગોહિલના રહેણાંક મકાને દરોડો પાડવામાં આવ્યો હતો. જોકે રેડ દરમિયાન આરોપી હાજર મળી આવ્યો ન હતો. મકાનની ઝડતી લેતા દરવાજા પાછળથી પ્લાસ્ટિકની ૨૫ કોથળીઓમાં ભરેલો રૂ. ૧,૦૦૦ ની કિંમતનો ૫ લીટર દેશી દારૂ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે ફરાર લગ્ધીરભાઈ ગોહિલ વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.જ્યારે ત્રીજી કાર્યવાહીમાં પો.કોન્સ. રાજુભાઈ વાધેલાની ફરિયાદ અનુસાર, વહેલી સવારે ૦૪:૪૫ વાગ્યે જેસરના જુનાપાદર ગામે બસ સ્ટેન્ડ પાસેથી મળેલી બાતમીના આધારે વનરાજસિંહ ઉર્ફે મુન્નો મેરૂભાઈ ગોહિલ (ઉ.વ. ૩૨) ના રહેણાંક મકાનની પાછળ આવેલા છાપરામાં દરોડો પાડ્યો હતો. જ્યાં આરોપી દેશી દારૂ ગાળવાની ચાલુ ભઠ્ઠી સાથે રંગેહાથ ઝડપાઈ ગયો હતો. પોલીસે સ્થળ પરથી ૧૨૦ લીટર ગરમ-ઠંડો આથો (કિંમત રૂ. ૩,૦૦૦) તથા ૨૦ લીટર દેશી દારૂ (કિંમત રૂ. ૪,૦૦૦) મળી કુલ રૂ. ૭,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને ભઠ્ઠીના સાધનો તોડી પાડી આથાનો નાશ કર્યો હતો.એલસીબી પોલીસે ત્રણેય બનાવોમાં પંચોની હાજરીમાં પંચનામા કરી પકડાયેલા અને ફરાર તમામ આરોપીઓ વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# માલણકા ગામે જૂની અદાવતમાં યુવાન પર છરી વડે હુમલોઃ સામસામે મારામારીની ફરિયાદ

ભાવનગર,તા.૧૭

ભાવનગર જિલ્લાના વરતેજ પોલીસ સ્ટેશન હદંતર્ગત આવતા માલણકા ગામે જૂની અદાવત અને બોલાચાલી બાબતે લોહિયાળ જંગ ખેલાયો હોવાની ઘટના સામે આવી છે. ટાવરની પાછળ હાથીઓવાડો, માલણકા ગામે રહેતા અને હીરામજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા નરેશભાઈ કાનજીભાઈ બારૈયા (ઉ.વ. ૩૫) પર ગામના જ શખ્સો દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવતા તેમને ગંભીર ઈજાઓ સાથે ભાવનગર સર ટી. હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે.

ફરિયાદી નરેશભાઈના જણાવ્યા મુજબ, આજથી સાતેક દિવસ પહેલાં ગામના સ્મશાન પાસે તેમના ભાઈ ભાવેશભાઈ સાથે કોઈ બાબતે ઝઘડો થયો હતો. આ અદાવતને લઈને ગત તા. ૧૫/૧૦/૨૦૨૬ના રોજ રાત્રિના સાડા દસ વાગ્યાના અરસામાં તેમના કાકાના દીકરા સુરેશભાઈએ આવીને જણાવ્યું હતું કે કેટલાક શખ્સો તેમને માર મારવાની ધમકી આપી રહ્યા છે.

આ બાબતે સમજાવવા જતા આરોપીઓ આકાશભાઈ વિક્રમભાઈ બારૈયા, ધ્રુવ ઉર્ફે બકો હિંમતભાઈ બારૈયા અને લાલજી ઉર્ફે બાઠું જીવરાજભાઈ (જુઓ પાનું ૬)≫

**અગાઉના ઝઘડાની બાબતમાં પૂછપરછ કરવા જતા આરોપીઓએ ઢીકાપાટુનો માર મારી છરીનો ઘા ઝીક્યો**

# કરચલીયાપરાના મકાનમાંથી વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપાયો

## બાતમીના આધારે દરોડો પાડી ૩૮૭ વિદેશી દારૂની બોટલો અને ૧૬ બીયરના ટીન સાથે ઘનશ્યામ ઉર્ફે કાળો વાઘેલા ઝડપાયો

ભાવનગર,તા.૧૭

ભાવનગર શહેરના કરચલીયાપરા વિસ્તારમાં પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા બાતમીના આધારે સઘન દરોડો પાડીને વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી મુખ્ય આરોપીની અટકાયત કરી છે અને દારૂનો જથ્થો પૂરો પાડનાર અન્ય એક શખ્સ વિરુદ્ધ પણ ગુનો નોંધ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, પોલીસ સ્ટાફ પોતાના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનગી વાહનોમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન કરચલીયાપરા, આગરીયાવાડના નાકા પાસે પહોંચતા બાતમી મળી હતી કે, કરચલીયાપરા રાંદલમાતાના ચોક પાસે રહેતા ઘનશ્યામ ઉર્ફે કાળો રમણીકભાઈ વાઘેલાએ પોતાના કબ્જા ભોગવટાના મકાનમાં બહારથી વિદેશી દારૂનો જથ્થો લાવીને વેચાણ અર્થે રાખેલ છે.

આ બાતમીના આધારે પંચોને સાથે રાખીને પોલીસે પશ્ચિમ બારના બે માળના મકાનમાં રેડ કરી હતી. તપાસ દરમિયાન મકાનના ઉપરના માળના રૂમમાંથી પ્લાસ્ટિકની થેલીઓમાં ભરેલી ભારતીય બનાવટની વિદેશી દારૂની નાની-મોટી બોટલો અને બીયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે સ્થળ પર હાજર ઘનશ્યામ ઉર્ફે કાળો રમણીકભાઈ વાઘેલા (ઉ.વ. ૩૯) ની કડક પૂછપરછ કરતા કોઈ પાસ-પરમીટ ન હોવાનું જણાયું હતું.મકાનમાંથી બેગપાઈપર વ્હીસ્કીની ૨૮૭ બોટલો (રૂ. ૪૯,૦૭૭), પોલેન્ડ પ્રાઈડ વ્હીસ્કીની ૫૦ બોટલો (રૂ. ૮,૫૫૦), માસ્ટર્સ ડિલાઈટ વ્હીસ્કીની ૪૩ બોટલો (રૂ. ૬,૪૫૦), ઓલ સીઝન્સ વ્હીસ્કીની ૨ બોટલો (રૂ. ૧,૦૧૦), રોયલ ચેલેન્જ વ્હીસ્કીની ૫ બોટલો (રૂ. ૧,૭૫૦), કિંગફિશર બીયરના ૪ ટીન (રૂ. ૭૬૦) અને ટ્યુબર્ગ બીયરના ૧૨ ટીન (રૂ. ૧,૯૨૦) મળી આવ્યા હતા. આમ, કુલ રૂ. ૬૬,૮૩૭ ની કિંમતની ૩૮૭ વિદેશી દારૂની બોટલો અને રૂ. ૨,૬૮૦ ની કિંમતના ૧૬ બીયરના ટીન મળી કુલ રૂ. ૬૯,૫૧૭ નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો.

પકડાયેલા આરોપી ઘનશ્યામની પૂછપરછ દરમિયાન આ દારૂનો જથ્થો સીદસર રહેતા રાજનભાઈ સુરેશભાઈ વાઘેલા પાસેથી લાવ્યો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે પંચનામું પૂરું કરી રાત્રે ૨૦:૩૫ વાગ્યે આરોપી ઘનશ્યામ ઉર્ફે કાળો રમણીકભાઈ વાઘેલાની ધોરણસર અટકાયત કરી છે અને બંને આરોપીઓ વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટની કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬-બી, ૮૧ મુજબ ગુનો નોંધીને આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# નવરાત્રી ઉત્તરાર્ધમાં : ભાવનગરમાં ઠેરઠેર શેરી ગરબાના રાસોત્સવમાં રંગ જામ્યો

## આંબાવાડી સ્વસ્તિક ફ્રેન્ડ્સ ગ્રુપ દ્વારા બહેનો માટે રાસોત્સવ








તસવીર : ધવલ વાજા

આંબાવાડી સ્વસ્તિક ફ્રેન્ડ્સ ગ્રુપ દ્વારા ખાસ માત્ર બહેનો માટે જ એક ભવ્ય જાહેર દાંડિયા રાસ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. નવરાત્રીના પર્વ નિમિત્તે યોજાયેલા આ મહોત્સવમાં બહેનોમાં ભારે ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો હતો. સહભાગી બહેનોએ ઉત્સાહભેર પરંપરાગત વસ્ત્રોમાં સજીધજીને દાંડિયા અને પરંપરાગત ગરબાના તાલે રાસની રમઝટ બોલાવી હતી અને નવરાત્રીના રંગમાં સંપૂર્ણપણે રંગાઈ ગઈ હતી.આ આયોજન પાછળનો મુખ્ય હેતુ મહિલાઓ અને યુવતીઓને આપણી પ્રાચીન સંસ્કૃતિ સાથે જોડવાનો અને તેમને પ્રોત્સાહિત કરવાનો છે. ભવ્ય આયોજનના કારણે સ્થાનિક બહેનોમાં અનેરો આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

# કાળિયાબીડમાં કેસરિયા અને ભગવતી ગ્રુપની નવરાત્રિમાં બહેનોએ કરી રાસની રમઝટ





તસવીર : ધવલ વાજા

ભાવનગર શહેરના કાળિયાબીડ વિસ્તારમાં નવરાત્રિના છઠ્ઠા નોરતે ગરબાનો અદભુત અને રોચક રંગ જામ્યો હતો. કાળિયાબીડમાં આવેલા રામનગર યુવક મંડળ ટ્રસ્ટ કેસરિયા ગ્રુપ અને ભગવતી ગ્રુપ મિત્ર મંડળ દ્વારા આયોજિત ગરબામાં મહિલાઓ અને દીકરીઓએ પરંપરાગત (ટ્રેડિશનલ) વસ્ત્રો ધારણ કરી મન મૂકીને રાસની રમઝટ બોલાવી હતી. આ શેરી ગરબાઓના સફળ આયોજને મોટા પ્રોફેશનલ ગરબા આયોજકોને પણ પાછળ છોડી દીધા છે. કાળિયાબીડ વિસ્તારમાં કેસરિયા ગ્રુપ દ્વારા છેલ્લા ૩૬ વર્ષથી માત્ર બહેનો અને દીકરીઓ માટે જ નવરાત્રિ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. આ ખાસ આયોજનમાં દરરોજ ૧,૫૦૦ થી ૨,૦૦૦ જેટલી મહિલાઓ ઉત્સાહભેર ગરબે ઘૂમે છે. સંસ્થા દ્વારા ઉત્સાહ વધારવા માટે દરરોજ શ્રેષ્ઠ ગરબા રમતી બહેનો અને દીકરીઓને પ્રોત્સાહિત પણ કરવામાં આવે છે. બીજી તરફ, ભગવતી ગ્રુપ મિત્ર મંડળ દ્વારા આયોજિત ગરબામાં પણ મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકોએ પરંપરાગત પોશાકમાં સજીધજીને રાસની રમઝટ બોલાવી હતી. નવરાત્રિના આ પર્વ નિમિત્તે સ્થાનિક સોસાયટીઓ અને સર્કલોને આકર્ષક લાઈટિંગથી ભવ્ય રીતે સુશોભિત કરવામાં આવ્યા છે. પરંપરાગત શેરી ગરબાઓના માધ્યમથી આપણી સંસ્કૃતિનું જતન થતું હોવાથી સ્થાનિક રહેવાસીઓમાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે.

# પાલીતાણામાં મૈત્રી કરારની અદાવતમાં ટેક્સી ડ્રાઈવર પર આઠ શખ્સોનો જીવલેણ હુમલો

## આંગળીમાં ફ્રેક્ચર અને માથામાં ઈજા થતાં સર ટી. હોસ્પિટલ ખસેડાયાઃ પાલીતાણા ટાઉન પોલીસ મથકે ગુનો દાખલ

ભાવનગર,તા.૧૭

ભાવનગર જિલ્લાના પાલીતાણા શહેરમાં મૈત્રી કરાર બાબતની ચાલતી અદાવતમાં રોષે ભરાયેલા શખ્સોએ એક ટેક્સી ડ્રાઈવર પર ફિલ્મીઢબે હુમલો કરી તેને ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ઘટના સામે આવી છે. પાલીતાણાના પચાસ વારીયા વિસ્તાર, કોર્ટની પાછળ રહેતા અને ટેક્સી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા મજીદભાઈ ઓસમાણભાઈ સમા (ઉ.વ. ૩૮) પર આ હુમલો કરવામાં આવ્યો છે.

ફરિયાદી મજીદભાઈના જણાવ્યા મુજબ, તેમના કાકા હારૂનભાઈના દીકરા અસલમે મહુવા ખાતે રહેતા હારૂનભાઈના સાળા રફીકભાઈની દીકરી જસ્મીન સાથે આશરે ૧૦ દિવસ પહેલાં મૈત્રી કરાર કરી તેને પાલીતાણા લાવ્યા હતા. આ બાબતને લઈને રફીકભાઈ અને પરિવારને મનદુઃખ હતું અને તેઓ અવારનવાર ધમકીઓ આપતા હતા. મજીદભાઈએ આ બાબતે સમજાવવાનો પ્રયાસ કરતા તેમની સાથે પણ અદાવત રાખી હતી.

દરમિયાન, આજરોજ સવારના સુમારે મજીદભાઈ પોતાની ઈકો કાર (નંબર જીજે-૦૪-ઝઈ-૧૬૯૨) લઈને પાલીતાણા તળેટી રોડ પર સુખસાગર હોટલની સામે ઊભા હતા, ત્યારે પોણા અગિયારેક વાગ્યાના અરસામાં બે ફોરવ્હીલર ગાડીઓ (ઓરા અને ઈન્ડિકા) ત્યાં આવી હતી. તેમાંથી (૧) રેહાન રફીકભાઈ (લાકડી સાથે), (૨) નવાજભાઈ હનીફભાઈ (ધોકા સાથે), (૩) સમીર સફીભાઈ ગાહા (પાઈપ સાથે), (૪) રઈસ યુનુસભાઈ ગાહા (ધોકા સાથે) તથા અન્ય ચાર અજાણ્યા શખ્સો મળી કુલ ૮ લોકો નીચે ઉતર્યા હતા અને કાંઈ પણ વાતચીત કર્યા વગર મજીદભાઈ પર હુમલો કરી દીધો હતો.

સમીરે લોખંડના પાઈપ વડે માથામાં ફટકો મારતા મજીદભાઈ નીચે પડી ગયા હતા અને તમામ શખ્સોએ તેમને બેરહેમીથી માર માર્યો હતો. આ દરમિયાન ત્યાં હાજર ઈન્દુભા સરવૈયા, હનીફભાઈ (જુઓ પાનું ૬)≫